દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 273 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 November 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૯ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુરત-વાપી વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન દોડશે

## ૧૦૦ કિલોમીટરના અંતરમાં પહેલો ફેરો ઑગસ્ટ ૨૦૨૭માં

નવી દિલ્હી : ભારતની પ્રથમ બુલેટ ટ્રેન ગુજરાતમાં સુરત અને વાપીના ૧૦૦ કિલોમીટરના અંતરમાં દોડશે અને આનો પહેલો ફેરો ઑગસ્ટ ૨૦૨૭માં શક્ય બનશે, એવી માહિતી રેલવેપ્રધાન અશ્વિની વૈષ્ણવે મંગળવારે આપી હતી.

અગાઉ વૈષ્ણવે કહ્યું હતું કે બુલેટ ટ્રેનનો પહેલો ફેરો સુરત અને બીલીમોરાના ૫૦ કિલોમીટરના પટ્ટામાં થશે. દેશમાં સાબરમતી (અમદાવાદ) અને મુંબઈ વચ્ચે ૫૦૮ કિલોમીટરનો હાઈ સ્પીડ કોરિડોર ઊભો કરાશે અને આમાં બુલેટ ટ્રેન એક કલાકદીઠ ૩૨૦ કિલોમીટરની ઝડપે આ અંતર બે કલાક અને ૧૭ મિનિટમાં કાપશે.

આનો શિલાન્યાસ ૨૦૧૭માં નખાયો હતો અને શરૂઆતમાં આખો પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૩ સુધી પૂરો થવાનો હતો. જોકે ભૂમિ અભિગ્રહણ અને બીજી સમસ્યાને લીધે આ મહત્ત્વાંકાક્ષી પ્રકલ્પમાં વિલંબ થયો હતો.

વૈષ્ણવે રેલ ભવનમાં પત્રકારોને કહ્યું હતું કે આ બુલેટ ટ્રેન તેના પહેલા ફેરામાં સુરત અને વાપી વચ્ચેનું ૧૦૦ કિલોમીટરનું અંતર એક કલાક ૫૮ મિનિટમાં કાપશે. આ ટ્રેન ચાર સ્ટેશન પર ઊભી રહેશે. જો ટ્રેન બધી ૧૨ સ્ટેશન પર ઊભી રહે તો આખું અંતર બે કલાક અને ૧૭ મિનિટમા કાપશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં બંધાઈ રહેલા સુરત સ્ટેશનની મુલાકાત લીધી હતી. વૈષ્ણવે કહ્યું હતું કે મોદી બાંધકામની ઝડપ જોઈને ખુશ થયા હતા. મોદીએ કહ્યું હતું કે આ પ્રકલ્પમાં આપણને જે શીખવા મળ્યું એનો ઉપયોગ બીજા હાઈ સ્પીડ પ્રોજેક્ટ અને વિવિધ ક્ષેત્રોમાં કરી શકાશે.

વૈષ્ણવે કહ્યું હતું કે આ એક સંકુલ પ્રોજેક્ટ છે અને તેનો મોટો પડકાર તેની ડિઝાઈન છે. આખો પ્રોજેક્ટ ૨૦૨૯ના અંતમાં તૈયાર થઈ શકશે. જોકે વૈષ્ણવની પ્રતિબદ્ધતા છતાં હજી એ સ્પષ્ટ થયું નથી કે બુલેટ ટ્રેન તેના પ્રથમ રનમાં કયા પ્રકારની ટ્રેન ઓપરેટ કરશે. આ ટ્રેન દેશી બનાવટ કે વિદેશની હશે એ અંગે ખુલાસો કરવામાં આવ્યો નથી. ■

૨૨મો વાર્ષિક TRANSMEDIA ગુજરાતી
સ્ક્રીન ઍન્ડ સ્ટેજ એવૉર્ડ્સ-૨૦૨૪




## આંધ્રમાં નક્સલી કમાન્ડર ઠાર

બસ્તરઃ આંધ્ર પ્રદેશમાં સુકમા એન્કાઉન્ટરમાં ટોચના નક્સલી કમાન્ડર હિડમા અને તેની પત્ની માર્યા ગયાં હતાં, કુલ છ નક્સલીઓ પર ૫૦ લાખ રૂપિયાનું ઇનામ હતું.

છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં ગંભીર રીતે નબળા પડી ગયેલા બળવાખોરોના ગઢનો છેલ્લો કાંગરો હિડમાના મોતથી ખર્યો છે.

છેલ્લા બે દાયકાથી અનેક હુમલાઓનો માસ્ટરમાઇન્ડ રહેલો ટોચનો નક્સલવાદી કમાન્ડર

(જુઓ પાનું ૨) ▸▸

## સોના અને ચાંદીના ભાવમાં મોટો કડાકો

### દિલ્હીમાં સોનું રૂ. ૩,૯૦૦ અને ચાંદી રૂ. ૭,૮૦૦ સસ્તાં થયાં

નવી દિલ્હીઃ યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા આવતા મહિને વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે એવી ધૂંધળી બનેલી શક્યતાઓ વચ્ચે દિલ્હીમાં મંગળવારે સોનાનો ભાવ રૂ. ૩,૯૦૦ ઘટીને પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૨૫,૮૦૦ થઈ ગયો હતો. ઑલ ઈન્ડિયા સરાફ એસોસિયેશનના જણાવ્યાનુસાર ૯૯.૫ ટકા પ્યૂરિટી ધરાવતા સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૩,૯૦૦ ઘટીને ( બધા કરવેરા સહિત) રૂ. ૧,૨૫,૮૦૦ થઈ ગયો હતો.

ચાંદીનાં ભાવ પણ દબાણ હેઠળ હતા અને રૂ. ૭,૮૦૦ ઘટીને પ્રતિ કિલોગ્રામ રૂ. ૧,૫૬,૦૦૦ (બધા કરવેરા સહિત) થઈ ગયા હતા.

દરમિયાન, મુંબઈમાં ચાંદીનો કિલોગ્રામ દીઠ ભાવ રૂ. ૧,૨૨૭ ઘટીને રૂ. ૧,૫૩,૭૦૬, જ્યારે દસ ગ્રામ ૯૯૯ ટચ સોનાનો ભાવ (કરવેરા ગણ્યા વિના) રૂ. ૭૪૪ ઘટીને રૂપિયા ૧,૨૨,૧૮૦ રહ્યો હતો.

રોકાણકારો અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા આ અઠવાડિયે કરવામાં આવનારી યુએસ ઈકોનોમિક ડૅટાની જાહેરાત અને આવતા મહિને વ્યાજદરમાં કરવામાં આવનાર ઘટાડાનાં સંકેતની રાહ જોઈ રહ્યા હોવા વચ્ચે સોના અને ચાંદીનાં ભાવમાં આ ઘટાડો જોવા મળી રહ્યો છે.

છેલ્લાં છ અઠવાડયાનો યુએસ ઈકોનોમિક ડૅટા ઉપલબ્ધ ન હોવાને કારણે તેમ જ ફેડ રિઝર્વના અનેક અધિકારીઓએ કરેલી ટીપ્પણીઓને કારણે ડિસેમ્બરમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે એવી શક્યતા ઓછી છે. રોકાણકારોની નજર હવે બુધવારે જાહેર થનારી ફેડ રિઝર્વની તાજેતરની બેઠકની મિનિટ્સ પર હશે જે વ્યાજદર અંગે વધુ સ્પષ્ટતા લાવશે. (એજન્સી)■

## મોડાસામાં એમ્બ્યુલન્સમાં આગઃ નવજાત અને ડૉક્ટર સહિત ચારનાં મોત

અમદાવાદઃ જિલ્લાના મોડાસા ખાતે રાણા સૈયદ વિસ્તાર નજીક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. મોડાસાની એક ખાનગી હૉસ્પિટલની એમ્બ્યુલન્સમાં ભીષણ આગ લાગતાં તેમાં સવાર એક બાળક અને ડૉક્ટર સહિત ચાર વ્યક્તિનાં મોત નિપજ્યાં હતા. જ્યારે એમ્બ્યુલન્સમાં સવાર અન્ય બે વ્યક્તિઓ પણ ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમણે તાત્કાલિક સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતકોમાં નવજાત બાળક, તેના પિતા જિજ્ઞેશ મોચી (૩૮), ડૉ. શાંતિલાલ રેંટિયા, નર્સ ભુરીબેન માનટ (૨૩)નો સમાવેશ થાય છે.

મહીસાગર જિલ્લાના રહેવાસી જિજ્ઞેશની પત્નીને પ્રસૂતિ માટે મોડાસાની ખાનગી હૉસ્પિટલમાં લાવવામાં આવી હતી. મહિલાએ બાળકને જન્મ આપ્યા બાદ તેની તબિયત ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે એમ્બ્યુલન્સમાં અમદાવાદ લઈ જવામાં આવી આવી રહી હતી. આ દરમિયાન મોડાસા-અમદાવાદ રોડ પર રાણા સૈયદ પેટ્રોલપંપ સામે એમ્બ્યુલન્સમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ દરમિયાન એમ્બ્યુલન્સમાં આગ લાગતા બે મેડિકલ સ્ટાફ અને દર્દી બાળક સહિત કુલ ચારનાં મોત થયાં હતાં. જ્યારે એમ્બ્યુલન્સમાં સવાર અન્ય બે વ્યક્તિઓ પણ ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ એમ્બ્યુલન્સમાં આગ કયા કારણોસર લાગી તે અંગેનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે, મોડાસા ટાઉન પોલીસે આ સમગ્ર ઘટના અંગેની તપાસ હાથ ધરી છે.■

## બૅન્કિંગ કૌભાંડ સંદર્ભે અનિલ અંબાણી પાસે જવાબ માગતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રૂપ (એડીએજી) અને ગ્રૂપની કંપનીઓને સંડોવતા મસમોટા બૅન્કિંગ કૌભાંડને મામલે કોર્ટની દેખરેખ હેઠળ તપાસ યોજવાની માગણી કરતી જનહિતની અરજી અંગે પ્રતિક્રિયા આપવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, સીબીઆઈ, ઈડી, અનિલ અંબાણી અને એડીએજી ગ્રૂપની કંપનીઓને પ્રતિક્રિયા આપવા જણાવ્યું છે.

મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદચંદ્રને અરજકર્તા અને ભૂતપૂર્વ કેન્દ્રીય સચિવ ઈએએસ સર્મા વતી ઉપસ્થિત રહેલા વકીલ પ્રશાંત ભૂષણે કરેલી રજૂઆતની નોંધ લીધી હતી અને ત્રણ અઠવાડિયાની અંદર એ અંગે પ્રતિક્રિયા આપવા જણાવ્યું હતું.

કોર્ટે જનહિતની અરજીની આગામી સુનાવણી માટે ત્રણ અઠવાડિયા બાદની તારીખ મુકરર કરી હતી.

પ્રશાંત ભૂષણે આક્ષેપ કર્યો હતો કે એ તો સ્પષ્ટ જ છે કે તપાસ એજન્સીઓ આ મસમોટા

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હી ધડાકા સંબંધે પચીસ સ્થળે દરોડા




નવી દિલ્હીઃ દિલ્હી લાલ કિલ્લા નજીક કરવામાં આવેલા કાર બૉમ્બ વિસ્ફોટને મામલે તપાસ કરી રહેલી ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મંગળવારે દિલ્હી-એનસીઆરમાં અલ-ફલાહ યુનિવર્સિટીના પ્રમોટર અને ટ્રસ્ટીઓ સહિત વિવિધ પચીસ સ્થળે દરોડા પાડ્યા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ઈડીની વિવિધ ટીમે મંગળવારે વહેલી સવારે ૫:૧૫ વાગ્યાથી અલ-ફલાહ યુનિવર્સિટીના પ્રમોટર અને ટ્રસ્ટીઓ સહિત વિવિધ પચીસ સ્થળે એક સાથે દરોડા પાડ્યા હતા.

દિલ્હીના ઓખલા વિસ્તારને પોલીસ અને સુરક્ષા દળે ઘેરી લીધા બાદ દિલ્હીસ્થિત ઑફિસો પર પણ ઈડીની ટીમે દરોડા પાડ્યા હતા.

દિલ્હી લાલ કિલ્લા નજીક ૧૦મી નવેમ્બરે કરવામાં આવેલા કાર બૉમ્બ વિસ્ફોટમાં ૧૫ જણનાં મોત થયાં હતાં. ઘટના સાથે સંકળાયેલા યુનિવર્સિટી અને કાશ્મીરસ્થિત ડૉક્ટરો આતંકવાદવિરોધી એજન્સીઓની તપાસના દાયરામાં છે.

ઈડીના અધિકારીઓના જણાવ્યાનુસાર ઘટનાને મામલે આચરવામાં આવેલી નાણાકીય ગેરરિતિ, બનાવટી કંપનીઓનો ઉપયોગ, મની લૉન્ડરિંગ અને

(જુઓ પાનું ૨) ▸▸

## બાંગ્લાદેશમાં હિંસા, બે લોકોનાં મોત

ઢાકા : બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાને ફાંસીની સજા ફટકારવામાં આવ્યા બાદ બાંગ્લાદેશમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. અવામી લીગના સમર્થકો અને અન્ય પક્ષના સમર્થકો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. અવામી લીગના વિરોધીઓએ ઢાકામાં અનેક હાઇવે બ્લોક કર્યા હતા અને અનેક સ્થળોએ પોલીસ અને વિરોધીઓ વચ્ચે અથડામણ થઈ હતી. બાંગ્લાદેશી મીડિયા અનુસાર, પોલીસે વિરોધીઓને વિખેરવા માટે લાઠીચાર્જ, લાઉડસ્પીકર અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. હિંસામાં બે લોકો માર્યા ગયાં હતાં. બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલે સોમવારે શેખ હસીનાને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ગયા વર્ષે જૂલાઈમાં વિદ્યાર્થી બળવાને દબાવવા માટે કરવામાં આવેલી હિંસા માટે તેમને માનવતા વિરુદ્ધના ગુનાઓમાં દોષિત ઠેરવવામાં આવ્યાં છે.

સોમવારે સજા સંભળાવવામાં આવે તે પહેલાં જ શેખ હસીનાના પ્રતિબંધિત પક્ષ

(જુઓ પાનું ૨) ▸▸

## ઓનલાઈન બૅટિંગ ઍપ્સની ૧૧ ઑફિસ પર દરોડા

નવી દિલ્હીઃ મની લૉન્ડરિંગ સંબંધિત ચાલી રહેલી તપાસના ભાગરૂપ ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મંગળવારે ઑનલાઈન ગૅમિંગ પ્લેટફોર્મ વિન્ઝો અને ગૅમ્સક્રાફ્ટ ઍપ્સની ૧૧ ઑફિસ પર દરોડા પાડ્યા હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

બેંગલૂરુસ્થિત પાંચ, દિલ્હીની ચાર અને ગુરુગ્રામ (હરિયાણા) સહિતની કુલ ૧૧ ઑફિસ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

ઈડીના સૂત્રોના જણાવ્યાનુસાર વિન્ઝો અને ગૅમક્રાફ્ટ

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીની પાંચ કોર્ટ અને બે સ્કૂલને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી

નવી દિલ્હીઃ દિલ્હીમાં મંગળવારે ત્રણ મુખ્ય જિલ્લા કોર્ટ સાકેત, પટિયાલા હાઉસ અને દ્વારકા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઈમેલ ધમકી મારફતે આપવામાં આવી હતી. તે સિવાય સીઆરપીએફની બે સ્કૂલમાં પણ બોમ્બ હોવાની ધમકી મળી હતી. ધમકી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓએ તાત્કાલિક કાર્યવાહી કરી અને કોર્ટ પરિસર ખાલી કરાવ્યું હતું. તમામ ન્યાયાધીશો, વકીલો, સ્ટાફ અને હાજર લોકોને તાત્કાલિક ઇમારતોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે ઘટનાની જાણ થતા બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, સ્થાનિક પોલીસ અને ડોગ સ્ક્વોડની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને સમગ્ર પરિસરની સઘન તપાસ શરૂ કરી હતી. પટિયાલા હાઉસ કોર્ટમાં ખાસ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યાં એનઆઈએ આરોપી જસીર બિલાલ ઉર્ફે દાનિશના હાજર થવાના થોડા સમય

(જુઓ પાનું ૨) ▸▸



**પૂજાઃ**
મલયાલમ મહિના ‘વૃચિકમ’ દરમિયાન મંગળવારે કેરળના પાથાનામથિટ્ટા જિલ્લામાં સબરીમાલા મંદિરમાં પૂજા-પ્રાર્થના માટે એકઠી થયેલી લોકોની ભીડ. (એજન્સી)

## સત્ય સાંઈ બાબાના શતાબ્દી સમારોહમાં મોદી હાજર રહેશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે આંધ્ર પ્રદેશના પુટ્ટપર્થી ખાતે સ્વર્ગસ્થ આધ્યાત્મિક નેતા સત્ય સાંઈ બાબાના શતાબ્દી સમારોહમાં ભાગ લેશે.

તેઓ પુટ્ટપર્થી ખાતે સત્ય સાંઈ બાબાના મંદિર અને 'મહાસમાધિ'ની પણ મુલાકાત લેશે. આ પ્રસંગે, તેઓ સત્ય સાંઈ બાબાના જીવન, ઉપદેશો અને કાયમી વારસાને માન આપતો એક સ્મારક સિક્કો અને સ્ટેમ્પનો સેટ બહાર પાડશે, એમ પીએમઓ દ્વારા જાહેર કરાયેલ એક નિવેદનમાં જણાવાયું છે. કાર્યક્રમ દરમિયાન તેઓ સભાને પણ સંબોધિત કરશે.

બાદમાં, તેઓ કોઈમ્બતુર જશે, જ્યાં તેઓ દક્ષિણ ભારત કુદરતી ખેતી સમિટનું ઉદ્ઘાટન કરશે. કાર્યક્રમ દરમિયાન, તેઓ પીએમ-કિસાનનો ૨૧મો હપ્તો બહાર પાડશે, જે દેશભરના નવ કરોડ ખેડૂતોને ટેકો આપવા માટે રૂ. ૧૮૦૦૦ કરોડથી વધુનો છે.

તેઓ આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે. ૧૯-૨૧ નવેમ્બર દરમિયાન દક્ષિણ ભારત કુદરતી ખેતી સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ■

## પુડુચેરીમાં ભારે વરસાદ

પુડુચેરી : સોમવાર રાતથી પડી રહેલા અનરાધાર વરસાદને લીધે પુડલચેરી અને કરાઈકલ વિસ્તારોમાં જનજીવન ખોરવાયું હતું. રાજ્યના ગૃહપ્રધાન એ. નમાસીવયમે મંગળવારે સ્કૂલ અને કૉલેજોમાં રજાની ઘોષણા કરી હતી. પુડુચેરીમાં નીચાણવાળાં વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. (એજન્સી)■

## વૈષ્ણોદેવીની સુરક્ષા વધારાઈ

### પ્રસાદ, નારિયેળ, કેમેરા લઈ જવા પર પ્રતિબંધ

*સુરેશ ડુગ્ગર*

જમ્મુ : દિલ્હીમાં તાજેતરમાં થયેલા કાર બ્લાસ્ટ બાદ વૈષ્ણોદેવી તીર્થસ્થળની સુરક્ષા વ્યવસ્થા ફરી ચર્ચામાં આવી છે. અધિકારી કહે છે કે આ તીર્થધામ પર પણ આતંકવાદી હુમલો થાય એવું જોખમ છે એટલે એ ચર્ચામાં આવ્યું છે. સુરક્ષા એજન્સી સાબદી તો થઈ છે, પરંતુ સુરક્ષા વ્યવસ્થામાં જે છીડાં છે એને લીધે ખતરો બરકરાર છે. હાલમાં તો વધારે જવાનની તહેનાતી કરીને ફરજની બ જાવણી કરવામાં આવી છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે હાલમાં કોઈ આતંકવાદી સંગઠને હુમલાની ધમકી આપી નથી. જોકે ભૂતકાળમાં આતંકવાદી જૂથ આ તીર્થધામ પર હુમલો કરવાની ધમકી આપતા હતા. અધિકારી માને છે કે પંજાબના આતંકવાદી કાશ્મીરમાં સક્રિય વિદેશી આતંકવાદીઓ સાથે મળીને જમ્મુમાં આતંકવાદી ઘટનાઓને અંજામ દેવા સતત પ્રયત્નશીલ હોય છે. આ જ કારણથી આ તીર્થધામની સુરક્ષાની બાબત ગંભીરતાથી લેવામાં આવે છે. તાજેતરના દિલ્હીના બૉમ્બબ્લાસ્ટને

(જુઓ પાનું ૨) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બિહારમાં હાર, કૉંગ્રેસનું 'નાચ ના જાને આંગન ટેઢા'

**બિહાર** વિધાનસભાની ચૂંટણીમાં ભૂંડી રીતે હારી ગયેલી કૉંગ્રેસે ફરી 'નાચ ના જાને આંગન ટેઢા'વો ખેલ શરૂ કરી દીધો છે. કૉંગ્રેસ પાસ મતદારોને આકર્ષવા માટે કશું નથી પણ આ વાતનો સ્વીકાર કરવામાં કૉંગ્રેસીઓને નાનમ લાગે છે એટલે ક્યાંય પણ હાર થાય એટલે ચૂંટણી પંચ પર આક્ષેપો કરીને એકદમ ઉઘાડ કાઢીને ઉભા રહી જાય છે. બિહારની ચૂંટણીમાં હાર પછી કૉંગ્રેસે એ જ ધંધો માંડ્યો છે. કૉંગ્રેસે પહેલાં વધારાના ૩ લાખ મત ક્યાંથી આવી ગયા એવો વાંધો ઉઠાવેલો પણ ચૂંટણી પંચે આ દાવાની હવા કાઢી નાંખી એટલે કૉંગ્રેસના દિગ્વિજયસિંહે દાવો કર્યો છે કે, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન્સ (ઊટખ)માં ઘાલમેલ અને મતદાર યાદીઓમાં ચેડાં કરીને ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ જીત મેળવી છે. મજાની વાત એ છે કે, મહાકૌભાંડી એવા નહેરુ-ગાંધી ખાનદાનના જમાઈરાજ રોબર્ટ વાડરાએ દિગ્વિજયસિંહની વાતમાં સૂર પુરાવીને બિહારમાં નવેસરથી ચૂંટણીની સાવ હાસ્યાસ્પદ માગ કરી નાખી છે.

દિગ્વિજયસિંહ સાવ પતી ગયેલી પાર્ટી છે અને રાજકીય રીતે એ હદે નાદાર થઈ ગયા છે કે, વિધાનસભાની ચૂંટણી પણ જીતી શકતા નથી પણ નહેરૂ-ગાંધી ખાનદાનની મહેરબાનીથી રાજ્યસભાના સાંસદ છે. આ દિગ્વિજય સિંહે બિહારનાં પરિણામોની સરખામણી ઉત્તર કોરિયા, રશિયા અને ચીનની ચૂંટણીઓ સાથે કરીને જ્ઞાન પણ પિરસ્યું છે કે, એક જ મોરચાની તરફેણમાં આવેલા પરિણામો શંકા પેદા કરે છે. દિગ્વિજયની કોમેન્ટ ભારતની લોકશાહીના ઘોર અપમાન સમાન છે કેમ કે ઉત્તર કોરિયા, રશિયા અને ચીનની જેમ ભારતમાં ચૂંટણી નથી થતી પણ નિયમો અને ધારાધોરણોને આધારે થાય છે.

ચીનમાં કિમ ઉન જોંગની તાનાશાહીના કારણે ફારસરૂપ ચૂંટણી થાય છે. કિમ ઉન જોંગની પાર્ટીના ઉમેદવારો સામે કોઈ મેદાનમાં જ હોતું નથી. કોઈ પ્રચાર નથી થતો કે લોકોને પોતાની રીતે મત આપવાની છૂટ પણ નથી હોતી. ભારતમાં એ રીતે ચૂંટણી થાય છે? બિલકુલ નહીં. બિહારમાં પચીસ પક્ષોના ઉમેદવાર મેદાનમાં હતા ને જોરદાર જંગ થયો હતો. બિહારમાં ભાજપ અને જેડીયુએ કર્યો હતો એવો જ ઉગ્ર પ્રચાર આરજેડી અને કોંગ્રેસે કર્યો હતો પછી કઈ રીતે આ ચૂંટણીને ઉત્તર કોરીયાની ચૂંટણી સાથે સરખાવી શકાય ? રશિયામાં વ્લાદીમીર પુતિન ચૂંટણીના નામે નાટક કરે છે એ સાચું છે. પુતિન સામે પડનારાંને કાં જેલમાં ધકેલી દેવાય છે કાં પતાવી દેવાય છે પણ ભારતમાં એવું થતું નથી. ચીનમાં તો સત્તાવાર રીતે જ એક પક્ષનું શાસન છે તેથી તેની સાથે ભારતની ચૂંટણીની સરખામણી કરવાનો સવાલ જ ઊઠતો નથી છતાં દિગ્વિજયને એવું લાગતું હોય તો આ માનસિકતાનો કોઈ ઉપાય આપણી પાસે નથી.

દિગ્વિજયસિંહે એવો દાવો પણ કર્યો છે કે, બિહારમાં ૬૨ લાખ મતદારોનાં નામ કાઢી નાખવામાં આવ્યાં હતાં અને ૨૦ લાખ નવાં નામ ઉમેરવામાં આવ્યાં હતાં. કેન્દ્રીય ચૂંટણી પંચે કોનાં નામ દૂર કરવામાં આવ્યાં કે ઉમેરવામાં આવ્યાં તેમનાં નામ પણ જાહેર કર્યાં નથી તેથી મોટા પાયે ગરબડ થઈ છે એ નક્કી છે. દિગ્વિજયે પરિણામ જાહેર થયા પહેલાં કહેલું કે, એનડીએ ૧૪૦ બેઠકોનો આંકડો પાર કરે તો સમજી લેવું કે, ઈવીએમ અને મતદાર યાદીઓ સાથે ચેડાં કરાયાં છે. દિગ્વિજયે આ વાત પાછી દોહરાવીને દાવો કર્યો છે કે, ચૂંટણીમાં ગળાકાપ સ્પર્ધા હતી અને ઓવૈસી તથા પ્રશાંત કિશોરની પાર્ટી કોના મત કાપે છે તેના પર સૌની નજર હતી પણ પરિણામોમાં એવું કશું દેખાતું નથી તેથી ગરબડ થઈ છે એ નક્કી છે.

રોબર્ટ વાડરાએ પણ દિગ્વિજયની જેમ જ ચૂંટણીમાં ગરબડનું વાજું વગાડીને જાહેર કરી દીધું છે કે, આ પરિણામો અન્યાયી, ઘાલમેલયુક્ત હોવાથી સ્વીકૃત નથી. વાડરાના કહેવા પ્રમાણે તો બિહારની પ્રજા પણ પરિણામોથી ખુશ નથી. ચૂંટણી પંચ સાથેની મિલિભગતમાં ખેલ પાડીને ભાજપ જીત્યો છે તેથી બિહારમાં ફરી ચૂંટણી કરાવવી જોઈએ.

વાડરા અને દિગ્વિજયની વાતો બંનેને મૂરખના જામ સાબિત કરનારી તો છે જ પણ કૉંગ્રેસના નેતાઓનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ જ નથી રહ્યો એ પણ સાબિત કરનારી છે. દિગ્વિજય મધ્ય પ્રદેશમાં બેઠાં બેઠાં બિહારની ગ્રાઉન્ડ રીયાલિટી એટલે કે નક્કર વાસ્તવિકતાની વાતો કરે તેનાથી વધારે હાસ્યાસ્પદ બીજું શું કહેવાય? દિગ્વિજય જે ગ્રાઉન્ડ રીયાલિટીની વાતો કરે છે એ સોશિયલ મીડિયા કે મીડિયામાં તળાતાં વાતોનાં વડાંથી વિશેષ કંઈ જ નથી. ઓવૈસી અને પ્રશાંત કિશોર બિહારના રાજકારણમાં મહત્ત્વના સાબિત થશે ને કિંગ મેકર બનશે એવું પિક્ચર મીડિયાએ જ ઊભું કરેલું. બાકી બંનેનો ખરેખર ભારે રાજકીય પ્રભાવ છે એવું કોઈ તબક્કે દેખાયું જ નહોતું. મીડિયામાં જ પી.કે. પચ્ચીસ બેઠકો લઈ જશે ને ઓવૈસી વીસ બેઠકો લઈ જશે એવી વાતો થતી હતી પણ વાસ્તવિકતા શું છે તેની કોઈને ખબર નહોતી.

રોબર્ટ વાડરાની વાત તો દિગ્વિજય કરતાં પણ હાસ્યાસ્પદ છે. બિહારમાં સાત કરોડ મતદારો છે અને વાડરા તેમાંથી ગણીને સાત મતદારોને પણ નહીં મળ્યો હોય ને છતાં બિહારના મતદારોનો ઠેકેદાર બનીને બોલવા ઉતરી પડે તેનાથી વધારે હાસ્યાસ્પદ બીજું શું હોય? દિગ્વિજય તો રાજકારણી છે એટલે બિહાર કોંગ્રેસના પચાસ-સો કાર્યકરો સાથે વાત પણ કરી હશે. વાડરા તો દિલ્હીની બહાર નથી નિકળતો ને વાતો બિહારની પ્રજાને આ પરિણામો સ્વીકાર્ય નથી એવી કરી રહ્યા છે. ભલા માણસ, કંઈક તો માપ રાખો ? ને વાડરા ફરી ચૂંટણી કરાવવાની વાત તો શાકભાજી સારી ના આવી તો બજારમાંથી બીજી લઈ આવો એ રીતે કરી રહ્યા છે. ફેર ચૂંટણી કરાવવી કંઈ હલવો છે કે ઈચ્છા થઈ ત્યારે ફ્રીઝમાંથી કાઢીને ખાઈ લીધો?

બિહારમાં ભાજપ-જેડીયુની જીત મહિલાઓના ખાતામાં સીધા ૧૦ હજાર રૂપિયા જમા કરાવ્યા તેને આભારી છે. ભાજપ-જેડીયુએ બરાબર ચૂંટણી પહેલાં એવો દાવ ખેલ્યો કે જેનો કોઈ પક્ષ પાસે તોડ નહોતો. આ દેશમાં સામાન્ય માણસે સો-બસો રૂપિયા કમાવવા માટે પણ ભારે સંઘર્ષ કરવો પડે છે ત્યારે ખાતામાં સીધા ૧૦ હજાર રૂપિયા આવે તો આખો પરિવાર એ રૂપિયા આપનારા પક્ષને જ મત આપવાનો કે બીજા કોઈને મત આપે?

કૉંગ્રેસે આ વાતને સમજવાની જરૂર છે અને લોકોને કઈ રીતે સીધો ફાયદો કરાવી શકાય છે તેની વ્યૂહરચના બનાવવી જોઈએ. તેના બદલે કૉંગ્રેસીઓ પાણીમાથી પોરા કાઢીને હાર માટે બહાનાં શોધવામાંથી ઊંચા નથી આવતા. આ માનસિકતા ધરાવતી પાર્ટી કઈ રીતે ઊંચી આવે?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, બુધવાર, તા. ૧૯-૧૧-૨૦૨૫, શ્રી રંગઅવધૂત પુણ્યતિથિ (નારેશ્વર).

- ભારતીય દિનાંક ૨૮, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૯મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૦૭-૫૮ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩ સુધી (તા. ૨૦), પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૭, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- સવારે ક. ૧૧-૦૧, ભરતીઃ રાત્રે ક. ૨૩-૫૮
- ઓટઃ સાંજે ક. ૧૭-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૫ (તા. ૧૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - ચતુર્દશી. દર્શ અમાવસ્યા, શ્રી રંગઅવધૂત પુણ્યતિથિ (નારેશ્વર), વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ તીર્થમાં સ્નાન, શ્રાદ્ધ, જપ, તપ, દાન, ગુરુગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્ર, અગ્નિદેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નારેશ્વરમાં શ્રી રંગઅવધૂત પુણ્યતિથિ નિમિત્તે વિશેષ પૂજા, કીર્તન, ઉત્સવ. નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસીપૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-શુક્ર યુતિ કળાપ્રેમી, બુધ-હર્ષલ પ્રતિયુતિ કટાક્ષપ્રિય, બુધ-નેપ્ચૂન ત્રિકોણ આધ્યાત્મિક ચંદ્ર-ગુરુ ત્રિકોણ મુસાફરીનો શોખ, ચંદ્ર-શનિ ત્રિકોણ જવાબદારીવાળું સ્થાન સંભાળી શકે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર યુતિ, બુધ-હર્ષલ પ્રતિયુતિ, બુધ-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ (તા. ૨૦), ચંદ્ર-શનિ ત્રિકોણ, મંગળ જયેષ્ઠા નક્ષત્રમાં, સૂર્ય અનુરાધામાં.
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## ધારાસભ્ય હાર્દિક પટેલ સામે ચાર્જ ફ્રેમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિરમગામ ધારાસભ્ય અને પાટીદાર નેતા હાર્દિક પટેલ સામે વર્ષ ૨૦૧૫ના પાટીદાર અનામત આંદોલન દરમિયાન નિકોલ પોલીસ મથકે નોંધાયેલા કેસમાં અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટે ચાર્જફ્રેમ કર્યો હતો. જેના પગલે હવે કેસની ટ્રાયલ શરૂ થશે. આ કેસમાં હાર્દિક પટેલ અને અન્ય આરોપીઓ સામે ગેરકાયદે મંડળી, રાયોટિંગ, સરકારી કર્મચારી પર હુમલો, કાયદેસરના હુકમનો ભંગ, ધમકી આપવા અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, જ્યારે અગાઉ આ કેસમાં હાજર ન રહેતાં કોર્ટે તેમની સામે ધરપકડ વોરંટ પણ જાહેર કર્યું હતું, જે બાદમાં હાઇ કોર્ટમાંથી રદ કરાયું હતું.

નિકોલ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ સંદર્ભે અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટમાં દાખલ થયો હતો, જે કેસમાં હાર્દિક પટેલ પર ચાર્જફ્રેમ થઈ હતી. હવે તેના કેસમાં ટ્રાયલ શરૂ થશે. અગાઉ હાર્દિક પટેલ આ કેસમાં હાજર ન રહેતાં તેની સામે કોર્ટે ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. આ વોરંટને હાર્દિક પટેલે હાઇ કોર્ટમાં પડકાર્યું હતું, જેમાં તેને કોર્ટ કાર્યવાહીમાં ઉપસ્થિત રહેવાની બાંયધરી આપતાં હાઇ કોર્ટે હાર્દિક પટેલ સામેનું ધરપકડ વોરંટ રદ કર્યું હતું, જોકે ત્યાર બાદ હાર્દિક પટેલ દ્વારા કોર્ટમાં કેસમાં મુક્ત કરવાની અરજી કરવામાં આવતી હતી, પરંતુ તેને કોર્ટમાં ઉપસ્થિત રહેવું પડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓએ પાટીદારોને અનામત આપવાની માગણી અને ખેડૂતોના દેવા માફીની માગણી સાથે નિકોલમાં પ્રતીક ઉપવાસનું આયોજન કર્યું હતું, જેમાં ફરિયાદ મુજબ આરોપીઓએ વગર પરવાનગી, પૂર્વ આયોજિત કાવતરું કરીને રેલી કાઢીને નિકોલના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે પ્રતીક ઉપવાસ કરવાનું નક્કી કર્યું હતું, જેમાં રેલીને અટકાવવામાં આવતાં તેઓ ઉશ્કેરાયા હતા. આરોપીઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી હતી અને ધમકી આપી હતી તેમજ શહેર પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

## રાજસ્થાનમાં ઠંડી વધી

જયપુર : રાજસ્થાનમાં ઠંડીનું મોજું તીવ્ર બનતું જાય છે. સિકરના ફતેહપુરમાં સૌથી નીચું તાપમાન ૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, એવી માહિતી હવામાન ખાતાએ આપી હતી. રાજ્યના અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાન સામાન્ય કરતાં ૩-૪ ડિગ્રી નીચું હતું. મંગળવાર સવાર સુધીના ચોવીસ કલાકમાં રાજ્યમાં હવામાન સુકું રહ્યું હતું. મોટા ભાગના વિસ્તારોએ રાત્રે પાંચ ડિગ્રી સેલ્સિયસથી માંડીને ૧૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનું ઉષ્ણતામાન નોંધાયું હતું જે મોસમની સરેરાશ કરતાં ઉલ્લેખનીય રીતે નીચું છે. સિકરનું ફતેહપુર રાજ્યમાં સૌથી ઠંડું સ્થળ હતું. અહીં લઘુતમ તાપમાન ૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ અને લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. (એજન્સી)

## શાંતિનિકેતનના ભાષાભવનમાં આગ

કોલકતા : શાંતિનિકેતનમાં વિશ્વભારતી કેમ્પસના ભાષા ભવન મકાનમાં આગ લાગી હતી. આગમાં કોઈને ઈજા થઈ ન હતી. વર્ગ શરૂ થાય એ પહેલાં આગ સવારના સાડાનવ વાગ્યે લાગી હતી. એક ફાયર ટેન્ડર ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. અગ્નિશામક દળના જવાનોએ આગ કાબૂમાં લીધી હતી. સૂત્રના જણાવ્યા પ્રમાણે પહેલા માળના એર કન્ડિશનરમાંથી લાગી હતી. સુરક્ષા કર્મચારીઓએ આગને કાબૂમાં રાખવા ઉપરાંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઈલેક્ટ્રિક કનેકશન તરત જ બંધ કરવામાં આવ્યું હતું. (એજન્સી)

## ચાઈનીઝ ફટાકડાની આયાત કરનાર માસ્ટર માઈન્ડ પરાગ રૂપારેલની ધરપકડ

અમદાવાદઃ ચીનથી ગુજરાતના અંકલેશ્વર આઈસીડીમાં આયાત કરવામાં આવેલા એક કન્ટેનરમાંથી દિવાળીના દિવસોમાં પાંચ કરોડના ચાઈનીઝ બનાવટના ફટાકડા ડી આર આઈના અધિકારીઓએ જપ્ત કરીને વેરાવળના માસ્તરમાઈન્ડની ધરપકડ કરી હતી.

ડી આર આઈના ટોચના સૂત્રોએ જણાવ્યું હતુ કે ચીનથી ૪૦ ફૂટનું કન્ટેઈનર મુંબઈથી નાવાસેવા પોર્ટ ઉપર આવ્યું હતું અને કસ્ટમ સમક્ષ ગારમેન્ટ હોવાનું ડિકલેર કરવામાં આવ્યું હતું. ગુજરાત અને મુંબઈ ડી.આર.આઈને બાતમી મળી હતી કે કન્ટેનરની અંદર દાણચોરીના માધ્યમથી પ્રતિબંધિત ચાઈનીઝ ફટાકડા ગુજરાતના અંકલેશ્વર આઈસીડી ખાતે પહોંચાડવાના છે જે બાતમીના આધારે ગુજરાત અને મુંબઈના ડી.આર.આઈ ના અધિકારીઓએ જુદી જુદી ટીમ બનાવીને કન્ટેનર અટકાવીને તપાસ કરતા ૪૬,૬૪૦ નંગ ફટાકડા મળી આવ્યા હતા. આ ફટાકડાની માર્કેટ કિંમત પાંચ કરોડ થવા જાય છે ડી. આર. આઈ. ના અધિકારીઓએ ચાઈનીઝ બનાવટના ફટાકડા ની આયાત કરનાર ગુજરાતના વેરાવળ ખાતે રહેતા માસ્ટર માઈન્ડની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે આ કેસની તપાસ ચાલુ હતી તે દરમિયાન દિલ્હી ડીઆરઆઈના અધિકારીઓને માહિતી મળી હતી કે ગુજરાતના મુન્દ્રા પોર્ટ ઉપર આ જ પ્રકારે ચાઇનાથી ૩૦ નંગ ફટાકડા આયાત કરવામાં આવ્યા છે. જેની કિંમત પણ પાંચ કરોડ થવા જાય છે.

આ કન્ટેનર અટકાવી રાખવામાં આવ્યા હતા ત્યારબાદ ડી આર આઈના અધિકારીઓએ કન્ટેનર ખોલીને તપાસ કરતા ચાઈનીઝ બનાવટના ફટાકડા મળી આવ્યા હતા આ સમગ્ર કેસમાં માસ્ટરમાઈન્ડ અને ફાઇનાન્સ મુન્દ્રાના રહેવાસી પરાગ રૂપારેલની ધરપકડ કરવામાં આવી હતી. આ અગાઉ પણ ગુજરાત મુંબઈ સહિત દેશના અન્ય પોર્ટ ઉપર ૧૦ થી ૧૫ કરોડના ચાઈનીઝ ફટાકડા ની આયાત આ ગેંગ દ્વારા કરવામાં આવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે ફોરેન ટ્રેડ પોલીસી મુજબ ચાઈનીઝ બનાવટના ફટાકડા ભારતમાં પ્રતિબંધિત છે તેમ છતાં જો આયાત કરવી હોય તો લાઇસન્સ લેવું ફરજિયાત છે તેમ છતાં કોઈ લાઇસન્સ લેવામાં આવ્યું ન હતું એટલું જ નહીં પેટ્રોલિયમ ઍન્ડ સેફટી રૂલ્સ મુજબ પણ આયાત કરી શકાતી નથી આ સાથે સાથે પબ્લિક સેફટી અને નેશનલ સિક્યુરિટી ધ્યાનમાં રાખીને પણ ચાઈનીઝ બનાવટના ફટાકડા ભારતમાં આયાત કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## સાબરમતી જેલમાં કેદીઓએ આતંકવાદીને ફટકાર્યો

અમદાવાદઃ શહેરની સાબરમતી જેલમાં કેદીઓ વચ્ચે મારામારીની ઘટના બની હતી. જેમાં અન્ય કેદીઓએ આતંકી ડો. અહેમદ સૈયદને ફટકાર્યો હોવાનું જાણવા મળ્યું હતું. જેલમાં કેદીઓ વચ્ચે મારામારીની ઘટનાને પગલે પોલીસ અધિકારીઓનો કાફલો દોડતો થઈ ગયો હતો. જો કે કંઈ બાબતે મારામારી થઈ તે જાણી શકાયું નથી.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડની ટીમે ગત નવ નવેમ્બરના રોજ હૈદરાબાદના ડો. અહેમદ મોઈનુદ્દીન સૈયદ, ઉત્તર પ્રદેશના લખીમપુરના મોહમદ સુહેલ મોહમ્મદ સલીમ ખાન અને ઉત્તર પ્રદેશના જ શામલીના આઝાદ સુલેમાન શેખ નામના ત્રણ આતંકવાદીઓને ઝડપી પાડ્યા હતા. આ ત્રણેય આતંકીઓની પૂછપરછમાં તેઓ દેશ-વિદેશમાંથી મોટું ફંડ એકત્ર કરીને ભારતમાં મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવાની તૈયારી કરતા હોવાનું બહાર આવ્યું હતું.

પહેલા પાનાનું ચાલુ

### આંધ્રમાં નક્સલી કમાન્ડર ઠાર

માધવી હિડમા મંગળવારે પડોશી રાજ્ય આંધ્ર પ્રદેશમાં એક એન્કાઉન્ટરમાં માર્યો ગયો.

બસ્તરના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ પુષ્ટિ આપી છે કે આજે સવારે પડોશી રાજ્યના અલ્લુરી સીતારામરાજુ જિલ્લાના મારેડુમિલી જંગલમાં સુરક્ષા દળોએ હિડમા, તેની પત્ની રાજે અને અન્ય ચાર નક્સલીઓને ઠાર માર્યા હતાં.

છત્તીસગઢના નાયબ મુખ્ય પ્રધાન વિજય શર્માએ રાયપુરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, અમને માહિતી મળી છે કે આંધ્ર પ્રદેશ-છત્તીસગઢ સરહદ પર માર્યા ગયેલા કેડર્સમાં માઓવાદી નેતા હિડમાનો પણ સમાવેશ થાય છે. આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેણે ઘણાં વર્ષોથી માઓવાદીઓની પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી (પીએલજીએ) બટાલિયન નંબર ૧નું નેતૃત્વ કર્યું હતું, જે દંડકારણ્યમાં સંગઠનનું સૌથી મજબૂત લશ્કરી સંગઠન છે, જે બસ્તર ઉપરાંત આંધ્ર પ્રદેશ, ઓડિશા, તેલંગાણા અને મહારાષ્ટ્રના ભાગોમાં ફેલાયેલું છે. ગયા વર્ષે તેને માઓવાદીઓની કેન્દ્રીય સમિતિમાં બઢતી આપવામાં આવી હતી.

હિડમા ૧૯૯૦ના દાયકાના અંતમાં પ્રતિબંધિત સંગઠનમાં ગ્રાઉન્ડ-લેવલ ઓર્ગેનાઇઝર તરીકે જોડાયો હતો. ૨૦૧૦ માં તાડમેટલા હુમલા પછી તે સુરક્ષા એજન્સીઓના રડાર પર આવ્યો હતો, જેમાં ૭૬ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા. ત્યારબાદ તેણે બીજા ટોચના માઓવાદી કમાન્ડર, પાપા રાવને આ હુમલાને અંજામ આપવામાં મદદ કરી હતી.

### દિલ્હી ધડાકા

આરોપીઓને રહેવાની વ્યવસ્થા કરી આપવા જેવી બાબતો અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. ટ્રસ્ટ અને યુનિવર્સિટીના વહીવટ અને આર્થિક વ્યવહારો કરતા ચાવીરૂપ અધિકારીઓને પણ દરોડામાં આવરી લેવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

કેસને મામલે એનઆઈએ અને દિલ્હી પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલા ગુનાને ઈડીએ ધ્યાન પર લીધો હતો.

ઘટનાને મામલે એનઆઈએએ અત્યાર સુધીમાં બે જણની ધરપકડ કરી છે. આ બંને આત્મઘાતી હુમલાખોર ઉમર નબીના નિકટના સાથીદાર હોવાનું માનવામાં આવે છે.

ગ્રૂપ સાથે સંકળાયેલી અને એક જ ઍડ્રેસ પર રજિસ્ટર થયેલી ઓછામાં ઓછી નવ બનાવટી કંપનીની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. (એજન્સી)

### બૅન્કિંગ કૌભાંડ

કૌભાંડમાં બૅન્ક અને તેનાં અધિકારીઓની સંડોવણી અંગે તપાસ નથી કરી રહી.

કેસને મામલે બૅન્ક અને તેનાં અધિકારીઓ વિરુદ્ધ તપાસ સંબંધિત સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો સીબીઆઈ અને ઈડીને આદેશ આપવાની તેમણે માગણી કરી હતી.

ભૂષણનું કહેવું છે કે ભારતના ઈતિહાસમાં આ સૌથી મોટા કોર્પોરેટ ફ્રોડનો કેસ છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે આક્ષેપ કર્યો હતો કે વર્ષ ૨૦૦૭-૦૮થી આ કૌભાંડ ચાલી રહ્યું હોવા છતાં વર્ષ ૨૦૨૫માં આ મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

તપાસ એજન્સીઓ શી તપાસ કરી રહ્યા છે એ અંગેનો સ્ટેટસ રિપોર્ટ ઈડી અને સીબીઆઈ સુપરત કરે એવી માગણી તેમણે કરી હતી.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે નોટિસ પાઠવીને ત્રણ અઠવાડિયામાં પ્રતિક્રિયા આપવાનું તેમને જણાવો.

રોકાણકારોનાં નાણાં સિસ્ટમેટિક રીતે અન્યત્ર વાળવામાં આવ્યા હોવા ઉપરાંત સ્ટેટમેન્ટમાં ચેડાં કરવામાં આવ્યા હોવાનો જનહિતની અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. (એજન્સી)

### ઑનલાઈન બૅટિંગ

(પૉકેટફિફ્ટીટૂ.કોમ) ઍપની માલિકી ધરાવતી બે ઑનલાઈન ગૅમિંગ કંપનીની બૅંગલૂરુ ઝોનલ ઑફિસ વિરુદ્ધ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

જોકે ઈડીની કાર્યવાહી અંગે પ્રતિક્રિયા માટે સંબંધિત કંપનીનો તાત્કાલિક સંપર્ક સાધી શકાયો નહોતો.

દરોડામાં ગૅમિંગ ઑપરેટરોના સીઈઓ, સીઓઓ અને સીએફઓના નિવાસસ્થાનને પણ આવરી લેવામાં આવ્યા હતા. તપાસ એજન્સીને શંકા છે કે આ કંપનીના પ્રમોટરો ક્રિપ્ટો વૉલેટની માલિકી ધરાવે છે જે ક્રિપ્ટો કરન્સી મારફતે મની લૉન્ડરિંગનાં સંકેત આપે છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં જ કાયદો ઘડીને રિયલ મીન ઑનલાઈન ગૅમિંગ પર પ્રતિબંધ મૂક્યો હતો. (એજન્સી)

### બાંગ્લાદેશમાં હિંસા

અવામી લીગે બે દિવસના રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનનું આહવાન કર્યું હતું. સોમવારથી અવામી લીગના સમર્થકોએ ઢાકા સહિત દેશના ઘણા ભાગોમાં કૂચ કરી છે, જ્યાં તેઓ તેમના વિરોધીઓ સાથે અથડામણ થઈ હતી. ચુકાદા પહેલા જ યુનુસ સરકારે ઢાકામાં મોટી પોલીસ ફોર્સ તૈનાત કરી હતી, જેને પ્રદર્શનકારીઓને ગોળી મારવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

સોશિયલ મીડિયા પર વીડિયો સામે આવ્યા છે જેમાં પોલીસ પ્રદર્શનકારીઓનો પીછો કરતી જોવા મળી રહી છે. પોલીસ લાઠીચાર્જ કરવામાં આવતા અનેક વીડિયો સામે આવ્યા છે. વિસ્ફોટોના અવાજો પણ સંભળાયા છે. રાજધાની ઢાકામાં આખો દિવસ તણાવ રહ્યો હતો. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, બાંગ્લાદેશના સ્થાપક અને શેખ હસીનાના પિતા શેખ મુજીબુર રહેમાનના ઘર ધનમંડી ૩૨ વિસ્તારમાં તણાવપૂર્ણ વાતાવરણ રહ્યું હતું. હસીનાના વિરોધીઓએ ફરી એકવાર સંપત્તિને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

અવામી લીગના સમર્થકો અને 'જાતીય છાત્ર શક્તિ' વચ્ચે અનેક સ્થળોએ અથડામણ થઈ હતી. આ સંગઠન ગયા વર્ષે હસીના વિરોધી વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કરનારા વિદ્યાર્થી નેતાઓએ સાથે મળીને બનાવ્યું છે.

### દિલ્હીની પાંચ કોર્ટ

પહેલા સુરક્ષા એજન્સીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે એક ટેરર મોડ્યુલના નામ પર મોકલવામાં આવેલા એક ઈમેઈલમાં દાવો કરવામાં આવ્યો હતો કે વહેલી સવારે કોર્ટ પરિસરમાં વિસ્ફોટકો મુકવામાં આવ્યા છે જેના કારણે તાત્કાલિક સિક્યોરિટી એલર્ટ જાહેર કરાયું હતું.

બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓની અનેક ટીમો જિલ્લા કોર્ટ સંકુલોની સફાઇ કરવા માટે તૈનાત કરવામાં આવી હતી. પોલીસ સૂત્રએ જણાવ્યું હતું કે અત્યાર સુધી તપાસ દરમિયાન કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી. જે ઇમેઇલ પરથી મેસેજ મળ્યો હતો તે તેના મૂળને શોધવા માટે તપાસ કરી રહી છે.

એક અજાણ્યા વ્યક્તિએ પોલીસ કંટ્રોલ રૂમ (પીસીઆર) ને ફોન કરીને દાવો કર્યો હતો કે પ્રશાંત વિહાર અને દ્વારકામાં સ્થિત સીઆરપીએફ શાળાઓમાં બોમ્બ મૂકવામાં આવ્યા છે. ધમકી મળ્યા બાદ પોલીસ ટીમોને સ્થળ પર રવાના કરાઈ હતી અને શાળાઓ ખાલી કરવામાં આવી હતી.

દિલ્હી ફાયર સર્વિસના એક અધિકારીએ જણાવ્યું હતું કે ''અમે શાળાઓનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યું અને કંઈપણ શંકાસ્પદ મળ્યું નહીં. ધમકીને ફેક જાહેર કરવામાં આવી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ધમકી આપ્યા પછી ફોન કરનારનો ફોન તરત જ બંધ થઈ ગયો હતો અને તેને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

સાકેત કોર્ટ બાર એસોસિએશનના ભૂતપૂર્વ સચિવ ધીર સિંહ કસાનાએ જણાવ્યું હતું કે કોર્ટની કાર્યવાહી લગભગ બે કલાક માટે બંધ થઈ ગઈ હતી, પરંતુ બપોરના ભોજન પછી ફરી શરૂ થઈ. પટિયાલા હાઉસ કોર્ટમાં નવી દિલ્હી બાર એસોસિએશનના ઉપપ્રમુખ નવનીત પનવારે પણ પુષ્ટિ કરી હતી કે બોમ્બ ધમકી બાદ કાર્યવાહી કરાઈ હતી. થોડો સમય કોર્ટની કાર્યવાહી અટકાવવામાં આવી હતી.

### વૈષ્ણોદેવીની

પગલે ખતરો વધી ગયો છે. આને લીધે જ કટરાથી લઈને પવિત્ર ગુફા સુધીના ૧૩ કિલોમીટર લાંબા રૂટમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. આ સુરક્ષા વ્યવસ્થા સાથે સાદા ગણવેશમાં પણ જવાનો અને કમાન્ડોને તહેનાત કરવામાં આવ્યા છે.

આ કમાન્ડો સ્થાનિક પોલીસના કમાન્ડો છે. ગુપ્તચર સંસ્થાએ એવા સંદેશા પકડયા છે કે વૈષ્ણોદેવી પર હુમલો કરવા જવાનોના ગણવેશનો ઉપયોગ થઈ શકે. આથી વૈષ્ણો દેવી તીર્થસ્થાનની દેખભાળની જવાબદારી સંભાળતા સંગઠન શ્રી માતા વૈષ્ણોદેવી સ્થાપના બોર્ડના અધિકારી એ અવઢવમાં છે કે દર્શન કરવા આવનાર જવાનો અંગે શું નિર્ણય લેવો. એક વાર તો યુનિફોર્મ પહેરીને દર્શન કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ડ્યુટી કરી રહેલા સુરક્ષા કર્મચારીને આ પ્રતિબંધ લાગુ પડતો નથી.

અહીં એ વાત ઉલ્લેખનીય છે કે ગુફા પર આતંકવાદી હુમલો ન થાય એના અગમચેતીના પગલાં તરીકે આ અગાઉ જ ધાતુની વસ્તુઓ, બેલ્ટ, કેમેરા વગેરે લઈ જવા પર એટલું જ નહીં,પરંતુ પ્રસાદ તરીકે નારિયેળ ચડાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આતંકવાદી નારિયેળ બૉમ્બનો ઉપયોગ કરશે એવી સૂચના સુરક્ષા અધિકારીઓ પાસે છે. અનેક નારિયેળ બૉમ્બ કટરા અને ગુફાની બહાર પકડાયા છે. આ પ્રકારની ઘટનાઓ રોકવા ૧૩ કિલોમીટરના રૂટ પર મેટલ ડિટેક્ટર અને ઝડતી લેવા સુરક્ષા કર્મચારીને તહેનાત કરવામાં આવ્યા છે. જોકે આમાં અનેક વાર સુરક્ષા ચૂક થાય છે. મેટલ ડિટેક્ટર ચાલતું ન હોય ત્યારે યાત્રીઓના અંજપાને જોઈને સ્થાપના બોર્ડ જાત્રાળુને દર્શન માટે ઝડતી વિના એમનેમ આગળ વધવા દે એવી સૂચના સુરક્ષા અધિકારીને આપે છે. ભીડના સમયે સ્થાપના બોર્ડ ભીડ વધારવાની ચિંતા કરે છે અને સુરક્ષાની ઉપેક્ષા કરે છે. આથી સુરક્ષા અધિકારી તેમના પર ખફા થાય છે. સ્થાપના બાર્ડે નારિયેળને ગુફાના દ્વાર સુધી લઈ જવાની છૂટ આપી છે એનો સુરક્ષા અધિકારીઓ આનો વિરાધ કરી રહ્યા છે. અધિકારીઓ કહે છે કે જો આતંકવાદીઓ ગુફા સુધી નારિયેળબૉમ્બ લઈ જવામાં અને ધડાકો કરવામાં સફળ થશે તો આખા વિશ્વમાં એવો સંદેશ જશે કે આતંકવાદીઓએ તમામ સુરક્ષા વ્યવસ્થાને ભેદી.

# ગુજરાત પોલીસે ટ્રાફિક મેનેજમેન્ટ માટે સ્વદેશી ઍપ મેપલ્સ સાથે જોડાણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રોડ સેફ્ટી અને ટ્રાફિક મેનેજમેન્ટ અંગે એક મહત્ત્વપૂર્ણ પહેલ અંતર્ગત ગુજરાત પોલીસ અને સ્વદેશી ઍપ મેપલ્સ વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ તાજેતરમાં હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત તમામ વિભાગો સાથે ખાસ બેઠક યોજીને સ્વદેશી અપનાવવાના મુદ્દા પર ભાર મૂક્યો હતો ત્યારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શનમાં સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા સ્વદેશી ઍપ મેપલ્સ સાથે ટ્રાફિક મેનેજમેન્ટ અને રોડ સેફ્ટી માટે ખાસ સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

મેપલ્સ દ્વારા તેમની ઍપમાં વિશેષ સુવિધાઓ ડેવલપ કરી નાગરિકલક્ષી ખાસ ફિચર્સ અપડેટ કરવામાં આવ્યા છે. હવે નાગરિકો કે વાહનચાલકોને નેવિગેશનની સાથે સાથે આ ઍપ બ્લેક સ્પોટ્સ, એક્સિડન્ટ ઝોન, સ્પીડ લિમિટ ઉપરાંત રિયલ ટાઈમ ટ્રાફિક એડવાઈઝરી અપડેટ આપશે.

સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા પૂરો પાડવામાં આવેલો બ્લેક સ્પોટ્સ અને સંભવિત અકસ્માત ઝોનનો ડેટા મેપલ્સ દ્વારા આ એપમાં અપડેટ કરી દેવાયો છે. તે ઉપરાંત વાહનચાલકોને જોખમી રસ્તા અંગે પણ પહેલેથી અંદાજ આવી જાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્પીડ લિમિટ પણ આ ઍપમાં અપડેટ કરવામાં આવી છે.

એમઓયુ મુજબ, ગુજરાત પોલીસ મેપમાયઇન્ડિયાને દૈનિક ધોરણે રિયલ-ટાઇમમાં ટ્રાફિક એડવાઈઝરી અને ટ્રાફિક સંબંધિત માહિતી પૂરી પાડશે, જેમાં બંધ કરાયેલા રોડ અંગેની માહિતી પ્લાન્ડ રોડ કન્સ્ટ્રક્શન, રિપેર એક્ટિવિટીઝ તથા રેલીઓ અને અન્ય કાર્યક્રમોની માહિતી આ ઍપમાં રિયલ ટાઈમ અપડેટ થશે જેની જાણ નાગરિકોને થતા તેઓ વૈકલ્પિક રૂટ પસંદ કરી શકશે, તેમ માહિતી ખાતાએ જણાવ્યું હતું.

# અમદાવાદના અખબારનગરમાં ₹ ૨૪૮ કરોડના ખર્ચે મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબ બનાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં જાહેર પરિવહનના મુખ્ય સાધન એવી એએમટીએસની બસસેવા માટે અમખબારનગરના ડેપો આધુનિક બનાવવામાં આવશે. આ માટે મહાનગરપાલિકાએ ટેન્ડર બહાર પાડ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા વાડજ વિસ્તારના અખબારનગર ખાતે આધુનિક મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબના વિકાસ માટે ઇ-બિડ્સ મગાવાઈ છે. આ પ્રોજેક્ટ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ હેઠળ હાથ ધરવામાં આવશે. શહેરના કીટલી સર્કલ પાસે આવેલા ફાઈનલ પ્લોટમાં મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા ૧૮ માળનું આ ભવ્ય હબ તૈયાર કરવાની યોજના છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ એએમટીએસ, બીઆરટીએસ અને જીએસઆરટીસી (એસટી) બસ સેવાઓને એક જ સ્થળે લાવીને મુસાફરોને સુવિધા આપવાનો અને શહેરના ગીચ ટ્રાફિકની સમસ્યાને હળવી કરવાનો છે.

આ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનશિપ પીપીપીના ધોરણે ૫૫૬૪ સ્કેવર મીટરના વિશાળ વિસ્તારમાં બનાવાશે. આ હબ બનવાથી એસટી સહિતની બસોને શહેરના ગીચ ટ્રાફિકમાં પ્રવેશવાની સમસ્યાનો અંત આવશે અને શહેર બહારથી આવતા-જતા પેસેન્જરોને બસ પકડવામાં મોટી રાહત થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ₹૨૪૮.૮૭ કરોડ છે. બિડ બાદ પસંદગી પામેલા કન્સેશનરને સંચાલન અને જાળવણી માટે ૯૦ વર્ષનો સમયગાળો આપવામાં આવશે. પ્રથમ તબક્કાનું બાંધકામ ૨૪ મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે, જ્યારે સમગ્ર પ્રોજેક્ટ ૪૮ મહિનામાં પૂર્ણ થવાની અપેક્ષા છે. હબનું આયોજન, ડિઝાઇન, ધિરાણ, બાંધકામ, માર્કેટિંગ, સંચાલન અને જાળવણી, તેમજ વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ હબ ૫,૫૬૪ ચોરસ મીટર (એફપી નંબર ૭૬૩, ટીપીએસ નંબર ૨૮) વિસ્તારને આવરી લેશે. તેમાં બસ ફેસેલિટીઝ, કોમર્શિયલ આઉટલેટ્સ, કોર્પોરેટ ઓફિસો, ગ્રીન સ્પેસીસ, ઊટ ચાર્જિંગ સ્ટેશનો, મલ્ટી-ટાયર બેઝમેન્ટ પાર્કિંગ તેમજ આધુનિક સુવિધાઓ સાથે ૠ+૧૮ માળની ઇમારત હશે.

આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટથી અખબારનગર મોર્ડન ટ્રાન્સપોર્ટ હબ તરીકે ઊભરશે અને મુસાફરોને અમદાવાદમાં વધુ એક વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળશે.

# બનાસકાંઠાના દાંતા, અમીરગઢ તાલુકાની શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં શાળાઓ ખાલીખમ જોવા મળી હતી. આદિવાસી સમાજના વિદ્યાર્થીવાળી શાળાઓમાં શિક્ષકો તો હતા પરંતુ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને નોકરી અને ઉચ્ચ અભ્યાસ માટે જાતિના દાખલાઓ માટે સરકાર દ્વારા ૧૯૫૦ની સાલના પુરાવા માંગવામાં આવી રહ્યા છે. જેથી આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરવા અને યુવકોને નોકરી મેળવવા ભારે મુશ્કેલી ઉભી થઈ રહી છે. આ મુદ્દે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સુધી રજૂઆતો કરવા છતાં પણ કોઈ નિરાકરણ ના આવતા આખરે આદિવાસી વિસ્તારની શાળાઓમાં આદિવાસી સમાજના વાલીઓએ વિદ્યાર્થીઓને શાળાએ ના મોકલીને વિરોધ નોંધાવ્યો હતો. જેથી આદિવાસી વિસ્તારની શાળાઓના વર્ગખંડ ખાલી જોવા મળ્યા હતા.

આદિવાસી સમાજના લોકો દ્વારા આક્ષેપ કરાયો હતો કે, અમારા સમાજના યુવાનો સરકારી નોકરી મેળવે તો તેમને જાતિના દાખલાને કારણે નોકરીના ઓર્ડર મળતા નથી. ત્યારે આજે શાળામાં બાળકોને મોકલ્યા નથી અને વિરોધ નોંધાવ્યો છે. આગામી સમયમાં સરકાર હજુ સુધી પણ આ સમસ્યાનું નિરાકરણ નહીં લાવે તો કચેરીઓના ઘેરાવ સહિતના કાર્યક્રમો કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

# અમદાવાદના ભાઈપુરા-હાટકેશ્વરમાં ૯૬ દબાણ દૂર કરાયાં: ૧૨ મીટરનો રસ્તો ખુલ્લો કરાશે

અમદાવાદ: શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. આ સમસ્યાને હળવી કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) દ્વારા ટાઉન પ્લાનિંગ (ટીપી) રોડ ખુલ્લા કરવામાં આવી રહ્યા છે. આ માટે ગેરકાયદેસર દબાણો દૂર કરવાની સઘન ઝુંબેશ હાથ ધરાઈ છે. આ કાર્યવાહીના ભાગરૂપે, શહેરના પૂર્વ ઝોનમાં આવેલા ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડમાં બાબુલાલની ચાલીથી ભૂંડની ચાલી તરફના માર્ગ પરના ૯૬ જેટલી દુકાન અને મકાનોના દબાણયુક્ત ભાગો પર બુલડોઝર ફેરવી દૂર કરવામાં આવ્યાં હતાં. ૧૨ મીટરના મંજૂર થયેલા ટીપી રોડને સંપૂર્ણપણે ખુલ્લો કરવા આ પગલું ભરવામાં આવ્યું છે. ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડમાં બાબુલાલની ચાલી, પંજાબીની ચાલી થઈને ભૂંડની ચાલી તરફ જતો માર્ગ હાલમાં માત્ર ૬ થી ૯ મીટર જેટલો જ હયાત હતો. આ માર્ગ સાંકડો હોવાને કારણે અને વાહનોની વધુ અવરજવરને લીધે અહીં સતત ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી, જેના પરિણામે નાગરિકોને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ ટ્રાફિક સમસ્યાના કાયમી નિરાકરણ માટે ૧૨ મીટરનો ટીપી રોડ મંજૂર કરવામાં આવેલો છે, પરંતુ હયાત રોડ પરના ગેરકાયદેસર દબાણોને કારણે તેને પહોળો કરી શકાતો નહોતો.

ટીપી રોડને પૂર્ણપણે ૧૨ મીટર પહોળો બનાવવા માટે એસ્ટેટ વિભાગ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ માર્ગ પર આવેલા કોમર્શિયલ અને રહેણાક, એમ કુલ ૯૬ જેટલા નાનાં-મોટાં કાચાં-પાકાં મકાનો અને દુકાનો પર બુલડોઝર અને જેસીબી વડે ડિમોલેશનની કામગીરી પાર પાડવામાં આવી હતી. કોર્પોરેશન દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, મોટાભાગે મકાનો અને દુકાનોના નાના ભાગો જ દબાણમાં હતા, આખી દુકાન કે મકાન દબાણ હેઠળ નહોતા. કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા ગેરકાયદેસર દબાણ કરનારાઓને ૨૧ દિવસ અગાઉ જગ્યા ખાલી કરવા માટે નોટિસ પાઠવવામાં આવી હતી, જેના પગલે આ ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહીથી સ્થાનિકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે અને સુચારુ તથા સરળ પરિવહન સુવિધા ઉપલબ્ધ થશે.

# અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસના આરોપી તથ્ય પટેલ અને તેના પિતા સામે ચાર્જફ્રેમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ઇસ્કોન બ્રિજ પર વર્ષ ૨૦૨૩માં ૨૦ જુલાઈની રાત્રે બેફામ સ્પીડે જેગુઆર કાર દોડાવી ઈસ્કોન બ્રિજ પર અકસ્માત સર્જી નવ લોકોનાં મોત નિપજાવનારા તથ્ય પટેલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. એમાં સુપ્રીમ કોર્ટે તથ્ય પટેલ સામે ત્રણ સપ્તાહમાં ચાર્જફ્રેમ કરવા અને સાક્ષીઓનાં નિવેદન લેવાની શરૂઆત કરવા હુકમ કર્યો હતો. તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં તેની સામે ચાર્જફ્રેમ કરવામાં આવ્યા હતા. હવે સાક્ષીઓની જુબાની શરૂ થશે. તથ્ય પટેલ સામે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં તમામ કલમો અંતર્ગત ચાર્જફ્રેમ થયા છે. તેની સાથે સાથે પિતા પ્રજ્ઞેશ પટેલ પર પણ ચાર્જફ્રેમ કરવામાં આવ્યા છે. જજે તેમની પર લાગેલી કલમો બોલી, કાગળ ઉપર સહી લીધી હતી. હવે સાક્ષીઓ તપાસવાની કામગીરી શરૂ થશે. તથ્ય પટેલ સામે પોલીસે આઈપીસીની વિવિધ અને મોટર વ્હીકલ એક્ટની કલમ અંતર્ગત ફરિયાદ નોંધીને ઘટના બન્યાના સાત દિવસમાં ૧૬૮૪ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. તથ્ય સામે આઈપીસીની કલમ ૩૦૪ લાગી છે, જેમાં ૧૦ વર્ષ કેદની સજાની જોગવાઈ છે, તેમાંથી ડિસ્ચાર્જ મેળવવા હાઇ કોર્ટમાં અરજી થઈ હતી, જે અરજી પેન્ડિંગ છે. ૨૦૨૩માં ચાર્જશીટ થઈ ત્યારે કુલ ૧૪ દસ્તાવેજી પુરાવા અને ૦૯ મૃતકોના પોસ્ટમોર્ટમ રિપોર્ટ રજૂ કરાયા હતા.

# દિવાળી, છઠપૂજા અને બિહારની ચૂંટણીને લીધે સુરતના કાપડ ઉદ્યોગને ફટકો: ઉત્પાદન ઘટ્યું

અમદાવાદ: ટેક્સટાઈલ્સ હબ કહેવાતા સુરતમાં હાલમાં મોટાભાગના ટેક્સટાઈલ્સ એકમો લગભગ અડધી ક્ષમતાએ કામ કરી રહ્યા છે. આનું મુખ્ય કારણ દિવાળી અને છઠ પૂજાના તહેવારો અને ત્યારબાદ યોજાયેલી બિહારની ચૂંટણી હોવાનું જાણવા મળ્યું છે. દિવાળી અને છઠપૂજા નિમિત્તે ઘણી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનમાં બિહારીઓ પોતાને ગામ ગયા હતા. તહેવારો બાદ બિહારમાં બે તબક્કામાં ચૂંટણી પણ યોજાઈ હતી, જેને લીધે પણ ઘણા બિહારી કામદારો પોતાને ગામ જ રોકાયા હતા. હવે તેઓ ધીમે ધીમે પરત આવી રહ્યા છે, આથી સુરતના કાપડ ઉદ્યોગના કામની ગતિ ધીમી થઈ ગઈ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

મોટેભાગે ડાઈંગ અને પ્રિન્ટિંગ, પેકેજિંગથી માંડી માલસામાન લઈ જવા અને ટેમ્પો ચલાવવા સુધીનું કામ બિહારી કામદારો કરે છે, જે ખૂબ જ મોટી સંખ્યામાં છે. તેઓ ન હોવાથી ઘણા એકમો ૫૦થી ૬૦ ટકાની ક્ષમતામાં કામ કરી રહ્યા હોવાનું અહીંના વેપારીઓ જણાવી રહ્યા છે.

લક્ષ્મીપતિ ગ્રૂપના ડિરેક્ટર સંજય સરાવગેએ મુંબઈ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ વખતે વેકેશન ઘણું લંબાઈ ગયું છે. કામદારો ધીમે ધીમે પાછા આવી રહ્યા છે. તેમને ટ્રેન, બસ વગેરે પરિવહનની સેવાઓ ઓછી મળી રહી હોવાથી ન આવી શકતા હોવાનું એક કારણ છે. મોટાભાગના એકમો કામદારોની અછતને લીધે પૂરી ક્ષમતાએ કામ કરી શકતા નથી.

ફેડરેશન ઑફ સુરત ટેક્સટાઈલ્સ ટ્રેડર્સ એસોસિયેશન (ફોસ્ટા)ના પ્રમુખ કૈલાસ હકીમે મુંબઈ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે દિવાળી, છઠ અને ચૂંટણીને લીધે બિહારી કામદારો ધીમે ધીમે પરત આવી રહ્યા છે. આને લીધે ઉત્પાદનમાં ઘટાડો થયો છે. આ ઘટાડો ૩૦થી ૪૦ ટકા છે. અમુક યુનિટ્સમાં કામદારો ઓવરટાઈમ કરે છે.

તેમણે જણાવ્યું હતું કે કામદારો નથી તે સાથે માર્કેટમાં હજુ એટલી માગ પણ વધી નથી. આથી એકવાર પૂર્ણ ક્ષમતામાં કામ શરૂ થશે ત્યારે ઉત્પાદન અને માગ બન્નેનો રેશિયો જળવાઈ રહેશે. તેમના જણાવ્યા અનુસાર ડાઈંગ અને પ્રિન્ટિંગના સુરતમાં કુલ ૫૦૦ યુનિટ્સ છે અને ૩૦૦૦ જેટલા ડિજિટલ મશીન છે, જેમાં મોટે ભાગે બિહારથી આવેલા કામદારો કામ કરે છે. આ યુનિટ્સ ધીમે ધીમે કામ કરી રહ્યા છે. જોકે હાલમાં ઉત્પાદન ભલે ઓછું હોય, પરંતુ તેનાથી બહુ મોટો ફટકો પડશે, તેમ કહી શકાય નહીં, તેમ પ્રમુખે જણાવ્યું હતું.

આ અંગે રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે ઉત્તર અને પૂર્વ ભારતમાંથી નિયમિત રીતે આવતી ૬૦ કરતા વધારે ટ્રેન ઉપરાંત નવેમ્બર મહિનામાં આ ૨૦૦ જેટલી ફેરી ટ્રેન કરે છે, જેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ વગેરેથી આવતી ટ્રેનનો સમાવેશ થાય છે.

સુરત કાપડ ઉદ્યોગ દિવાળી દરમિયાન ૨૦ દિવસ બંધ રહે છે. અહીં કામ કરતા તમામ પરપ્રાંતિય કામદારો પોતાના વતન જાય છે. બિહારીઓ પણ તેમા મોટી સંખ્યામાં છે. સુરતથી ખાસ ટ્રેન બિહાર જાય છે, જેમાં હજારોની સંખ્યામાં બિહારવાસીઓ પોતાના વતન જતા હોય છે.

# શ્વાન અને રખડતાં ઢોર સાથે હવે ગુજરાતમાં સર્પદંશના કેસ પણ વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહિત દેશભરમાં શ્વાન અને રખડતાં ઢોરની સમસ્યા વકરતી જાય છે અને રોજ શ્વાન કરડવાના કે ગાય-ભેંસે હડફેટે લીધાના સમાચારો આવતા રહે છે, પરંતુ અમદાવાદ સહિત ગુજરાતનાં વિવિધ શહેરોમાં સાપના કરડવાના કિસ્સા પણ વધી રહ્યા છે, તેમ આંકડા જણાવે છે.

ચાલુ વર્ષમાં ઓક્ટોબર મહિના સુધીમાં શહેરમાં ૨૭૨ કેસ નોંધાયા હતા. જે છેલ્લાં છ વર્ષમાં સૌથી વધુ કેસ હતા. ૧૦૮ ઈએમઆરઆઈના ડેટા મુજબ સમગ્ર રાજ્યમાં, ૩૧ ઓક્ટોબર સુધીમાં સાપ કરડવાના કુલ ૭,૯૪૭ કેસ નોંધાયા હતા. ૧૦૮ ઈએમઆરઆઈના અધિકારીઓ અનુસાર, સામાન્ય રીતે ચોમાસા દરમિયાન સાપ કરડવાના કેસ વધે છે. વરસાદી પાણી ડરમાં ભરાઈ જવાથી સાપ બહાર આવવા મજબૂર થાય છે. જોકે, આ વર્ષે વરસાદ નવેમ્બરના પહેલા સપ્તાહ સુધી ચાલુ રહ્યો હતો, જેના કારણે કેસની સંખ્યામાં વધારો થયો હોવાનું માનવામાં આવે છે. સૂત્રો મુજબ, જ્યારે ડરમાં પાણી ભરાય છે, ત્યારે સાપ ખોરાક અને આશ્રયની શોધ કરે છે, જે તેમને ઘણીવાર ઘર અને ખેતરની નજીક લઈ આવે છે, તેમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

પાછલા વર્ષોની સરખામણીમાં આ વર્ષે અમદાવાદમાં સર્પદંશના કેસમાં વધારો થયો હતો. શહેરમાં ૨૦૧૯માં ૧૦૩, ૨૦૨૦માં ૧૦૧, ૨૦૨૧માં ૧૧૬, ૨૦૨૨માં ૧૬૨, ૨૦૨૩માં ૨૧૦ અને ૨૦૨૪માં ૨૫૯ કેસ નોંધાયા હતા. આ વર્ષે ૨૭૨ કેસએ ૨૦૨૪ના કુલ આંકડાને વટાવી દીધો છે. શહેરની હોસ્પિટલોમાં પણ દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ઓગસ્ટથી ઓક્ટોબર મહિના વચ્ચે સાપ કરડવાના ૧૪૧ કેસ આવ્યા હતા, જેમાં ૫૧ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા. ઘડઉમાં ઓગસ્ટમાં ૪૧, સપ્ટેમ્બરમાં ૫૫ અને ઓક્ટોબરમાં ૩૧ કેસ નોંધાયા હતા.

રાજ્યમાં સર્પદંશની ઘટનામાં સતત વધારો હતો. ૨૦૧૯ માં ૫,૦૧૭ કેસથી વધીને ૨૦૨૪ માં ૭,૮૯૩ થયા હતા. જિલ્લાવાર વાત કરવામાં આવે તો વલસાડમાં સૌથી વધુ ૫૯૧ સાપ કરડવાના કેસ નોંધ્યા હતા. અમદાવાદના ૨૭૨ની સરખામણીમાં સુરતમાં ૪૫૩ કેસ નોંધાયા હતા.

# સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ હત્યાથી કાયદો વ્યવસ્થા પર સવાલો ઊઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડાયમન્ડ સિટી સુરતમાં હત્યા, લૂંટ, દુષ્કર્મ, તથા હિંસક મારામારીની ઘટનાઓ સતત વધી રહી છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ હત્યાના બનાવ બહાર આવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉઠી રહ્યા છે. સોમવારે રાત્રે રાંદેર વિસ્તારમાં હત્યા થઈ હતી. ત્યારબાદ બપોરે લિંબાયતમાં હત્યાનો બનાવ બન્યો હતો. જ્યારે પુણા વિસ્તારમાં ૧૯ હજાર રૂપિયા માટે મિત્રએ તેના દોસ્તને માથામાં ટાઇલ્સના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. મૂળ બિહાર અને પુણા વિસ્તારમાં આવેલા રાજીવનગરમાં ૩૦ વર્ષીય લાલુ મિથિલેશ યાદવ રહેતો હતો. ટેમ્પો ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. લાલુ વતનની નજીકના ગામમાં રહેતા ૨૦ વર્ષીય વિકી મનોજકુમાર યાદવનો મિત્ર હતો. બંને મિત્રો સાથે હરતા ફરતા રહેતા હતા. સોમવારે રાત્રે બંને સાથે સિગારેટ પીવા માટે ગયા હતા.

સિગરેટ પીને પરત ફરતા સમયે બંને વચ્ચે રૂપિયાની લેતી દેતી મામલે ઝઘડો થયો હતો. ઉશ્કેરાઈ ગયેલા વિકીએ લાલુના માથામાં ટાઇલ્સના ઘા મારી દીધા હતા. ત્યારબાદ લાલુને લોહી લુહાર હાલતમાં મિત્ર જ મિત્રને લઈને સારવાર માટે હૉસ્પિટલ લઈને પહોંચી ગયો હતો. ત્યારબાદ તેની હાલત ગંભીર હતી અને પોલીસને મિત્ર પર જ શંકા ગઈ હતી. દરમિયાન લાલુનું મોત નીપજ્યું હતું. તે જ પ્રકારે સુરત શહેરના રાંદેરના શારદાનગર વિસ્તારમાં રહેતા સાસરી પક્ષના ઘરે ઘરેલુ ઝઘડાના સમાધાન કરાવવા ગયેલા એક યુવકની ચપ્પુના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવી હતી. સમજાવટ દરમિયાન મામલો ઉગ્ર બની ગયો હતો. ઉશ્કેરાયેલી પત્ની અને તેના ભાઈઓએ મળીને આ બંને યુવકો પર હુમલો કર્યો હતો.

આ હુમલામાં તેમણે ચપ્પુના ઘા ઝીંક્યા હતા. નિર્દોષ સમાધાનકર્તા અજય દેવીપૂજકને ચપ્પુના ગંભીર ઘા વાગતા તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. સુરતના લિંબાયત વિસ્તારમાં બુટલેગરની હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. હત્યાનો ભોગ બનનાર વ્યક્તિનું નામ સદામ હોવાનું જાણવા મળ્યું હતું.

# સુરત ઍરપોર્ટ પરથી માદક પદાર્થોનો મોટો જથ્થો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત એરપોર્ટ પર અલગ અલગ એજન્સીઓએ કરેલી તપાસ દરમિયાન નશીલા પદાર્થનો મોટો જથ્થો મળી આવ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચ, કસ્ટમ્સ અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ ઈન્વેસ્ટિગેશન ફોર્સ (સીઆઈએસએફ)ની સંયુકત ટીમે સઘન તપાસ કરતા રૂ. ૧.૪૨ કરોડની કિંમતનો ચાર કિલો જેટલો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. સૂત્રો પાસે મળતી માહિતી અનુસાર એર ઈન્ડિયાની ફ્લાઈટ બેંકકોકથી સુરત એરપોર્ટ આવી પહોંચી હતી. આ ફ્લાઇટના મુસાફરોનું ચેકિંગ ચાલી રહ્યું હતું, તે દરમિયાન એક મુસાફર શંકાસ્પદ જણાતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી. સીઆઈએસએફ અને કસ્ટમ્સની ટીમે તેની બેગની ઝીણવટભરી તપાસ કરતા આઠ જેટલા હાઈબ્રિડ ગાંજાના પેકેટ મળી આવ્યાં હતાં. આ ગાંજાની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂ. ૧.૪૧ કરોડ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે મુસાફરની ધરપકડ કરી વધુ તપાસ આગળ ધરી હતી.

# ગાંધીનગરના સાત ગામના લોકોનાં કલેક્ટર કચેરીએ ધરણાં: પડતર પ્રશ્નોનો નિકાલ ન થતા રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના પાટનગર ગાંધીનગરની સ્થાપના સમયથી સમાવિષ્ટ થયેલા સાત ગામોના ગ્રામજનોના લાંબા સમયથી વણઉકેલાયેલા પ્રશ્નોનો નિકાલ ન થતાં ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા આક્રોશ રેલી કાઢી કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. અસરગ્રસ્તો દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે કે સરકાર દ્વારા તાત્કાલિક હકારાત્મક નિર્ણય ન લેવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

સમાવિષ્ટ થયેલા સાત ગામના ગ્રામજનોના લાંબા સમયથી વણઉકેલાયેલા પ્રશ્નોનો નિકાલ ન થતાં ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા આજે કલેક્ટર કચેરીએ હાથમાં બેનરો સાથે ૨૫૦થી વધુ લોકો રેલી સ્વરૂપે પહોંચ્યા હતા. મહામંડળ દ્વારા મુખ્યત્વે પાંચ પ્રશ્નોના નિકાલની માગણી કરવામાં આવી હતી. અસરગ્રસ્તોની માગ હતી કે, ૧૯૯૭ની મંત્રી સ્તરની બેઠકો અને મહેસૂલ વિભાગના ૨૦૧૬ના પરિપત્ર મુજબ મકાનોના ભોગવટાને નિયમિત કરી આપવા, ૭ ગામના મૂળ નિવાસીઓને રહેણાકની જરૂરિયાત પૂરી કરવા માટે નવા આવાસ બનાવી આપવા અથવા રહેણાંકના પ્લોટ ફાળવવા, સરદાર સરોવરના જમીન અસરગ્રસ્ત ખેડૂતોને જે લાભો (રહેણાકના પ્લોટ/ખેતીની જમીન) મળ્યા છે, તેવા જ લાભો ગાંધીનગરના જમીન અસરગ્રસ્ત ખેડૂતોને પણ આપવા આવે.

તે ઉપરાંત અસરગ્રસ્તોને ફાળવવામાં આવેલા ચીપટાઇપની દુકાનોને ભાડા પદ્ધતિના બદલે માલિકી હક્કે ફાળવવામાં આવે. સાત ગામને ગાંધીનગર શહેર સમકક્ષ તમામ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવે તે સહિતની માગ કરવામાં આવી હતી.

# ગુજરાત સરકાર મોટા ઉદ્યોગો અને એમએસએમઈની વ્યાખ્યામાં ફેરફાર કરશે

અમદાવાદ: ગુજરાત સરકાર વિદેશી મુડીરોકાણ આકર્ષવા અને રાજ્યમાં વધુમાં વધુ ઉદ્યોગો સ્થપાય તે હેતુથી મોટા ઉદ્યોગો અને એમએસએમઈની વ્યાખ્યામાં ફેરફાર કરી શકે છે. રાજ્ય સરકાર આગામી ઔદ્યોગિક નીતિમાં આ ફેરફાર કરે તેવી શક્યતા છે. આ નવી ઔદ્યોગિક નીતિની ૨૦૨૬ની શરૂઆતમાં જાહેર થવાની આશા છે.

સરકાર તેની પ્રસ્તાવિત નવી ઔદ્યોગિક નીતિમાં સૂક્ષ્મ, નાના , મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) અને મોટા ઉદ્યોગો માટે રોકાણ મર્યાદા અને ટર્નઓવર મર્યાદા બંનેમાં વધારો કરે તેવી શક્યતા છે. રોકાણ મર્યાદા બમણા કરતાં પણ વધુ કરવાની દરખાસ્ત છે, જ્યારે તમામ સેગમેન્ટ માટે ટર્નઓવર મર્યાદા બમણી કરવાની દરખાસ્ત છે.

રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, ઉદ્યોગો માટે રોકાણ અને ટર્નઓવરના માપદંડો વધારવાથી તેઓને સરકાર તરફથી વધુ પ્રોત્સાહનો મળશે. વિકાસ સાથે જોડાયેલા ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે, નવી નીતિમાં, એકમોને રાજ્યમાં સ્થાપના કરવા બદલ ઘણું વધારે પ્રોત્સાહન મળશે. ફુગાવાના કારણે, હાલના પ્રોત્સાહનોને વધુ મજબૂત કરવાની અને રાજ્યમાં રોકાણને આકર્ષક વિકલ્પ બનાવવાની જરૂર છે.

# સુરત પારસી પંચાયતના પ્રમુખપદે ડૉ. હોમી દૂધવાલાની પુનઃવરણી

સુરત: સુરત પારસી પંચાયત હસ્તકની વિવિધ પારસી સંસ્થાઓ, મિલકતો તેમજ નાણાકીય આવકજાવક સંદર્ભે પ્રમુખરૂપે પોતાના પ્રથમ સમયગાળા દરમિયાન ઉલ્લેખનીય કામગીરી કરનાર ડૉ. હોમી દારબશા દૂધવાલાની સુરત પારસી પંચાયતના પ્રમુખપદે વધુ ત્રણ વર્ષ માટે પુનઃવરણી કરવામાં આવી છે. જેને તેઓના સાથી ટ્રસ્ટીઓ તેમજ પારસી સમાજના અગ્રણીઓએ એક અવાજે વધાવી લીધી છે. ડૉ. દૂધવાલાએ પ્રમુખરૂપે પોતાના સમયગાળા દરમિયાન સાથી ટ્રસ્ટીઓના સથવારે આંખે ઊડીને વળગે એવા આવકારણીય કાર્યો પારસી સમાજના લાભાર્થે કર્યા છે. જેની નોંધ સત્તાધીશો તેમજ સમસ્ત પારસી સમાજે લીધી છે. સુરત પારસી પંચાયતની માલિકીની જમીન - મિલકતો પર ગેરકાયદેસર દબાણ કરનારાઓ વિરુદ્ધ પોલીસમાં ફરીયાદ તથા કોર્ટમાં પણ ફરીયાદ. સુરત પારસી પંચાયતના જુદા જુદા ટ્રસ્ટોના શેરો સેન્ટ્રલ બેંક સેફ ડિપોઝિટ એકાઉન્ટમાં વર્ષોથી પડયા હતા જે સર્વાધિક જે જટિલ અને ગૂંચવાડાભરી સ્થિતિનો ઉકેલ લાવી તેઓએ લગભગ મોટી રકમના શેરો સુરત પારસી પંચાયતના ટ્રસ્ટોમાં જમા કરાવ્યા છે તથા બાકીના શેરો માટે કાયદેસરની કાર્યવાહી ચાલુ છે. કોવિડ કાળ દરમિયાન અવસાન પામનારા પારસીઓના મૃતદેહને પારસી રીત - રિવાજ અને પરંપરા મુજબ જ દોખમેનશીની અંગેની પરવાનગી તેઓએ ઠેઠ સુપ્રીમ કોર્ટ સુધી લડત આપીને મેળવી હતી જેનો લાભ સમગ્ર ભારતમાં વસતા પારસી સમુદાયને મળ્યો હતો, વગેરે કાર્યો તેમણે કર્યા હતાં.

# બિહારમાં ચૂંટણી પૂર્વે સરકારી યોજના હેઠળ મહિલાઓના ભંડોળનો મુદ્દો ઉઠાવવામાં આવશે: શરદ પવાર

પુણે: બિહારમાં ચૂંટણી પૂર્વે સરકારી યોજના હેઠળ મહિલાઓને ભંડોળ આપવાનો મુદ્દો ઉઠાવવામાં આવશે એમ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના અધ્યક્ષ શરદ પવારે વિપક્ષી નેતાઓ સાથે ચર્ચા દરમિયાન જણાવ્યું હતું. બિહારની ચૂંટણીમાં શાસક એનડીએએ વિપક્ષી મહાગઠબંધન જૂથને નષ્ટ કરીને પ્રચંડ વિજય મેળવ્યાના થોડા દિવસો પછી તેમની ટિપ્પણી આવી છે.

સોલાપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પવારે જણાવ્યું હતું કે મતદાનનું પરિણામ અમારી અપેક્ષાઓથી અલગ આવ્યું છે. જોકે જનતાના જનાદેશનો સ્વીકાર કરવો રહ્યો. મહારાષ્ટ્ર અને બિહારમાં ચૂંટણી પહેલા જ લાડકી બહિણ અને મહિલાઓને ૧૦ હજાર રૂપિયા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર જેવી યોજનાઓ શરૂ કરવામાં આવી હતી એ બધાએ જોયું છે.

અગાઉ આવું ક્યારેય જોવા નથી મળ્યું. એમ પવાર મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાનો ઉલ્લેખ કરી રહ્યા હતા. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વખતે પૈસા વિતરણ કરવામાં આવે છે એવું સાંભળ્યું હતું એવો ખુલાસો કરી પવારે ઉમેર્યું હતું કે રાજ્યની ચૂંટણી પહેલા મહિલાઓના બેંક ખાતામાં દસ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા એ સાવ નવી વાત છે. (પીટીઆઈ)

# નવી મુંબઈ ઍરપોર્ટ સુધી ટ્રાફિકમુક્ત પ્રવાસ માટે ખારઘર-સીબીડી બેલાપુર અને ઉલ્વે કોસ્ટલ રોડ

મુંબઈ: દેશના આર્થિક પાટનગર મુંબઈ બાદ હવે નવી મુંબઈમાં પણ કોસ્ટલ રોડ યોજના હાથ ધરવામાં આવી છે. સિડકોએ ખારઘર-સીબીડી બેલાપુર કોસ્ટલ રોડ અને ઉલવે કોસ્ટલ રોડનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ બંને રોડ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટને સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડવાની સાથે જ ટ્રાફિકને ઓછો કરવામાં મદદરૂપ થશે.

ખારઘર-સીબીડી બેલાપુર કોસ્ટલ રોડ ૧,૦૨૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવશે. આ કોસ્ટલ રોડથી બંને ઉપનગર વચ્ચેની મુસાફરીનો સમય હાલનો ૩૦થી ૪૦ મિનિટનો છે, તેમાં મોટો ઘડાટો થવાની શકયતા છે. આ કોરિડોર ૩૦ મીટર પહોળો અને ૯.૬૭૮ કિલોમીટર લાંબો હશે, જેમાંથી ૬.૯૬ કિલોમીટરનો નવો રસ્તો હશે તો હાલના રસ્તાનો ઉપયોગ આ કોરિડોરમાં કરવામાં આવશે.

આ રોડ ખારઘરમાં સેકટર-૧૬માં જલમાર્ગથી શરૂ થશે અને ખારઘર રેલવે સ્ટેશન પાસેથી પસાર થશે અને નેરુલમાં ડીપીએસ પાસે પૂરો થશે, જે પામ બીચ રોડને જોડે છે. સિડકોના અધિકારીએ જણાવ્યું હતું કે સાયન-પનવેલ એક્સપ્રેસ પર એક ઈન્ટરચેન્જ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એપોર્ટ સુધી સીમલેસ એક્સેસ પૂરું પાડશે અને નવી મુંબઈના સૌથી વ્યસ્ત રોડ પરના ટ્રાફિકના દબાણને ઘટાડવામાં મદદ મળશે.

આ પ્રોજેક્ટને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી તરફથી તમામ મંજૂરીઓ મળી ગઈ છે. બાંધકામની શરૂઆત ૨૦૨૬ની શરૂઆતમાં થવાની ધારણા છે અને કામ ૨૦૨૮ના અંતમાં પૂરું કરવાનું લક્ષ્ય છે. છ લેનના સાત કિલોમીટર લાંબા ઉલ્વે કોસ્ટલ રોડનું કામ ૬૦ ટકા સુધી થઈ ગયું છે અને ૨૦૨૬ના અંત સુધીમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. લગભગ ૧,૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવેલા આ પ્રોજેક્ટમાં ૫.૮ કિલોમીટરનો કોસ્ટલ સેકશન અને ૯૦૩ મીટરનો એલિવેટેડ એરપોર્ટ લિંક રોડનો સમાવેશ થાય છે, જે અટલ સેતુથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી સીધો ટ્રાફિક સિગ્નલ મુક્ત પ્રવેશની સુવિધા ઉપલબ્ધ કરશે.

અધિકારીના જણાવ્યા મુજબ આ કોરિડોર આમરા માર્ગ અને નેશનલ હાઈવે ૩૪૮ને બાયપાસ કરશે, જેનાથી દક્ષિણ મુંબઈથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધીનો મુસાફરીનો સમય ૨૫ મિનિટ સુધી ઘટશે. તે જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી (જેએનપીએ) અને નવી મુંબઈ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સાથે કનેક્ટિવિટીને પણ મજબૂત બનાવશે.

નવમા પાનાનું ચાલુ

## મંગળવારે

ડોંબિવલીના દિવંગત નગરસેવક વામન મ્હાત્રેના પુત્ર અનમોલ મ્હાત્રેનો પણ ભાજપ પ્રવેશ કરાવાયો હતો.

આ ઉપરાંત મંગળવારે જ દાદા ભૂસેને વિધાનસભાની ચૂંટણીમાં જોરદાર લડાઈ આપનારા શિવસેના (યુબીટી)ના નેતા અદ્વૈય હીરેને ભાજપમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આવી જ રીતે શિંદેના અન્ય એક પ્રધાન સંજય શિરસાટની સામે વિધાનસભાની ચૂંટણી લડનારા રાજુ શિંદેને શિવસેના (યુબીટી)માંથી ભાજપમાં લેવામાં આવ્યા છે. એક રીતે આ બધા પક્ષપ્રવેશને ભાજપની શત પ્રતિશત ભાજપની દિશામાં આગળ વધવાનું પગલું માનવામાં આવી રહ્યું છે. કેમ કે મંગળવારે રાજ્યના ત્રણ અલગ અલગ વિસ્તારમાં કરવામાં આવેલા પક્ષપ્રવેશ એકનાથ શિંદેને ફટકો મારવા સમાન હતા.

## બાબા સિદ્દીકી

જોઇએ. રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીની ૧૨ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ બાંદ્રામાં પુત્ર ઝીશાનની ઓફિસ બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇ ગેન્ગના સાગરીતો સહિત ૨૬ જણની ધરપકડ કરવામાં આવી હતી. આરોપનામામાં પોલીસે તેને આ કેસનો મુખ્ય કાવતરાખોર અને વોન્ટેડ આરોપી બતાવ્યો છે.

પોલીસે જણાવ્યું હતું કે આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓના મોબાઇલમાંથી ઘણી વોઇસ ક્લિપ્સ મળી છે, જે અનમોલના અવાજ સાથે મેળ ખાય છે. કથિત વોઇસ ક્લિપ્સમાં અનમોલ હત્યા માટે સૂચના આપતો સંભળાય છે.

## છેવટે થઈ

આપશે નહીં. સૂત્રોએ દાવો કર્યો હતો કે મંગળવારે મંત્રાલયમાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં શિવસેનાના વડા માત્ર નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જ હાજર હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, શિવસેના સાથી પક્ષ ભાજપને સંદેશ આપવા માંગતી હતી કે તેને સેનાના કાર્યકરો અને નેતાઓને દૂર રાખવાની મંજૂરી નથી. સેનાના પ્રધાનો બાદમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમની ચેમ્બરમાં મળ્યા હતા અને પોતાની નારાજી વ્યક્ત કરી હતી, પરંતુ ફડણવીસે જણાવ્યું હતું કે તે શિંદે સેનાએ સૌપ્રથમ પાડોશી ઉલ્હાસનગરમાં ભાજપના સભ્યોને પોતાના પક્ષમાં પ્રવેશ આપ્યો હતો, એવી માહિતી આધારભૂત સૂત્રો પાસેથી મળી હતી. મુખ્ય પ્રધાને સેનાના નેતાઓને જણાવ્યું હતું કે જ્યારે તેમનો પક્ષ અન્ય સાથી પક્ષોના સભ્યોને છીનવવાનો પ્રયાસ કરે છે, ત્યારે ભાજપ પણ આવું કરી શકે છે. હવે તમારે ફરિયાદ ન કરવી જોઈએ.

એવું જાણવા મળ્યું હતું કે આ બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે હવેથી, મહાયુતિના મુખ્ય ઘટકપક્ષોએ એકબીજાના નેતાઓ-કાર્યકરોને સામેલ ન કરવા. આ બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સહમતી હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. મહારાષ્ટ્રમાં શાસક મહાયુતિ ગઠબંધનમાં ભાજપ, શિવસેના અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે.

### બહિષ્કાર અંગે ઉદય સામંતે શું કહ્યું?

શિવસેનાના મંત્રીઓની નારાજગી પર રાજ્યના પ્રધાન ઉદય સામંતે કહ્યું હતું કે, અમે ફક્ત એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસને મુખ્ય પ્રધાન તરીકે શું જોઈએ છે તેની જ વાત કરીશું. તેથી, શિવસેનાના પ્રધાનો મુખ્ય પ્રધાનને મળવા ગયા હતા. બાકીના પ્રધાનો ફક્ત સંયોગથી જ બેઠકમાંથી ગેરહાજર રહ્યા હતા.

ભવિષ્યમાં આવા સંયોગો ઘણી વખત આવશે. આજની બેઠક ખેલદિલ વાતાવરણમાં યોજાઈ હતી. હું આરોગ્યની તપાસ માટે ગયો હતો. તેથી, હું બેઠકમાં હાજર નહોતો. જોકે, અમારા ટોચના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બેઠકમાં હાજર હતા. અમે મુખ્ય પ્રધાનને અમારા મનમાં શું હતું તે જણાવ્યું છે. અમે ક્યાંય કેબિનેટની બેઠકનો બહિષ્કાર કર્યો નથી. અમારા ટોચના નેતાઓ બેઠકમાં હાજર હતા. તેથી, કોઈ તેને બહિષ્કાર કહી શકે નહીં. હું મંત્રાલયમાં નહોતો. હું તબીબી તપાસ માટે ગયો હતો. તેથી, હું બેઠકમાં હાજર રહી શક્યો ન હતો.

### બાવનકુળેએ નારાજીના દાવાઓને ફગાવી દીધા

રાજ્યમાં ચૂંટણીનું વાતાવરણ છે અને પ્રધાનો પોતપોતાના જિલ્લાના પાલક પ્રધાનો પણ છે એટલે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના કેટલાક પ્રધાનો પણ તેમના જિલ્લાઓમાં છે. તેથી, કેબિનેટ બેઠકમાં પ્રધાનોની સંખ્યા ઓછી હતી. મુખ્ય પ્રધાનની સાથે, બંને નાયબ મુખ્ય પ્રધાનો (એકનાથ શિંદે અને અજિત પવાર) બેઠકમાં હાજર હતા. હાલમાં પણ, તેમની અલગ અલગ બેઠકો ચાલી રહી છે.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમિતિની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. હવે વન વિભાગની બેઠક ચાલી રહી છે. જોકે, મીડિયા જે સમાચાર બતાવી રહ્યું છે તેના જેવું કંઈ નથી. આ દરમિયાન, બાવનકુળેને પૂછવામાં આવ્યું કે શું કલ્યાણ-ડોંબિવલીમાં ભાજપ દ્વારા શિવસેનાના ઘણા પદાધિકારીઓને પોતાની પાર્ટીમાં સામેલ કરવાથી શિવસેનામાં કોઈ નારાજગી છે? આના પર બાવનકુળેએ કહ્યું, આવો કોઈ મુદ્દો નથી. તમારા મીડિયાની આગાહી ખોટી છે. મહાયુતિમાં ક્યાંય કોઈ નારાજગી નથી. અમે બધા સાથે છીએ.

## મુંબઈ અને ઉપનગરો

સહિત વિવિધ સત્તાવાળાઓ તરફથી જમીન અને પ્લોટનો યોગ્ય ઉપયોગ નક્કી કરવાને પ્રાથમિકતા આપવામાં આવી છે. કન્સેપ્ટ-આધારિત આઇકોનિક સિટી ડેવલપમેન્ટ માટે નીતિ જાહેર કરવામાં આવી છે. સિડકો સહિત અન્ય સત્તાવાળાઓને સંબંધિત ખ્યાલોના આધારે સંકલિત વસાહતો બનાવવાનો અધિકાર મળશે. રહેણાંક સંકલિત વસાહતો અથવા આંતરરાષ્ટ્રીય વ્યાપારી વિસ્તારો બનાવવામાં આવશે. સિડકો સહિત વિવિધ સત્તાવાળાઓ તરફથી લેન્ડ બેંકોના યોગ્ય ઉપયોગ માટે નીતિ નક્કી કરવામાં આવી છે.

### ગૃહનિર્માણ વિભાગ

બૃહન્મુંબઈ ઉપનગરોમાં વીસ એકર કે તેથી વધુ વિસ્તાર ધરાવતા મ્હાડાના આવાસ પ્રોજેક્ટ્સના પુનર્વિકાસ માટેની નીતિ નક્કી કરવામાં આવી છે. આનાથી મુંબઈ શહેર અને ઉપનગરોમાં નાગરિકોને મોટી સંખ્યામાં પરવડી શકે તેવા દરે ઘરો મળશે.

### રાહત અને પુનર્વસન વિભાગ

જમીન સંપાદન, સ્થળાંતર અને પુનર્વસન સંબંધિત કેસોના નિકાલ માટે નવી જગ્યાઓ બનાવવામાં આવશે. આનાથી જમીન સંપાદન, સ્થળાંતર અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાના અધિકાર અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૬૪ હેઠળ દાખલ થયેલા પડતર કેસોના નિકાલમાં ઝડપ આવશે.

### કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા વિભાગ

રતન ટાટા મહારાષ્ટ્ર રાજ્ય કૌશલ્ય યુનિવર્સિટી માટે ૩૩૯ પદનું નિર્માણ કરવામાં આવશે. મંગળવારની બેઠકમાં ૨૩૨ શિક્ષક અને ૧૦૭ બિન-શૈક્ષણિક પદોને મંજૂરી આપવામાં આવી હતી.

### મહિલા અને બાળ વિકાસ વિભાગ

મહારાષ્ટ્ર ભીખ માંગવા પ્રતિબંધ કાયદામાંથી અપમાનજનક શબ્દો દૂર કરવાને મંજૂરી આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કાયદો અને ન્યાય વિભાગ દ્વારા કરવામાં આવેલી ભલામણો અનુસાર, મહારાષ્ટ્ર ભીખ માંગવા પ્રતિબંધ કાયદા, ૧૯૫૯ની કલમ ૯ અને કલમ ૨૬માંથી રક્તપિત્ત પીડિત, રક્તપિત્તીયા, રક્તપિત્ત હોસ્પિટલ જેવા શબ્દો દૂર કરવામાં આવશે.

### કાયદો અને ન્યાય વિભાગ

મહારાષ્ટ્ર પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ માં સુધારો કરવાને મંજૂરી આપવામાં આવી હતી.

## મુંબઈમાં સીએનજીનો

છે. 'હું સવારના ૪ વાગ્યાથી સીએનજી પંપની કતારમાં રાહ જોઈ રહ્યો છું અને મને હજુ પણ ખબર નથી કે મારું વાહન ક્યારે રિફિલ થશે, કારણ કે મારી આગળ ઘણી બધી ટેક્સીઓ છે,' એમ એક ટેક્સી ડ્રાઈવર સીતારામ રજકે જણાવ્યું હતું. તે તારદેવમાં એમજીએલના સીએનજી પંપ પર રિફિલિંગ માટે લાંબી કતારમાં રાહ જોઈ રહ્યો હતો. રજકે કહ્યું કે તે વહેલીતકે સીએનજી રિફિલ કરવા માગે છે, રસ્તાઓ પર ઓછી કેબ કાર્યરત હોવાથી સારી કમાણી કરવાની આશા રાખે છે. ઘરગથ્થુ પાઇપ્ડ નેચરલ ગેસ (પીએનજી) સપ્લાય પર કોઈ અસર પડી ન હોવાનો દાવો પણ એમજીએલ દ્વારા કરવામાં આવ્યો હતો.

પેટ્રોલ ડીલરો દ્વારા જણાવાયું છે કે ઓછા દબાણવાળા પંપોને ડિસ્પેન્સિંગ ઘટાડવાની ફરજ પડી હતી અથવા કામચલાઉ ધોરણે કામગીરી બંધ કરવાની ફરજ પડી હતી. પેટ્રોલ ડીલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, મુંબઈ શહેરમાં લગભગ ૧૫૦ સીએનજી પંપ છે અને ઘણા સોમવાર સવારથી ગેસના ઓછા દબાણને કારણે કાર્યરત નથી. કેટલીક એપ-આધારિત કેબ્સ પેટ્રોલ પર સ્વિચ કરી હતી, પરંતુ મોટાભાગની કાળી-પીળી ટેક્સીઓ, જેમણે જાળવણી ખર્ચ ઘટાડવા માટે પોતાનો પેટ્રોલ વિકલ્પ દૂર કર્યો હતો, તેમને આવો કોઈ લાભ મળ્યો નહોતો અને તેમને કામગીરી બંધ કરવાની ફરજ પડી હતી, એમ ડીલરો દ્વારા જણાવાયું હતું.

બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમના સૂત્રોએ જણાવ્યું હતું કે કેટલાક ડેપોમાં પુરવઠો પ્રભાવિત થવાને કારણે તેની કેટલીક સીએનજી બસો મોડી પડી હતી અથવા રૂટ ઘટાડવાની ફરજ પડી હતી. જોકે, યુટિલિટીએ સત્તાવાર રીતે જણાવ્યું હતું કે કામગીરી પર કોઈ અસર થઈ નથી.

'પાઈપલાઈનના સમારકામ પછી મંગળવારે સાંજે વડાલામાં પુરવઠો પુનઃસ્થાપિત થયો હતો અને એમજીએલના નેટવર્કમાં ગેસ પુરવઠો સામાન્ય થઈ ગયો હતો,' એમ જણાવતાં તેમણે થયેલી અસુવિધા બદલ નાગરિકો સમક્ષ દિલગીરી વ્યક્ત કરી હતી.

### રિક્ષા-ટૅક્સી ચાલકોએ ચલાવી ખુલ્લી લૂંટ

સોમવારે મહાનગર ગેસ લિમિટેડ એમજીએલની મુખ્ય ગેસ પાઇપલાઇનમાં ભંગાણ થતા મુંબઈમાં પરિવહનને માઠી અસર પહોંચી હતી. સીએનજી સ્ટેશનો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ગેસની અછતને કારણે કેટલાક વિસ્તારોમાં ઓટો રીક્ષા અને ટેક્સી ભાડામાં મોટો વધારો થયો હતો, જેને કારણે મુસાફરોને હાલાકી ભોગવવી પડી હતી. કેટલાક લોકોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ફરિયાદ કરી હતી કે ઓટો ચાલકો મુસાફરો પાસેથી વધુ ભાડા વસૂલી રહ્યા છે.

પરિવહન ઠપ્પ થઇ જતા ઘણાં લોકોએ વર્ક ફ્રોમ હોમ કરવાનું પસંદ કર્યું હતું. એક એકસ યુઝરે પોસ્ટ કરીને લખ્યું કે મુંબઈ એરપોર્ટ ઉબેર, રેપિડો અને અન્ય કેબ સર્વિસની અછત સર્જાઈ હતી, જેને કારણે મુસાફરો એકઠા થઇ ગયા હતાં એક યુઝરે એકસ પર લખ્યું, મુંબઈમાં સીએનજી પાઇપલાઇનમાં ભંગાણને કારને મુશ્કેલી ઊભી થઇ છે. ઓટો ડ્રાઇવરો મીટરથી ફક્ત ₹૮૯ (એમઆઇડીસી થી અંધેરી) બતાવે છે, એવામાં રૂટ માટે ₹૧૫૦₹૨૦૦ વસૂલી રહ્યા છે. તેણે કહ્યું કે અધિકારીઓને પગલાં લેવા જોઈએ. કેટલાક રહેવાસીઓના જણાવ્યા મુજબ માત્ર થોડા જ કિલોમીટરના અંતર માટે ઓટો ચાલકો ₹૫૦૦ માગી રહ્યા છે.

## હિન્દુ મરણ

**શ્રી ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય બ્રાહ્મણ**

લીમડી નિવાસી, હાલ કાંદિવલી ઈસ્ટ, અ.સૌ. પૂર્ણિમાબેન (ઉં.વ. ૬૭) તે દીપકભાઈ શિવકુમાર જાનીના પત્નિ, જે અ.સૌ. દેવયાનીબેન હરિઓમપ્રકાશ રાવલ, અ.સૌ. ક્ષમાબેન હરિનકુમાર રાવલ, જયંતભાઈ ના ભાભી, મોનિલના માતૃશ્રી, અ.સૌ. ક્રિપીના સાસુ, સાવ્યાના દાદી, તે સ્વ. ચંદ્રિકાબેન અને સ્વ. વિષ્ણુપ્રસાદ દયાશંકાર રાવલના દીકરી તા. ૧૬-૧૧-૨૫ને રવિવારે કૈલાસવાસ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા.૨૦-૧૧-૨૫ને ગુરુવારે સાંજે ૪ થી ૬. ઠઠાઈ ભાટિયા હોલ નં -૨, એસ. વી. રોડ, શંકર લેન કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ ભાટીયા**

અ. સૌ. પન્ના ઉદય કાપડિયા (ઉં. વ. ૬૫) તે ગં. સ્વ. ચંપાબેન હીરજી કાપડિયાના પુત્રવધૂ. ધર્મેશના માતા. અ. સૌ. ઝંખનાના સાસુ. ગં. સ્વ. મધુરીબેન વલ્લભદાસ વેદના પુત્રી. ગં. સ્વ. વિરમતી પ્રાણજીવન, ગં. સ્વ. વીણા વિજયસિંહ. અ. સૌ. પ્રુણીમા પ્રવીણ, ગં. સ્વ. પ્રીતિ પ્રદીપ, ગં. સ્વ. કલ્પના કિશોરના દેરાણી. ગં. સ્વ. પદમાબેન વ્રજદાસના ભાભી. પ્રાર્થનાસભા સ્થળ : વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, એલ.ટી. રોડ. ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ), ગુરૂવારના તા. ૨૦-૧૧-૨૫ના સાંજે ૪થી ૬. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી રાજગોર**

ગં. સ્વ. નર્મદાબેન બાબુલાલ પેથાણી (ઉં. વ. ૮૫) ગામ ફરાદી હાલ મીરારોડ, મુંબઇ તે સ્વ. બાબુલાલ કરસનજી પેથાણીના ધર્મપત્ની તા. ૧૭-૧૧-૨૫ સોમવારના રામશરણ પામેલ છે. ગામ નલીયાના શંકરજી રામજી ભટ્ટના સુપુત્રી. ભગવતી, દમયંતી, ભાવના, ભરત, જનકના માતુશ્રી. ખીમજી જોશી, મોહનલાલ મોતા, ભરત ભટ્ટ, ભારતી, નિર્મળાના સાસુજી. સ્વ. કસ્તુરબેન મુળશંકર પેથાણીના જેઠાણી. તે સ્વ. ઝવેરબેન, સ્વ. પાર્વતીબેન, સ્વ.શાંતાબેન, ગં. સ્વ. સરસ્વતીબેન અમૃતલાલ ભટ્ટના બેન. મુંબઇમાં સાદડી રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ભરત બાબુલાલ પેથાણી, ચૈતન્ય બિલ્ડિંગ, રાજ અક્ષય, મીરારોડ, કાશીમીરા.

**કપોળ**

લાઠીવાળા, હાલ ગોરેગામ (ઈસ્ટ) સ્થિત, નંદલાલ જમનાદાસ પારેખ તથા સ્વ. રમાબેન પારેખના સુપુત્ર ભાવેશ (ઉં.વ. ૬૨) તે બિનીતાના પતિ. તે ચી. અભી તથા અ.સૌ. તિથિ કાર્તિકેય જોશીના પિતા. તે અ.સૌ. સ્મિતા આશીષ મહેતાના ભાઈ. તે સુધીરભાઈ રમણલાલ કાજીના જમાઈ. મોસાળ પક્ષે ઈશ્વરભાઈ દુર્લભદાસ શેઠના ભાણેજ તે રવિવાર, તા. ૧૬-૧૧-૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભાઃ ગુરૂવાર, તા. ૨૦-૧૧-૨૫ સાંજે ૫.૦૦ થી ૭.૦૦. સ્થળઃ ૨જો માળ, જયલિલા બેન્કવેટ્સ, સ્ટેશન રોડ, જયલિલા ફેમિલી રેસ્ટોરન્ટની સામે, જયપ્રકાશ નગર, ગોરેગામ પૂર્વ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડ**

મીતાબેન મહેશભાઈ જવેરી (ઉં.વ. ૮૫), જામનગર નિવાસી હાલ મુંબઈ, તે બાબુલાલભાઈ જવેરીના પુત્રવધૂ તથા રતનબેન અને ચત્રભુજભાઈ શાહના દિકરી. શ્રી રમેશભાઈ, દિનેશભાઈ, પ્રભાબેન, શાંતાબેન, શારદાબેન અને પદ્માબેનના બેન તથા પ્રમિલાબેન અને આશાબેનના નણંદ મંગળવાર, તા. ૧૮/૧૧/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. (પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.)

**પાંચ ગામ વિશા ઝારોળા વણિક**

ધીણોજ વતની હાલ મુંબઇ મહેન્દ્રકુમાર ચંદુલાલ ગાંધી (ઉં. વ. ૮૩) તે સ્વ. લીલાવતી તથા ચંદુલાલ ગાંધીના પુત્ર. સ્વ. સરયુબેનના પતિ. પૌલોમી, જતીન તથા અમીના પિતા. શૈલેશ દવે, રાખી, નિલેશ સંપટના સસરા. સ્વ. વિપીનચંદ્ર, સ્વ. દીવ્યબાળાબેન, સ્વ. અરુણાબેન, સ્વ. ઉર્મિલાબેન તથા જ્યોતિબેનના ભાઇ. સ્વ. ચંદુલાલ પ્રભુદાસ કોઠારીના જમાઇ. તા. ૧૫-૧૧-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા : આનંદાશ્રમ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, બિલ્ડિંગ નં.૧૩, તાલમકી વાડી, તાડદેવ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. તા. ૨૦-૧૧-૨૫ ગુરુવારના સાંજે ૫થી ૭.

**કચ્છી ભાટિયા**

કૃષ્ણરાજ પુરુષોતમદાસ મરચંટ (ઉં. વ. ૮૪) તે રંજનબેનના પતિ. બિનીતા નિહીર ઝવેરી અને મોના મેહુલ શાહના પિતાશ્રી. તે ક્રિષા, આન્યા, કુશાનના નાના. લતાબેન કિશોરભાઇ, જ્યોતિપ્રકાશ મરચંટના મોટાભાઇ. પાયલ જ્યોતિ પ્રકાશના કાકા. અને સ્વ. ડોકટર નારાયણજી શીવજી સોમૈયાના જમાઇ. શનિવાર, તા. ૧૫-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી મુંબઈ ધીરજલાલ (ધીરુભાઈ) પુરુષોતમદાસ સંઘવી (ઉં.વ. ૮૦) તા. ૧૭-૧૧-૨૦૨૫ના શ્રીજી ચરણ પામેલ છે. તે સ્વ. બાબુભાઈ, સ્વ. છબીલદાસ, સુરેશભાઈના ભાઈ, તે સ્વ. શકુંતલાબેન છબીલદાસ સંઘવીના દિયર. મીનાબેન સુરેશ સંઘવીના જેઠ. તે વિપુલ, દેવાંગ, સ્વ. મનિષા, દર્શના ભરત વોરા, રુપલ હરેશ કાણકિયા, જલ્પા કુણાલ ઠક્કરના કાકા, તે જાસ્મિન વિપુલ સંઘવી, સેજલ દેવાંગ સંઘવીના કાકાજી. પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

મૂળ ગામ પોરબંદર હાલ કલ્યાણ જ્યોતિબહેન ચંદુભાઈ ચોથાણી (ઉં.વ.૬૬) સાગર, બોસ્કી દર્શનકુમાર મજીઠિયાના માતુશ્રી. ગો.વા. મંજુલાબહેન નારાયણદાસના પુત્રવધુ. શાંતિભાઈ, પ્રવિણભાઈ, ચેતનાબહેન અજયભાઈ તન્નાના ભાભી. સ્વ. શાંતાબહેન હરજીવનદાસ જોબનપુત્રાના દિકરી. દિલીપભાઈ, વિજયભાઈ, સ્વ. જયશ્રીબહેન રજનીકાંતભાઈ ચંદારાણા, પ્રજ્ઞાબહેન ગિરીશભાઈ કક્કડના બહેન. ૩૧/૧૦/૨૫ના લંડન મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

દહીંસર (મુંબઈ) નિવાસી સ્વ. ધરમશીભાઈ વસનજીભાઈ સામાણીના પુત્રવધુ ગં.સ્વ. હંસાબેન (અરુણાબેન) અરવિંદકુમાર સામાણી (ઉ.વ.૭૮) તે નિખિલ (કિશન), જ્યોતિબેન અતુલકુમાર ઠકરાર અને રાજેશના માતુશ્રી. તે અશોકભાઈ સામાણી, સ્વ. કાંતાબેન ગોપાલદાસ લાધાણી, સ્વ. પુષ્પાબેન ઉનડકટ, સ્વ. વિજયાબેન રાછ તથા હંસાબેન ઉનડકટના ભાભી. તથા ઠા. સુંદરજીભાઈ સવજીભાઈ રાડિયા (જામ ખંભાળિયાવાળા)ના સુપુત્રી. તે રમણિકભાઈ રાડિયા, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. અનસુયાબેન રાજદેવ, સ્વ. મંજુલાબેન કારિયા અને કુમુદબેન રંગપરિયાના બહેન. સોમવાર તારીખ ૧૭-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૦-૧૧-૨૫ના રોજ ૪:૩૦ થી ૬. ઠે. હાલાઈ લોહાણા મહાજન વાડી, ૧ લે માળે એસ.વી. રોડ, શંકર મંદિરની બાજુમા, કાંદિવલી (વેસ્ટ).

**લુહાર સુતાર**

જુના વાઘણીયા નિવાસી હાલ મુંબઈ ગં. સ્વ. હંસાબેન ડાયાભાઇ પરમાર (ઉ .વ. ૮૨) તા. ૧૫/૧૧/૨૫ શનિવારના શ્રીજીશરણ પામ્યા છે. તે અરવિંદભાઈ, અશોકભાઈ, હર્ષાબેન, જયશ્રીબેનના માતુશ્રી. કુંદનબેન, પ્રીતિબેન, દિનેશભાઇ મકવાણા, ભરતભાઈ ડોડીયાના સાસુ. દૃષ્ટિ ભક્તિ હાર્દિકના દાદીમા. સ્વ.જયંતીભાઈ, દિનેશભાઇ, સ્વ. રસીલાબેન વાળા, સરસ્વતીબેન દાવડા, રમાબેન રાઠોડ ના બહેન. સ્વ. સમજુબેન મોહનલાલ સિધ્ધપુરાના દીકરી. પ્રાર્થનાસભા તા.૨૦/૧૧/૨૫ને ગુરવારના રોજ સાંજે ૫ થી ૭, શ્રી લુહાર સુતાર વેલ્ફેર સેન્ટર, વિશ્વકર્મા ચોક, અંબાજી મંદિર પાસે, બોરીવલી (ઈસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. મહાલક્ષ્મીબેન કતીરા (ઉં.વ. ૭૪) તે સ્વ. જમનાદાસ કતીરાના ધર્મપત્ની. સ્વ. રૂક્ષ્મણીબેન વાલજી કાનજી કતીરા વલુભગતના પુત્રવધૂ. તે ભરતભાઇ કતીરા (કનૈયાલાલ) અ. સૌ. કોમલ (કૌશલ્યા) સોમૈયાના માતાજી. તે અમન તથા વૃષિકાના દાદીમા. તે ભાવનાબેન કતીરા તથા યોગેશ સોમૈયાના સાસુજી. ગં. સ્વ. મનાબેન છોટાલાલ પલણ મધુબેન ચત્રભોજ સાયતાના ભાભી. તે સ્વ. મીનાબેન ખીમજી કોટક (લખપત વાલા)ના પુત્રી. તા. ૧૬-૧૧-૨૫ના રવિવારે અવસાન પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૧૧-૨૫ બુધવારના બપોરે ૩.૩૦થી ૪.૩૦. ઠે. અન્નક્ષેત્ર હોલ, નારાયણ સરોવર મધ્યે, લૌકિક વ્યવહાર બંધ છે. મુંબઇમાં પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી લોહાણા**

ભાયંદર નિવાસી દિનેશભાઇ વ્રજલાલ કક્કડ (ઉં. વ. ૭૬) તા. ૧૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે મંજુલાબેન અને વ્રજલાલના પુત્ર. સ્વ. શોભનાબેનના પતિ. ધર્મેશ અને શીતલના પપ્પા. પન્નાના સસરા. રિયાના દાદા. દક્ષા પ્રવીણ, સ્વાતિ સંદીપ, પ્રદીપના ભાઇ. કિન્નરીના જેઠ. હેતવીના કાકા. સરલાબેન અને પ્રતાપરાય પોંદાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. નર્મદાબેન વિસનજી તન્ના કચ્છ ગામ ગુઇર હાલ મુલુંડના મોટા પુત્ર નરેન્દ્ર (ઉં. વ. ૬૯) તે પુષ્પાબેનના પતિ. ગં. સ્વ. ધનલક્ષ્મીબેન મોરારજી દાવડા ગામ જડોદર-કોટડાવાળાના જમાઇ. તે વૃતા વિશાલ, અનમ તથા પરાગના પિતાજી. અ. સૌ. રસિલાબેનના જેઠ. તે હેમલતા હરીશભાઇ, ભારતી રાજેશભાઇ, સ્મિતા વિનોદભાઇ, વંદના જયેશભાઇ, વિનોદ સ્વ. દિલીપના ભાઇ. તે લક્ષ્મીદાસ, ભગવાનદાસ, અરવિંદ, પ્રફુલ, ગં. સ્વ. જયશ્રી ઉમરસી, મધુરી હિમ્મતલાલ, ગં.સ્વ. અનુસુયા હરીશભાઇના બનેવી. બુધવાર, તા. ૫-૧૧-૨૫ના શ્રીરામ શરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

સોનલ મહેશ કાપડિયા દુબઇ નિવાસી (ઉં. વ. ૫૦) તે અનિલાબેન મહેશ કાપડિયાની સુપુત્રી. તે ડેનીની બહેન. તે મયુરીના માતા. તે અ. સૌ. કસ્તુરી ડેની કાપડિયાની નણંદ. તે સ્વ. ચતુરાબેન અને સ્વ. જયંતીલાલ રૂપારેલીયાની દોહીત્રી. રવિવાર, તા. ૧૬-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ગુરુવાર, તા. ૨૦-૧૧-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. સન્યાસ આશ્રમ મંદિર, સન્યાસ આશ્રમ રોડ, પોંડ ગાઉથાન, નવપાડા, વિલેપાર્લે (વેસ્ટ).

**શ્રીમાળી બ્રાહ્મણ**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ચંચળબેન હર્ષદરાય ત્રિભોવન ત્રિવેદીના સુપુત્રી ગં. સ્વ. ચંદ્રિકાબેન મધુસુદન ત્રિવેદી (ઉં. વ. ૯૦) તે સ્વ. મધુસુદન મણિશંકર ત્રિવેદીના પત્ની. વિજયભાઇ અને સંગીતાબેનના માતુશ્રી. અ. સૌ. નીતાબેનના સાસુ. નમનના દાદી. તા. ૧૭-૧૧-૨૫ના દેવલોક પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## હોલ ટિકિટમાં

આ ગડબડ પછી કોલેજ પ્રશાસને એમઆઈએસ સિસ્ટમ બંધ કરી દીધી હતી. સોમવારે મોડે સુધી પણ આ સિસ્ટમ શરૂ થઈ નહોતી. ટેકનિકલ એજ્યુકેશન ડિરેક્ટર પ્રમોદ નાયકે આ સંદર્ભે કોલેજના પ્રિન્સિપાલ પાસેથી ખુલાસો માંગ્યો છે. આ કોલેજ ઓટોનોમસ છે. તેથી પરીક્ષા અને હોલ ટિકિટની વ્યવસ્થા કોલેજમાં જ કરવામાં આવે છે. બોર્ડને આની સાથે કોઈ સંબંધ નથી, એમ નાયકે જણાવ્યું.

## વસઈમાં

પાછી લાવવા માટે કહ્યું હતું. જોકે અર્જુને તેને પાછી લઇ ગયો નહોતો.

દરમિયાન ૧૭ નવેમ્બરે કોમલની માતાને કૉલ આવ્યો હતો, જેમાં જાણ કરવામાં આવી હતી કે કોમલનું ભાયંદર વિસ્તારમાં ટ્રેન અકસ્માતમાં મૃત્યુ થયું છે. કોમલની માતા પોલીસ સ્ટેશનમાં ગઇ ત્યારે તેણે જોયું કે અર્જુન પોલીસ કસ્ટડીમાં છે.

રેલવે પોલીસના જણાવ્યા અનુસાર કોમલ અને અર્જુન ઘટનાને દિવસે ભાયંદર સ્ટેશનથી ચર્ચગેટ-વિરાર ફાસ્ટ ટ્રેનના ફર્સ્ટ ક્લાસ કોચમાં ચડ્યાં હતાં. બંને જણ દરવાજા નજીક ઊભાં હતાં ત્યારે અર્જુને પાછળથી કોમલને ધક્કો માર્યો હતો, જેમાં તે નાયગાંવ નજીક રેલવે ટ્રેક પર પટકાઇ હતી અને ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ થયું હતું. સાક્ષીદાર એવા વિરારના પ્રવાસીએ આખી ઘટના જોઇ હતી અને તેણે અન્ય પ્રવાસીઓની મદદથી અર્જુનને પકડી પાડ્યો હતો અને બાદમાં તેને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. વસઇ રોડ રેલવે પોલીસે તેનું નિવેદન નોંધ્યું હતું. આરોપી હાલ વાલિવ પોલીસની કસ્ટડીમાં છે.

કોમલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભાયંદરની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો અને હત્યાનો કેસ બાદમાં વાલિવ પોલીસને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. આરોપી મામાએ આવું શા માટે કર્યું તેની તપાસ કરવામાં આવી રહી છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ બોરીવલી રમણીકલાલ છોટાલાલ દોશીના સુપુત્ર અનંતરાય (ઉં. વ. ૮૭) રવિવાર, તા. ૧૬-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દમયંતીબેનના પતિ. અશોકભાઇ તથા સ્વ. જયશેખરભાઇના મોટાભાઇ. જ્યોતિબહેન તથા ભારતીબેનના જેઠ. નીતીનભાઇ, ચેતનભાઇ, તથા અલ્પાબેનના પિતાશ્રી. મમતા, જાગૃતિ તથા મુકુલકુમારના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટી પાનેલી નિવાસી હાલ ઘાટકોપર. સ્વ. ચંપાબેન હરસુખલાલ દેશાઈના સુપુત્ર રશ્મિકાંતભાઈ દેશાઈ (ઉં.વ.૭૪) તે ૧૭.૧૧.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. હાર્દિક, શીતલ મહેતાના પિતાશ્રી. હેતલ તથા કુમાર મહેતાના સસરા. તે સવાઈલાલ પી.શાહ (ભાવનગર)ના જમાઈ. તે સ્વ.અતુલભાઈ, અરૂણાબેન શાહ, નીતાબેન દોશી, કિરણબેન કોઠારીના ભાઈ. પ્રાર્થનાસભા, ૨૦.૧૧.૨૫ને ગુરુવારના સવારે ૧૦ થી ૧૨ ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, હિંગવાલા ઉપાશ્રય લેન પાસે, ઘાટકોપર (ઇસ્ટ) પર રાખેલ છે.

**ઝાલાવાડી વીસા સ્થા જૈન**

સુરેન્દ્રનગર નિવાસી, હાલ કાંદીવલી. તે સ્વ. કંચનબેન છોટાલાલ શેઠના પુત્રવધુ ભારતીબેન કિરીટકુમાર શેઠ (ઉં.વ.૭૨) ૧૭/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેઓ પન્ના જેશિકા રાજનના મમ્મી. મનીષ - અમિત જલ્પાના સાસુ. બકુલા નરેન્દ્રના ભાભી. પિયરપક્ષ સ્વ. સુરજબેન ગીરધરલાલ શાહની દિકરી. સ્વ. ઇન્દુ સ્વ. અનિલ સ્વ. હંસા સ્વ. ભરતની બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

વિસાવદર નિવાસી હાલ કાંદિવલી સ્વ. નાનાલાલ મણિલાલ સંઘવીના પુત્ર કિશોરભાઈ સંઘવી (ઉં.વ.૭૩) તે ૧૭/૧૧/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે લીનાબેનના પતિ. પ્રવેશના પિતા, ફોરમના સસરા. સ્વ. રજનીકાંતના જમાઈ. હસમુખભાઈ, સ્વ. જીતુભાઇ, ડો. મહેન્દ્રભાઈ, કમલેશભાઈ, સંજયભાઈ, અમિતભાઇ, વસંતબેન, જ્યોત્સનાબેનના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૦/૧૧/૨૫ના ૩ થી ૫. કલાકે પાવનધામ મહાવીર નગર, કાંદિવલી, (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

આંબા અને ઘાટકોપર નિવાસી હાલ વડોદરા સ્વ. હીરાબેન હિંમતલાલ મહેતાના પુત્રવધૂ અને સ્વ. કીર્તિભાઇ હિંમતલાલ મહેતાના ધર્મપત્ની કોકીલાબેન (ઉં.વ.૭૪) તા. ૧૬-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દિપેશ, દિપાલીના માતુશ્રી. સ્નેહલબેન અને વિશાલભાઇ જશવંતભાઇ ગાંધીના સાસુજી. પિયર પક્ષે ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વિરમતીબેન દિનકરરાય પારેખના દીકરી. તથા સ્વ. વિનોદરાય, સ્વ. ચિત્રંજનાબેન જસવંતરાય મેહતલિયાના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ડી-૪૦૨, દર્શનમ ઓએસિસ, ખોડિયાર નગર, સયાજીપુરા ટાઉનશિપ રોડ, ઓફ વી આઇ પી રોડ, વડોદરા-ગુજરાત.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ગોરસ મહુવા નિવાસી હાલ કાંદીવલી મંજુલાબેન અનંતરાય ચત્રભુજ ત્રિભોવનદાસ દોશીના સુપુત્ર કૌશીકભાઇ (ઉં. વ.૫૬) તા. ૧૬-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જાગૃતિના પતિ. વિરાજ-સલોનીના પિતાશ્રી. જયેશભાઇ-સોનલ, હિતેશભાઇ-પ્રીતી, ગીતાબેન ચેતનકુમાર (ઘોઘાવાળા) નીલાબેન ખાંતિલાલ વોરાના ભાઇ. શ્વસુર પક્ષે નિર્મળાબેન ચંદુલાલ અમૃતલાલ શાહ (વાંકાનેરવાળા)ના જમાઇ. મોસાળપક્ષે કાનજીભાઇ મનજીભાઇ શાહ (ધોબાવાળા) મીત-રીચા-ધ્વીતિ-જીયાના કાકા. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૧-૧૧-૨૫ના સવારના ૧૦થી ૧૧.૩૦ ઠે. લોટસ બેન્કવેટ, ૪થો માળ, રઘુલીલા મોલ, પોયસર, કાંદિવલી (વેસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભચાઉના માતુશ્રી ડાઇબેન-દેમતબેન ખાંખણ પેથા નંદુના પુત્ર ખેરાજ (ઉં. વ. ૭૨) મુંબઇ મધ્યે રવિવાર તા. ૧૬-૧૧-૨૫ના અવસાન પામેલ છે. મણીબેનના પતિ. ભાવેશ, કુંજન, અચીરાના પિતાશ્રી. મહેશ, સચીનના સસરા. માનીત, ખેવનના નાના. ગામ ભચાઉના માતુશ્રી. ખેતઇબેન જીવરાજ કરમશી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સુવઇના માતુશ્રી ભચીબેન તેજશી વેરશી ફરીયાના પૌત્ર માતુશ્રી તેજીબેન ડાયાલાલના સુપુત્ર પ્રવીણભાઇ (ઉં. વ. ૫૯) રવિવાર, તા. ૧૬-૧૧-૨૫ના થાણા મધે અવસાન પામેલ છે. ગીતાબેનના પતિ. ગામ સુવઇના માતુશ્રી મણીબેન પ્રેમજી ભચુભાઇ વધાણના જમાઇ. પ્રાર્થના બુધવાર, તા. ૧૯-૧૧-૨૫ના સવારના ૧૦.૩૦થી ૧૨. ઠે. કાંતિ વિસરિયા બેન્કવેટ હોલ, ગાવદેવી મેદાનની બાજુમાં, બેડેકર હોસ્પિટલની સામે, થાણા (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના મૃદુલા હેમંત ફુરીયા (ઉં.વ. ૬૪) તા. ૧૭-૧૧-૨૫ના અવસાન પામેલ છે. કસ્તુરબેન માવજીના પુત્રવધૂ. હેમંતના ધર્મપત્ની. સુશીલ, નિર્મલ, મિલાંકીના માતુશ્રી. ભાનુબેન પ્રેમજીની સુપુત્રી. અતુલ, અરુણ, નિતીન, જયેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હેમંત માવજી ફુરીયા, બી-૧૧/૩ ન્યુ સિધ્ધિવિનાયક સોસાયટી, એમ.જી. કોમ્પલેક્ષ, વાશી, મું. ૪૦૦૭૦૩.

ભુજપુરના ચાંપશી (બબલુ) દેઢિયા (ઉં.વ. ૫૯) તા. ૧૬/૧૧/૨૫ના અવસાન પામેલ છે. કેસરબેન મોનજીના પુત્ર. સરિતાના પતિ. સ્વ. દમયંતી, કોરશી, સુશીલાના ભાઈ. હૈદરાબાદના પાપમ્મા ગુડપ્પાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સરીતા દેઢિયા, ૧૦૧, નવપાર્વતી વિહાર, કલ્યાણ રોડ, પાથર્લી, ડોંબિવલી (ઈસ્ટ).

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક



# શેરબજાર પર અમેરિકા બાદ જાપાનનું વિઘ્ન?

## જાપાની બોન્ડ માર્કેટની ઊથલપાથલથી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ કેમ છે પરેશાન... ભારત પર તેની કેવી અસર થઈ શકે?

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

માંદી ગાયને ઝાઝી બગાઇ જેવી કહેવત આજકાલ ઇક્વિટી માર્કેટને લાગી પડી છે. અમેરિકાના ટૅરિફ ટેરરિઝમનાં આક્રમણો હળવાં થઇ રહ્યાં હોવાના અણસાર મળી રહ્યા હોવાથી શેરબજારને માંડ કળ વળી રહી છે, ત્યાં હવે તેની સામે જાપાની વિઘ્ન આકાર લઇ રહ્યું હોવાની ભીતિ સર્જાઇ છે.

હાલ નિફ્ટી નવી ઊંચી સપાટીએ પહોંચશે તેમ જ ભારતનો આર્થિક વિકાસ પણ ઇમર્જિંગ માર્કેટમાં પ્રશંસનીય રહેશે એવી સ્થાનિક અને વૈશ્વિક રેટિંગ એજન્સીઓ અને નિષ્ણાતો આગાહી કરી રહ્યા છે ત્યારે અમુક નિરીક્ષકો જાપાનની ડેવલપમેન્ટને રોકાણ જગત માટે એક મોટી અડચણ સમાન ગણાવી રહ્યું છે.

જાપાનના બોન્ડ માર્કેટમાં ભારે ઊથલપાથલ મચી છે અને વૈશ્વિક રોકાણકારોની તેના પર ચાંપતી નજર છે. અલબત્ત ભારત પણ ગ્લોબલાઇઝેશનને કારણે વૈશ્વિક ઘટનાઓથી સંકળાયેલું હોવાથી તેની આડઅસરથી બાકાત રહી શકે એમ નથી. આવો જાણીએ જાપાની બોન્ડ માર્કેટમાં શું ચાલી રહ્યું છે, નિરીક્ષકો કેમ તેના પર ચાંપતી નજર રાખે છે અને રોકાણ જગત પર એકંદરે તેની કેવી અસર શક્ય છે!

જાપાનનું સરકારી બોન્ડ માર્કેટ વર્ષોમાં તેના સૌથી અસ્થિર તબક્કાઓમાં સરકી ગયું છે. જાપાની બોન્ડની લાંબા ગાળાના યિલ્ડ દાયકાઓના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગઇ છે, જેમ કે વીસથી ચાલીસ વર્ષના સેગમેન્ટમાં સામાન્ય રીતે જ્યાં સ્થિર વાતાવરણ જોવા મળે છે ત્યાં, સેલ-ઓફ સૌથી તીવ્ર બની રહ્યું છે. આને કારણે બેંક ઓફ જાપાન (બીઓજે)ને બજારને સ્થિર કરવા માટે બોન્ડ ખરીદીમાં હસ્તક્ષેપ કરવાની ફરજ પડી છે. બીઓજેના અલ્ટ્રા-ઇઝી પોલિસીમાંથી ધીમે ધીમે બહાર નીકળ્યા પછી જે નિયમિત રિપોઝિશનિંગ શરૂ થયું હતું તે હવે મોટા અને વધુ અસ્વસ્થતાપૂર્ણ સેલ-ઓફમાં ફેરવાઈ ગયું છે.

**બોન્ડ માર્કેટની ઊથલપાથલ પાછળ મુખ્ય કારણ શું છે?**

બોન્ડ માર્કેટની ચિંતાનું કારણ બેન્ક ઓફ જાપાનના વલણ કે નીતિ પ્રેરિત નથી, પરંતુ રાજકોષીય પરિસ્થિતિ સાથે વધુ સંકળાયેલું છે. હવે ચિંતા 'કેન્દ્રીય બેંક આગળ શું કરશે?' તરફથી એક વ્યાપક પ્રશ્ન તરફ વળી ગઈ છે, કે 'શું જાપાનની રાજકોષીય સ્થિતિ બજારો માટે સમસ્યા બની રહી છે?'

રોકાણકારો મોટા પ્રમાણમાં બોન્ડ જારી થવાની અપેક્ષાઓ, વ્યાપક બજેટ ખાધ અને રાજકોષીય નીતિને ઝડપથી નિયંત્રણમાં લેવાની રાજકીય સ્તરની મુશ્કેલીને કારણે ચિંતિત છે. કરજનું સ્તર પહેલાથી જ વિશ્વમાં સૌથી વધુ છે, બજારો હવે જાપાનના સૌથી લાંબા સમયગાળાના બોન્ડ જાળવી રાખવાના જોખમ માટે ઊંચું વળતર ઇચ્છે છે.

આને પરિણામે 'સેલ જાપાન' વેપારના નવા સંસ્કરણમાં વધારો થયો છે, જેમાં જાપાન ગવર્મેન્ટ બોન્ડ (જેજીબી)માં શોર્ટ સેલિંગ, નબળા યેન પર દાવ લગાવવો અને ડિસ્કાઉન્ટ દર વધતાં પસંદગીના ઇક્વિટી એક્સપોઝરને ઘટાડવાની પ્રવૃત્તિએ જોર પકડ્યું છે. યેનના મૂલ્યનો ઘટાડો આયાતી ફુગાવાનું જોખમ વધારી રહ્યોં છે અને જાપાનની મધ્યસ્થ બેન્કના નીતિ વલણને જટિલ બનાવી રહ્યો છે. જેજીબીની ઊપજનો વધારો વિશ્વ બજારોમાં કઇ રીતે અસર પ્રસારી શકે છે!

વૈશ્વિક મૂડી પ્રવાહમાં જાપાન મોટી ભૂમિકા ભજવે છે કારણ કે તેના સંસ્થાકીય રોકાણકારો વિદેશી બોન્ડ, ઇક્વિટી અને વૈકલ્પિક સંપત્તિના સૌથી મોટા ધારકોમાંના એક છે. જ્યારે જાપાનીઝ બોન્ડની ઊપજ અર્થપૂર્ણ રીતે વધે છે, ત્યારે વિદેશી રોકાણોની સંબંધિત અપીલ સંકુચિત થાય છે, આકર્ષણ ઘટે છે.

આ ફેરફાર રિપેટ્રીએશનને ઉત્તેજિત કરી શકે છે, જાપાની રોકાણકારો વિદેશી રોકાણ ઘટાડીને નાણાં જાપાન પરત લઇ જવા પ્રેરાય છે, કારણ કે સ્થાનિક ઊપજ તેમને ખૂબ જ ઊંચું અથવા વધુ અસરકારક વળતર અપાવે છે.

જાપાની રોકાણકારોનું રિપેટ્રીએશન ઘણી રીતે મહત્ત્વપૂર્ણ ઘટના બની રહે છે. પ્રથમ, જાપાની ફંડો યુએસ ટ્રેઝરી, યુરોપિયન સોવરિન બોન્ડ્સ અથવા ઇમર્જિંગ માર્કેટ ડેટમાંથી પોતાના એક્સપોઝરમાં ઘટાડો કરી શકે છે અને આ રીતે રોકાણ પાછું ખેંચાઇ જવાથી ઉપરોક્ત ગ્લોબલ બોન્ડની યિલ્ડમાં વધારો થઇ શકે છે.

બીજું, જાપાની રોકાણકારો તેમના વિદેશી હોલ્ડિંગ્સના મિશ્રણમાં ફેરફાર કરે છે ત્યારે ચલણ બજારોમાં હેજિંગ કોસ્ટ ઝડપથી બદલાઈ શકે છે. આને પરિણામે ડોલર, યુરો અને ઘણી એશિયન ચલણોમાં અસ્થિરતા સર્જાઇ શકે છે.

ત્રીજું, ખાસ કરીને એવા સમયે જ્યારે ઘણા રોકાણકારો પહેલાથી જ વૈશ્વિક આર્થિક વિકાસ અને ભૂરાજકીય પરિબળોને કારણે સાવચેતીનું માનસ ધરાવે છે ત્યારે આ રીતે જો ડોમેસ્ટિક એસેટને રોકાણકારો પ્રાથમિકતા આપે તો ઇક્વિટી જેવી ગ્લોબલ રિસ્ક એસેટમાં પ્રવાહિતા શોષાઇ શકે છે.

ભારત માટે તેનો અર્થ શું છે?

વૈશ્વિકીકરણમાં સંકળાયેલું ભારત આ વૈશ્વિક ઘટનાઓથી મુક્ત રહેવાનું નથી. જોકે ભારતીય સરકારી બોન્ડ્સમાં વિદેશી ભાગીદારી વૈશ્વિક ધોરણોની તુલનામાં મધ્યમ રહે છે, પરંતુ મુખ્ય બોન્ડ સૂચકાંકોમાં તેના સમાવેશ પછી દેશ ગ્લોબલ પ્રવાહ માટે વધુ જાણીતું ગંતવ્યસ્થળ બની ગયો છે.


જાપાનીઝ બોન્ડની ઊપજમાં વધારો વૈશ્વિક જોખમ મુક્ત બેન્ચમાર્કને ઊંચે લઇ જઇ શકે છે અને તેની સેન્ટિમેન્ટલ અસરને કારણે ભારતમાં ઊપજની અપેક્ષાઓને પ્રભાવિત કરી શકે છે.

ગ્લોબલ યિલ્ડનું ઊંચુ સ્તર ઘણીવાર લાંબા ગાળાની બોરોઇંગ કોસ્ટમાં વધારો, વિકાસ સાથે સંવેદનશીલતા ધરાવતી ઇક્વિટી પર દબાણ અને નબળા યેન તથા અન્ય એશિયન ચલણો સામે ડોલર મજબૂત થતાં ચલણની અસ્થિરતા તેમ જ ઊથલપાથલને આમંત્રે છે. આમ છતાં, ભારતને સૌથી ખરાબ અસર થાય એવું પણ નથી. ભારત મજબૂત સ્થાનિક પ્રવાહિતા, સંસ્થાકીય પ્રવાહમાં વધારો અને જાપાની ભંડોળ પર સીધી રીતે ઓછી નિર્ભરતા જેવાં પરિબળોને કારણે ઝંઝાવાત સામે ટકી શકે છે.

જોકે, આગળ જણાવ્યું એમ ભારત ગ્લોબલાઇઝેશનનો હિસ્સો છે એટલે જો જાપાનની રાજકોષીય ચિંતાઓ લાંબા સમય સુધી બોન્ડ માર્કેટની અશાંતિમાં પરિણમે, તો ગ્લોબલ એસેટે એલોકેટર્સ ઉચ્ચ વૈશ્વિક દરો આધારરેખા સાથે ભારત સહિત તમામ બજારોમાં જોખમ પ્રીમિયમનું પુનર્મૂલ્યાંકન કરશે. સરળ શબ્દોમાં રોકાણકારો ઇક્વિટીમાંથી એક્સપોઝર ઘટાડી શકે છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ટ્રમ્પની ચોમેરથી ભીંસ વધી રહી છે...



જેફરી એપસ્ટીન – ડોનલ્ડ ટ્રમ્પ

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સૌથી અકળ અને અકલ્પનીય પ્રમુખ છે. એ શું કરશે અને ક્યારે યુ-ટર્ન લેશે એની તેમના વિશ્વાસુઓને પણ ખબર નથી હોતી. ટ્રમ્પ ચોમેરથી ભીંસમાં આવી રહ્યા છે.

હાલમાં બહાર પાડવામાં આવેલ સેક્સ ગુનેગાર જેફરી એપસ્ટીનના ઈ-મેલને લીધે ટ્રમ્પ મુસીબતમાં આવી ગયા છે. આ ઈ-મેલ ટ્રમ્પ અને એપસ્ટીનને કેટલો ઘનિષ્ઠ સંબંધ હતો એ સિદ્ધ કરે છે. આ ઘટસ્ફોટને લીધે એપસ્ટીનની બધી ફાઈલ રિલીઝ કરવાનું ટ્રમ્પ પર જબરું દબાણ આવ્યું છે.

ઐતિહાસિક શટડાઉન બાદ ટ્રમ્પનું રેટિંગ નીચે જઈ રહ્યું છે. અમેરિકામાં ફૂગાવો અને મોંઘવારી વધી રહી હોવાથી જનતા ત્રસ્ત થઈ ગઈ છે. વર્જિનિયા, ન્યૂ જર્સી અને ન્યૂ યોર્ક જેવી સ્થાનિક ચૂંટણીમાં ડેમોક્રેટનો વિજય થયો છે... ટ્રમ્પે જેમની સામે સીધી બાથ ભીડી હતી તે મૂળ ભારતીય ઝોહરાન મમદાનીએ ન્યૂ યોર્કના મેયર પદની ચૂંટણી જીતીને ટ્રમ્પના દાંત ખાટા કરી દીધા છે. આ શહેરના પ્રથમ મુસ્લિમ મેયર બનતા અટકાવવા રિપબ્લિકને પાણીની જેમ નાણાં વેર્યાં હતાં.

ટ્રમ્પે આ પછડાટ બાદ કોફી, ટ્રોપિકલ ફ્રૂટ્સ, ટમેટા, કેળા, બીફ સહિતની ખાદ્ય વસ્તુ પરની ટૅરિફ તાત્કાલિક દૂર કરી હતી. નાણાકીય સંસ્થાઓ એવી ચેતવણી આપી રહ્યા છે કે જો ટ્રમ્પ તેમની નીતિ નહીં સુધારે તો અમેરિકા યુરોપ જેવી આર્થિક મંદીમાં સપડાઈ જશે.

એક તરફ અમેરિકાનું અર્થતંત્ર મંદીના માર્ગે જઈ રહ્યું છે ત્યારે બીજી બાજુ ટ્રમ્પની અંગત આવકમાં જંગી વધારો થઈ રહ્યો છે. ટ્રમ્પે ૨૦૨૪માં ૭૦ કરોડ ડૉલરની કમાણી કરી હતી અને તેમણે બોન્ડમાં ૮.૨ કરોડ, ડૉલરનું રોકાણ કર્યું છે.

એચ-વન બી વિઝા અંગે ટ્રમ્પે યુ-ટર્ન લીધો છે. ટ્રમ્પ હવે કહે છે કે અમેરિકા પાસે ટેલેન્ટેડ વર્કર્સ ન હોવાથી મારે આ વિઝા આપવા પડે છે. ટ્રમ્પે ભારત પર સૌથી વધારે ટૅરિફ લાદી છે, પરંતુ હવે એ ભારત સાથે વેપાર કરાર હાથવેંતમાં હોવાની વાત કરે છે. ભારત પર ઊંચો ટૅરિફ લગાડ્યો હોવા છતાં અમેરિકન કંપનીઓ તેમનું ભારતમાં રોકાણ વધારી રહી છે. ઘણા રાજકીય નિષ્ણાતો માને છે કે અમેરિકામાં મિડ ટર્મ ઇલેક્શન થશે એને એમાં ડેમોક્રેટ સારો દેખાવ કરશે તો ટ્રમ્પ સામે ઈમ્પીચમેન્ટ એટલે કે મહાભિયોગની પ્રક્રિયા ચાલુ થઈ જશે.

યુનાઇટેડ સ્ટેટ્સના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવે દોષિત જાતીય ગુનેગાર જેફરી એપસ્ટીન સંબંધિત ફાઇલો જાહેર કરવાના દબાણે એક મહત્ત્વપૂર્ણ અવરોધ દૂર કર્યો, ડેમોક્રેટ્સ અને મુઠ્ઠીભર રિપબ્લિકન્સે ૩૦ દિવસની અંદર ફાઇલો જાહેર કરવાના બિલ પર ફ્લોર વોટ માટે ૨૧૮ સહી મળી ગઈ છે.

આ વધતા જતા વિવાદનું કારણ જેફરી એપસ્ટીન ફાઇલ્સ સાથે સંબંધિત કેટલાક ઈ-મેલ્સ છે. જેના પર અનેક સગીરાઓના યૌન શોષણનો આરોપ હતો એ એપસ્ટીનના સંપર્કમાં અમેરિકાના અનેક પ્રતિષ્ઠિત લોકો હતા, એમાં ટ્રમ્પનું નામ સીધું સામે આવતાં મામલો ગરમાયો છે.

એક ઈમેલ એપ્રિલ ૨૦૧૧નો છે, જેમાં એપસ્ટીન, મેક્સવેલને લખે છે કે ટ્રમ્પે પીડિતા સાથે મારા ઘરે કલાકો વિતાવ્યા હતા, પરંતુ અત્યાર સુધી તેમનો ઉલ્લેખ એક પણ વાર આવ્યો નથી. બીજો ઈમેલ જાન્યુઆરી ૨૦૧૯નો છે. લેખક માઈકલ વુલ્ફને મોકલેલા એક ઈમેલમાં એપસ્ટીને લખ્યું હતું કે, 'નિઃશંકપણે ટ્રમ્પ છોકરીઓ વિશે જાણતા હતા, કારણ કે ટ્રમ્પે ગિસલેનને આવું કરવાની ના પાડી હતી.' આ ઈમેલ એપસ્ટીનની ધરપકડના થોડા મહિના પહેલાનો હોવાનું કહેવાય છે.

જોકે, ટ્રમ્પે આ તમામ આરોપને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું કે એ એપસ્ટીનને ૧૯૯૦ના દાયકાથી જાણતા હતા, પરંતુ બાદમાં બંનેના રસ્તા અલગ થઈ ગયા હતા. એક વાત ધ્યાન આપવા જેવી છે કે, થોડા મહિના પહેલા જ ટ્રમ્પ પ્રશાસને આ કેસ બંધ કરી દીધો હતો અને કહ્યું હતું કે આ કેસમાં વધુ કંઈ જોવા કે સાંભળવા જેવું બાકી રહ્યું નથી.

ટ્રમ્પ અને 'ટેસ્લા'ના માલિક ઈલોન મસ્ક વચ્ચે થયેલી તકરાર હવે જગજાહેર છે. ટ્રમ્પે મસ્કની કપંનીને સબસીડી આપવાની બંધ કરવાની ધમકી આપી છે તો મસ્કે એપસ્ટીન ફાઇલ્સનો ઉલ્લેખ કરીને ટ્રમ્પનું નાક દબાવવાનો પ્રયાસ કર્યો છે. મસ્કનું કહેવું છે કે આ ફાઇલ્સમાં એવી ગુપ્ત માહિતી છે જેનાથી ટ્રમ્પની ખુરશી જઇ શકે છે. જોકે આ મસ્કના આ આક્ષેપ બાદ ટ્રમ્પને સરેન્ડર થઈ ગયા છે.

તાજેતરની યાદીમાં ભૂતપૂર્વ વિદેશ મંત્રી હિલેરી ક્લિન્ટનનું નામ પણ સામે આવ્યું છે. આ પહેલા બિલ ક્લિન્ટન, સ્ટીફન હોકિંગ જેવા ઘણા ચોંકાવનારા નામ પણ સામે આવ્યા છે.

જોબર્ગની જુબાનીમાં ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોબર્ગે કહ્યું હતું કે એપસ્ટીને ટ્રમ્પને ફોન કર્યો હતો, જેમણે એક કેસિનોની મુલાકાત લીધી હતી. જો કે આ પહેલા ટ્રમ્પે એક નિવેદનમાં કહ્યું હતું કે તેમનો એપસ્ટીન સાથે કોઈ સંબંધ નથી. અલગ-અલગ ફલાઇટ રેકોર્ડ્સ દર્શાવે છે કે ટ્રમ્પે ૧૯૯૦ના દાયકામાં એપસ્ટીનના વિમાનનો ઘણી વખત ઉપયોગ કર્યો હતો.

વિપક્ષી દળ અને વિરોધી ટ્રમ્પ પર એપસ્ટીન સાથે સાંઠગાંઠ હોવાના આરોપ લાગ્યા છે. જોઇએ હવે ટ્રમ્પને આનાથી કેટલું નુકસાન થશે...

### આ વિવાદાસ્પદ એપસ્ટીન કોણ હતો?

એપસ્ટીન એક ધનવાન અને હાઇ-પ્રોફાઇલ સોશ્યલાઇટ હતો, જેની પાસે કરોડોની સંપત્તિ અને પ્રાઇવેટ જેટ હતા.

૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકામાં તેના સંબંધો બિલ ક્લિન્ટન, ડોનલ્ડ ટ્રમ્પ, પ્રિન્સ એન્ડ્રુ અને બિલ ગેટ્સ જેવી હસ્તીઓ સાથે હતા.

૨૦૦૭માં તે સગીરાના યૌન શોષણના આરોપોમાં ફસાયો, જેના કારણે તેને 'પ્લી ડીલ' હેઠળ માત્ર ૧૩ મહિનાની જેલ થઈ.

૨૦૧૯માં યૌન ટ્રાફિકિંગના આરોપોમાં તેની ફરી ધરપકડ થઈ, પરંતુ કેસ શરૂ થાય તે પહેલાં જ તેણે જેલમાં કથિત રીતે આત્મહત્યા કરી લીધી હતી.

૨૦૧૮માં 'મિયામી હેરાલ્ડે' દૈનિકે તેના કેસની વિસ્તૃત તપાસ પ્રકાશિત કરી ત્યાં સુધી એપસ્ટીન શક્તિશાળી લોકો સાથે મિત્રતા રાખતો હતો અને ફોજદારી ન્યાય પ્રણાલી દ્વારા તેની સાથે ઉદાર વર્તન કરવામાં આવતું હતું.

૨૦૦૫માં, પામ બીચ પોલીસે એપસ્ટીનની તપાસ શરૂ કરી હતી જ્યારે અહેવાલો અનુસાર ૧૪ વર્ષની છોકરી સાથે તેની હવેલીમાં છેડતી કરવામાં આવી હતી. ૨૦૦૬માં એક ગ્રાન્ડ જ્યુરીએ એપસ્ટીન પર વેશ્યાવૃત્તિના એક જ ગુનામાં આરોપ મૂક્યો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી. FBI એ તપાસ શરૂ કરી હતી અને આરોપ મૂકવાની તૈયારી કરી હતી, પરંતુ ૨૦૦૮ માં એપસ્ટીન એક રાજ્ય ગુનામાં વેશ્યાવૃત્તિ માટે અને એક રાજ્ય ગુનામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિ પાસેથી વેશ્યાવૃત્તિ માટે વિનંતી કરી હતી. તેમણે લગભગ એક વર્ષ જેલમાં વિતાવ્યું,

'મિયામી હેરાલ્ડ' તપાસમાં જાણવા મળ્યું કે ફેડરલ પ્રોસિક્યુટર્સ અને એપસ્ટીનના વકીલોએ એપસ્ટીનના ગુનાઓના અવકાશને ઢાંકી દીધો હતો.

૨૦૨૫ની શરૂઆતમાં એપસ્ટીન ફાઈલ તરીકે ઉલ્લેખ કરીને એક ભાગ જાહેર થયો હતો.

કુખ્યાત અમેરિકન યૌન અપરાધી જેફરી એપસ્ટીનનો કેસ ફરી ચર્ચામાં આવ્યો છે. અમેરિકન હાઉસ ઓવરસાઇટ કમિટીને ૮,૫૪૪ દસ્તાવેજો સોંપવામાં આવ્યા છે, જેમાં ઇલોન મસ્ક, પીટર થિલ અને સ્ટીવ બેનન જેવા વિશ્વના પ્રભાવશાળી અને ધનાઢ્ય લોકોના નામ સામેલ છે. ■

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

## ઘાસચારા કૌભાંડમાં બદનામ લાલુપ્રસાદ યાદવના આરંભિક વિવાદો

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



અરવિંદ કેજરીવાલ દિલ્હી), જે. જયલલિતા (તામિલનાડુ), ઓમપ્રકાશ ચૌટાલા (હરિયાણા), મધુ કોડા (ઝારખંડ), ચંદ્રાબાબુ નાયડુ (આંધ્ર પ્રદેશ), શિબુ સોરેન અને હેમંત સોરેન (ઝારખંડ - બાપ અને દીકરા બન્ને મુખ્ય પ્રધાન અને...) તથા લાલુપ્રસાદ યાદવ (બિહાર). આ યાદીમાં બે બાબત ઊડીને આંખે વળગે એવી છે: બધા મુખ્ય પ્રધાન હતાં, ને જેલમાં ગયા હતા.

અહીં વાત માંડવી છે લાલુપ્રસાદ અને તેમના ફ્રોડર સ્કેમ અર્થાત્ ઘાસચારા કૌભાંડની. આમ તો લાલુપ્રસાદને ઘાસચારા કૌભાંડના જનક ન કહી શકાય, પણ તેમણે વહેતી ગંગામાં હાથ ધોયા અને તેના વ્યાપને અનેકગણો વધારી દીધો.

૧૯૪૮ની ૧૧મી જૂને જન્મેલા લાલુપ્રસાદે પોતાની શાળામાં ભણી ચુકેલા સ્વાતંત્ર્ય સૈનિક પરથી નામ બદલીને દેવીપ્રસાદ ચૌધરી કરી નાખ્યું હતું. લોકસભા ચૂંટણીની એફિડેવિટ મુજબ તેમણે પટણા યુનિવર્સિટી હેઠળની બી.એન. કોલેજમાંથી આર્ટસમાં બેચલર થયાની ડિગ્રી મેળવ્યાનું નોંધાવ્યું હતું, પરંતુ બહાર એવું આવ્યું કે આ કોલેજમાં બેચલર ઓફ આર્ટસ કોર્સ જ નહોતો. આમેય આ કોર્સ બે વર્ષનો હતો ને લાલુજીને પહેલે જ વર્ષે ડિગ્રી મળી ગઈ હતી. આ ડિગ્રી બાદ તેમણે પટણાની વેટરીનરી (ક્વો અથાગ પ્રાણી પ્રેમ?) કોલેજમાં ક્લાર્કની નોકરી કરી. અહીં એમના મોટાભાઈ પ્યુન હતા એ સહેજ જાણ ખાતર.

આ નોકરી દરમિયાન લાલુજી પટણા યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનના જનરલ સેક્રેટરી બન્યા. પછી ૧૯૭૩-૭૪માં પ્રમુખ. ૧૯૭૬માં પટણા લૉ કોલેજમાંથી એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી, પણ ૨૦૦૪માં આ પટણા યુનિવર્સિટીની માનદ ડૉક્ટરની પદવી સ્વીકારવાનો નનૈયો ભણી દીધો હતો.

વધુ નોંધપાત્ર બાબત. મુલાયમ સિંહ યાદવની જેમ લાલુજીના રાજકારણમાં પણ એમ.વાય. (મુસ્લિમ-યાદવ) પરિબળનો ખૂબ મોટો ફાળો, પરંતુ બિહારના સમ્રાટ ચૌધરી અને જીતેન માંઝી સહિતના મોટા નેતાઓનો આરોપ છે કે લાલુજી તો યાદવ જ નથી. તેઓ ગાડેરિયા કોમના છે. હા, તેમના પિતાનું નામ કુંદન રાય હતું. એમના બધા ભાઈઓના નામ પણ જુઓ: મંગરુ રાય, ગુલાબ રાય, મુકુંદ રાય, મહાવીર રાય અને સુખદેવ રાય.

આવા લાલુપ્રસાદ ૧૯૭૪માં લોકનાયક જયપ્રકાશ નારાયણના આંદોલનમાં જોડાઈ ગયા. આ દરમિયાન તેઓ જનતા પક્ષના ઘણાં નેતાઓની નિકટ આવી ગયા. ફળસ્વરૂપે ૧૯૭૭માં છપરા લોકસભા બેઠક પરથી ટિકિટ મળી ગઈ અને ઈંદિરા ગાંધી અને કટોકટી વિરોધી મોજામાં તેઓ ૨૯ વર્ષની ઉંમરે સૌથી યુવાન સંસદસભ્ય બની ગયા. પણ ૧૯૭૯માં મોરારજીભાઈ દેસાઈની સરકારના અકાળે પતન બાદ ૧૯૮૦માં લોકસભાનું વિસર્જન થઈ ગયું. તક પારખીને લાલુ જનતા પક્ષ છોડીને રાજ નારાયણની આગેવાની હેઠળના જનતા પક્ષ(એસ.)માં બેસી ગયા. પરંતુ એ ચૂંટણીમાં હારનું મોઢું જોવું પડ્યું.

આમ છતાં એ જ વર્ષે તેઓ બિહાર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા. ૧૯૮૫માં ફરી વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ૧૯૮૫માં તો વિરોધ પક્ષના નેતા બની ગયા. ૧૯૮૯માં તેઓ ફરી લોકસભામાં ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૯૦ સુધીમાં લાલુ પોતાને યાદવો અને પછાત જાતિના નેતા તરીકે ઊપસી આવ્યા. એ સમય સુધી કૉંગ્રેસ પ્રત્યે વફાદારી દાખવનારા મુસ્લિમોને પણ પોતાની તરફ આકર્ષી લીધા. આ ૧૯૮૯ની ભાગલપુર હિંસા બાદ બન્યું હતું.

બિહારના યુવાન મતદારોમાં લાલુની લોકપ્રિયતા વધતી હતી. એકદમ સાધારણ, સહજ, રમૂજી, ગામઠી અને પાયાના કાર્યકરો સુધી પહોંચતા નેતા તરીકે યાદવે જમાવટ કરી હતી. હાજરજવાબી અને વાકપટુતા એમના મુખ્ય હથિયાર હતાં. આ અગાઉ ગાય-ભેંસને દોહતા કોઈ નેતાને પ્રજાએ જોયો નહોતો પણ આ માણસે એ કામ ખૂલ્લેઆમ કરીને કરોડોના દિલ જીતી લીધા. આવો આમ આદમીનો નેતા અને પાછો સમાજવાદી વિચારધારાનો સમર્થક. પ્રજાને વધુ જોઈએ શું?

૧૯૯૦માં બિહારના જનતા દળને બહુમતી મળી. વડા પ્રધાન વી.પી.સિંહ ઈચ્છતા હતા કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રામસુંદર દાસ નવી સરકારના સુકાની બને. તો ચંદ્રશેખરનો ટેકો રઘુનાથ ઝાને હતો. ચૌધરી દેવીલાલે આ મડાગાંઠના અંત તરીકે લાલુપ્રસાદ યાદવનું નામ આગળ કર્યું. જનતા દળના વિધાનસભ્યોના સૌથી વધુ મત લાલુપ્રસાદ યાદવને મળ્યા અને ૧૯૯૦માં તેઓ બની ગયા મુખ્ય પ્રધાન. ૧૯૯૦ની ૨૩મી સપ્ટેમ્બરે અયોધ્યા તરફની રામરથ યાત્રા અટકાવવા લાલુએ ભાજપના મોટાગજાના નેતા એલ.કે. અડવાણીની ધરપકડ કરાવીને પોતાની મક્કમતાનો પરિચય આપ્યો.

લાલુપ્રસાદ હવે બિહારના રાજકારણમાં રાજા તરીકે સ્થાપિત થવા માંડ્યા હતા. પણ આ આગળ વધતા પગલાં ટોચ પર પહોંચ્યા પછી આવવાના એ નક્કી હતું. લાલુપ્રસાદ યાદવમાં બહુ ઉજ્જવળ ભાવિ નેતૃત્વ જોનારાઓને ભયંકર આંચકો લાગવાનો હતો, પણ હજી થોડો સમય બાકી હતો. (ક્રમશઃ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## શોપિંગથી બચવાની કરામત ભારે પડી



'આ સાડીમાં બે કલર બતાડો અને આ કલરમાં બે સાડી બતાવો' જેવી પત્નીની શોપિંગ સ્ટાઈલ પર ખુવાર થતા પતિની મનોદશા કેવી હોય છે એ દરેક હસબન્ડ સારી પેઠે જાણતો હોય છે. લગ્ન ન થયા હોય એવા બોયફ્રેન્ડ પોતપોતાની ગર્લફ્રેન્ડ સાથે શોપિંગ મોલમાં ઢસડાતા જ હોય છે. આ 'આફત'માંથી બચવા દરેક બોયફ્રેન્ડ કે હસબન્ડ બનતી કોશિશ કરતો હોય છે. જોકે, એક રશિયન પતિદેવે પત્ની સાથે શોપિંગમાં જવાનું ટાળવા અપનાવેલો નુસખો જાણી તમને બે ક્ષણ માટે ચક્કર આવી જશે અને 'ઐસા ભી હોતા હૈ' જેવા ઉદગાર તમારા મોઢામાંથી સરી પડશે. રશિયાના ક્રાઝનિયાસ શહેરની પોલીસે દાખલ કરેલા કેસની વિગતો અનુસાર પત્ની સાથે ખરીદી કરવા ન જવું પડે એ માટે પતિએ પોતાની જ કારને નુકસાન પહોંચાડી એની ચોરી થઈ હોવાનું નાટક કર્યું હતું. શોપિંગમાં નહીં જવાનું કારણ પતિએ જણાવતા પત્નીએ પોલીસને ફોન કરી પતિની કાર ઘરના પાર્કિંગમાંથી ચોરાઈ ગઈ હોવાની ફરિયાદ નોંધાવી. જોકે, થોડી વાર પછી પત્નીએ જ પોલીસને જાણ કરી કે શહેરના અન્ય સ્થળેથી કાર મળી ગઈ છે. કારની ચકાસણી કર્યા બાદ પોલીસે પતિની પૂછપરછ કરતા દાળમાં કાળું હોવાની શંકા પડી. 'આ માણસ ખોટું બોલે છે' એવો વહેમ પડ્યો અને વધુ ને વધુ સવાલો કરતા જે જવાબ મળ્યા અને પુરાવા ચકાસ્યા બાદ પોલીસને ખાતરી થઈ ગઈ કે પતિએ જ કાર ચોરીનું નાટક કર્યું હતું. પતિએ ગુનો કબૂલી લીધો અને આ સ્ટંટ કરવા માટે તેને બે વર્ષની જેલની સજા થઈ જશે અને કદાચ એમાંથી એ બચી જાય પણ પત્નીની નજરમાં ઊતરી ગયો છે એમાંથી એ બેઠો થઈ શકશે?

## ઓસ્ટ્રેલિયાના રણ વિસ્તારના અજાયબ દેડકા



દેડકો એટલે જમીન અને પાણીમાં રહેતો અને કૂદાકૂદ અને તરતો રહેતો જીવ. ફેફસાં અને ત્વચા વડે શ્વસન કરતા દેડકાની સાત હજારથી વધુ પ્રજાતિ એન્ટાર્કટિકાને બાદ કરતાં દરેક ખંડમાં ફેલાયેલી છે. જોકે, 'ટર્ટલ ફ્રોગ' તરીકે ઓળખાતી દેડકાની પ્રજાતિ ફક્ત ઓસ્ટ્રેલિયામાં જ જોવા મળે છે અને એ સુધ્ધાં પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં. આ દેડકો પૃથ્વી પરથી નામશેષ થશે એવી ભીતિ હતી, પણ હવે એને માથે રહેલું પ્રાકૃતિક જોખમ ટળી ગયું છે. મોટાભાગના દેડકાના પાછલા પગ મજબૂત હોય છે, પણ ટર્ટલ ફ્રોગના આગલા બે પગ સશક્ત હોય છે, જેની મદદથી એ રેતાળ વિસ્તારમાં માટી ખોદી ઊંડે સરકી ત્વચાને ભેજવાળી રાખે છે. દેડકાની અન્ય એક પ્રજાતિ સુધ્ધાં ઓસ્ટ્રેલિયામાં જોવા મળતા અન્ય વિશિષ્ટ અને વિચિત્ર કહી શકાય એવા પ્રાણીમાં સ્થાન ધરાવે છે.

'ક્વેકીંગ ફ્રોગ્લેટ' જેવું નામ આ દેડકાને ચોક્કસ કારણસર મળ્યું છે. આ દેડકો અવાજ કરે ત્યારે બતકના અવાજ જેવો સ્વર સાંભળવા મળતો હોવાથી અને એ અવાજ અંગ્રેજીમાં 'ક્વેક... ક્વેક' કહેવાતો હોવાથી આ દેડકો 'ક્વેકીંગ ફ્રોગ્લેટ' તરીકે ઓળખાય છે. ઓસ્ટ્રેલિયામાં વસતા ૮૦ ટકા પ્રાણીઓ ઓસ્ટ્રેલિયા સિવાય બીજે ક્યાંય કરતાં ક્યાંય જોવા નથી મળતા અને આ વિશિષ્ટ ફોજમાં આ બંને દેડકા અચરજ જન્માવે છે.

## ઢોલ - મંજીરા - હાર્મોનિયમ ટ્રાફિકનું ગજબનાક નિયમન!




ટ્રાફિકના નિયમોનું છડેચોક ઉલ્લંઘન સમગ્ર દેશને સતાવતી સમસ્યા છે. ટેક્નોલોજીના વિકાસને પગલે નિયમો તોડતા ચાલકોને ઝડપી લેવામાં હવે પહેલા કરતાં વધુ આસાની રહે છે. કેટલાક લોકો નિયમોની ગંભીરતા સમજાય એ માટે રમૂજી કે હળવાશભર્યા અભિગમ પણ અપનાવતા હોય છે.

કેટલાંક વર્ષ પહેલા મધ્ય પ્રદેશના મંડલા શહેરમાં યોગેશ રાજપૂત નામના સુબેદારે જનતામાં ટ્રાફિક અંગે જાગરૂકતા લાવવા કાર્ટૂનના પોસ્ટર શહેરમાં ઠેકઠેકાણે મૂકી લોકોનું ધ્યાન ખેંચ્યું હતું અને એ પ્રયાસને ઠીકઠીક સફળતા મળી હતી. તાજેતરમાં ઉત્તર પ્રદેશના બાંદા શહેરમાં પોલીસ પાર્ટીએ ઢોલ, મંજીરા અને હાર્મોનિયમના સથવારે સડકના એક કિનારે 'મિની ઓર્કેસ્ટ્રા' તૈનાત કરી ટ્રાફિક નિયમનની કોશિશ કરી હતી. બુંદેલખંડ ક્ષેત્રની લોક સંસ્કૃતિ અને પરંપરા દર્શાવતા બુંદેલી ગીત ગાઈ - વગાડી વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની અપીલ આખા નવેમ્બર મહિનામાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 'છૈલા છેડો ન બીચ ડગરિયા' જેવા મધુર અને લોકપ્રિય ગીતના માધ્યમથી ટ્રાફિક પાલનનો આદેશ વાહન ચાલકોને ગરમ ગરમ શીરાની જેમ ગળે ઊતરી રહ્યો છે અને ટ્રાફિક શિસ્ત સુધરી રહી છે એવો દાવો ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવ્યો છે.

## તેરી ઝુલ્ફોં સે જુદાઈ તો નહીં માંગી થી...



વાળ ઉતારવા અને વાળ ઊતરવાના શાબ્દિક અર્થમાં અંતર ભલે હોય, બંનેનો ભાવાર્થ પીડા આપનાર છે. વાળમાં રૂક્ષ ભાવ છે, જ્યારે કેશ શબ્દમાં કલાત્મકતા છે, જે નારીનું આભૂષણ ગણાતા વાળ સાથે સંકળાયેલી છે. યુએસના મિઝૂરી રાજ્યના ઈન્ડિપેન્ડન્સ નામના શહેરમાં સદીઓ જૂના કેશનો વિશિષ્ટ સંગ્રહ ધરાવતા 'લૈલા કૂહૂન મ્યુઝિયમ' ને કાયમ માટે તાળું મારવાનો પીડા આપનારો દુઃખદ નિર્ણય લેવો પડ્યો છે. ૧૯૫૬માં શરૂ થયેલા વિશ્વના એકમાત્ર કેશ મ્યુઝિયમમાં ૧૮૫૦ની આસપાસના વિક્ટોરિયન યુગની સન્નારીઓના સુંદર અને કલાત્મક રીતે ગૂંથાયેલા કેશની સજાવટ ઉપરાંત કેટલાક ભૂતપૂર્વ અમેરિકન પ્રેસિડેન્ટ, હોલિવૂડની પ્રખ્યાત અભિનેત્રી મેરિલીન મનરોની વાળની લટ તેમજ ઈસુ ખ્રિસ્તના વાળના અવશેષ હોવાનો દાવો કરતી જેવી અનેક કેશ કૃતિઓ આકર્ષણ છે. જોકે, ગમ સાથે ખુશીની વાત એ છે કે લૈલા મેડમનું આ કલેક્શન યુએસના વિવિધ મ્યુઝિયમમાં સાચવી રાખવામાં આવશે, જેથી ભવિષ્યમાં પણ કલા પ્રેમીઓ એનો આનંદ લઈ શકે.

હેર ડ્રેસર (વાળ સજાવટ)નું કામ કરતી હતી લૈલા કૂહૂન ૧૯૫૬માં જૂતા ખરીદવા બજારમાં ચક્કર મારી રહી હતી ત્યારે અચાનક એની નજર 'વિક્ટોરિયન હેર રીથ' (વિક્ટોરિયન યુગની વાળ સજાવટ)ની ફ્રેમ પર પડી. લૈલાએ એ ખરીદી લેતા એ દિવસે કેશ સજાવટના કલેક્શનના શોખનો જન્મ થયો અને સંગ્રહની શરૂઆત થઈ. જેણે મ્યુઝિયમને જન્મ આપ્યો. કેશ કલાત્મકતા માટે લૈલાની રુચિ વધી અને તેણે 'હિસ્ટ્રી ઓફ હેર આર્ટ' નામનું પુસ્તક લખ્યું અને અનેકને કેશ ગુંફન શીખવી નવા હેર આર્ટિસ્ટ તૈયાર કર્યા. જોકે, ગયા નવેમ્બરમાં ૯૨ વર્ષની ઉંમરે મિસિસ કૂહૂનનું અવસાન થયા પછી એમના પરિવારે મ્યુઝિયમ બંધ કરવાનો નિર્ણય લેવો પડ્યો હતો. હસરત જયપુરી સાહેબની પંક્તિઓનું સ્મરણ થયું 'તેરી ઝુલ્ફોંસે જુદાઈ તો નહીં માંગી થી, કૈદ માંગી થી રિહાઈ તો નહીં માંગી થી.'

## લ્યો કરો વાત!

*ઈશ્વરના વામન - વિરાટ સ્વરૂપ વિશે સાંભળ્યું હશે, પણ ધર્મ સ્થાનકની આવી કોઈ જાણ નહીં હોય. આલીશાન બાંધકામ હોય કે નાનકડો ગોખલો, ઈશ્વરને સ્કવેર ફૂટ સાથે નિસ્બત નથી હોતી. અમેરિકાના અલ્બામા રાજ્યના એક રહેવાસીએ વિશ્વનું સૌથી ટચૂકડું દેવળ - ચર્ચ બાંધ્યું હોવાનો દાવો કરી 'ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ' સમક્ષ અરજી કરી હતી. ૪ ફૂટ પહોળાઈ, ૫ ફૂટ ઊંડાઈ અને જમીનથી ટાવર સુધી ૧૯ ફૂટની ઊંચાઈ ધરાવતું આ ચર્ચ સ્પેનમાં આવેલા વિશ્વના સૌથી નાના દેવળ કરતાં ૭ ચોરસ ફૂટ નાનું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ દેવળમાં એક સાથે ત્રણ જ વ્યક્તિ અંદર પ્રવેશી ધર્મધ્યાન કરી શકે છે. વિશ્વનું સૌથી વિશાળ ચર્ચ વેટીકન સિટીમાં છે. 'સેન્ટ પીટર્સ બેસિલિકા' તરીકે ઓળખાતું આ ધર્મસ્થાનક ૧૫૧૬૦ સ્કવેર મીટર (૧,૬૩,૦૦૦ ચોરસ ફૂટ)માં પથરાયેલું છે.* ■

# સટાક સવાલ... ફટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ગૃહિણીઓની ચર્ચામાં કયો કોમન પ્રશ્ન ચર્ચાય?**
* કામવાળા કેટલા પૈસા લે છે... મહિનામાં કેટલી રજા પાડે?

**ગુલાબ અને જુલાબ વચ્ચે ફરક શું?**
* ગુલાબ મન તરબતર કરે... જુલાબ પેટ હળવું કરે...

**નીડર નારીને શેની બીક લાગે?**
* ઝાંસીની રાણી પણ ઉંદર-વંદા - ગરોળીથી ફફડતી હતી!

**નેતા ક્યારે ચૂપ રહે?**
* સાંભળનાર કોઈ ન હોય ત્યારે...

**હાથના કર્યા હૈયે જ કેમ વાગે?**
* કારણકે એનો અવાજ આવતો નથી...

**દિલના ડોક્ટરનું દિલ કેવું હોય?**
* લવનો એટેક જલદી ન આવે એવું!

**ધરમનો ધક્કો કેવો હોય?**
* ભગવાન પણ ભૂલાય જાય એવો...

**બદલાની આગ હોય. પવન કેમ નહીં?**
* આગ જલ્દી પ્રસરી શકે.

**ભરોસો તોડનાર સાથે કેવો વ્યવહાર રાખવો?.**
* ભરોસા મંદ... !

**ચૂનો ધોળવો ને ચૂનો ચોપડવો. ફરક શું?**
* એક દીવાલ ચમકાવે...બીજાથી પૈસા દલ્લો ઘટે...

**ખુરશીના બદલે જમીન પર બેસીએ તો?**
* -તો કોઈ તમારી ખુરશી ન ઉથલાવી શકે!.

**કાકા કેમ વાંકા ચાલે?**
* જુવાનીમાં બહુ સીધા ચાલ્યા હોય એટલે...

**મન માંકડા (વાંદરા) જેવું હોય તો તન?**
* ટનાટન ઘોડા જેવું....

**સગા શુભ પ્રસંગમાં કેમ રિસાઈ જતા હોય?**
* જેથી બધાની નજરે ચડે અને પછી પડે!

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ખોટ ખાઈને પણ સંગત લાખેણાની જ કરવી

ચોવકો આમ તો કચ્છી લોકસાહિત્યનો જ એક પ્રકાર ગણી શકાય. જેમ દરેક બાબતમાં અપવાદ હોય છે તેવું ચોવકમાં પણ છે. હરેશ દરજી 'કસભી'એ તેના ચોવક ગ્રંથમાં ટાંક્યું છે કે, કોઈક મોટા રચનાકારની રચના કે તેનો એક નાનકડો હિસ્સો કાળક્રમે ચોવકનું સ્વરૂપ ધારણ કરે છે, જેમ કે સંત કબીરની આ આખી ચોવક બની ગઈ છે :

***'જા કા ગુરુ અંધાલા, ચેલા ખરા નિરન્ધ,***
***અંધે અંધા ઠેલીયા, દોનું કૂપ પડન્સ!'***
***એવી જ રીતે સંત તુલસીદાસનો આ દુહો :***
***'તુલસી હાય ગરીબકી, કભી ન ખાલી જાય,***
***મૂએ ઢોર કે ચામ મેં લોહા ભસ્મ હો જાય'***

આ દુહાનો એક ભાગ **'મૂએ ઢોર કે ચામ સેં લોહા ભસ્મ હો જાય'** એ કાળક્રમે ચોવકમાં બદલાઈ ગયો છે. ખેર!

એક અંગ્રેજી કહેવત યાદ આવે છે? 'જૅક ઓફ ઑલ બટ માસ્ટર ઑફ નન' એવા અર્થવાળી પણ કચ્છી ચોવક છે: **'સોંય મેં શૂરો, સે મિણી મેં અધૂરો'** મલતબ કે જ્ઞાન બધી બાબતોનું હોય પણ એક પણ બાબતમાં નિપુણતા નહીં. 'સોંય' મેં શૂરો એટલે સો જેટલી બાબતનું જ્ઞાન ધરાવનાર. 'મિણીમેં અધૂરો' એટલે એકનું પણ પૂરું જ્ઞાન નહીં!

દરેક અલગ અલગ પ્રસંગે ચોવકને બંધ બેસતી કરવામાં આવે છે. દરેક બાબતનાં બે પાસાં હોય છે. એવું કહેવા માટે કચ્છીમાં કહેવાય છે કે, 'સિજ હિકડ઼ોને પરછાઈયા બ' 'સિજ' એટલે સૂરજ. પરછાઈયા એટલે પડછાયા. અર્થ એવો થાય છે કે સૂરજ એક અને પડછાયા બે. કહેવું એમ જ છે કે, 'એક જ ચીજના બે પાસાં' હોય છે.

એક અત્યંત વ્યવહારુ ચોવક માણવા જેવી છે. **'સવા લખ જે સોણેં કનાં રૂપિયો રોકડ઼ો ખાસો'** અર્થ એવો થાય છે કે, સવા લાખનાં સપનાં જોવા કરતાં એક રૂપિયો રોકડો સારો. 'હાથે ઈ સાથે'ના અર્થમાં જ. સવા લાખનાં સપનાં ચલણ તરીકે વટાવી ન શકાય પણ એક રૂપિયો ખિસ્સામાં હોય તો ચણા-મમરા જરૂર મળે!

પરિસ્થિતિ સીમિત બતાવવા માટે કહેવાય છે કે, **'બૂચડા બંધર, બ ઘર નેં ત્રયો જંધર'** બૂચડ઼ાનો અર્થ થાય છે બેવકૂફી, બંધર એટલે વાંદરો અને જંધર એટલે ઘંટી... અને 'બ ઘર' એટલે કે બે ઘર.. ત્રણેય વસ્તુની મર્યાદા હોવી જરૂરી છે. કોઈની મોટપ જાળવી રાખવા માટે **'મીંઢે મોંઘા નયો શેઠ'** એવી ચોવકનો ઉપયોગ થતો હોય છે. 'મીંઢે એટલે 'મિંડું'. કાં તો. શેઠની મૂડીમાંથી એક મિંડું ઓછું થયું હોય અને કાં તો, શેઠને પાછી આપવાની રકમમાં એક મિંડું ઉમેરવાનો પ્રસંગ આવે ત્યારે સામા માણસની, 'શેઠ'ની મોટપ જાળવી રાખવા આ ચોવક વપરાતી હોય છે.

એવા ગુણિયલ માણસોને કોઈ પણ કિંમતે માન અપાય. લાખેણા માણસની સોબતમાં કદાચ નુકસાની પણ થાય તો તે જોવાય નહીં, હસતાં હસતાં સહન કરી લેવાય. એવા અર્થમાં કહેવાય છે કે, **'લખ ડિઈ લિખવાર વ્યારીજે'** જેનો સીધો અર્થ થાય છે કે, લાખ રૂપિયા ખર્ચીને પણ એવા માણસનું થોડી વાર પણ સાનિધ્ય માણવામાં સરવાળે નુકસાન નથી જતું!

ઘણીવાર ગણતરીઓ ખોટી પડે છે ત્યારે ચોવક કહે છે: **'સતે વીંયેં સો ને નવ વીંયેં હજાર'** અહીં 'વીંયેં' એટલે વીસે. સાત વીસે સો ને નવ વીસે હજાર! અર્થ છે કે, ગણતરીઓ ઊંધી પડવી. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# ઝડપની મજા મોતની સજા...



**માનવ** જીવન અત્યંત મૂલ્યવાન છે. જીવનની દરેક ક્ષણમાં સલામતીનું મહત્ત્વ વિશેષ છે, પરંતુ આજના ઝડપી જીવનમાં વાહન વ્યવહારની સુવિધા સાથે સાથે સડક દુર્ઘટનાઓ મોટો પ્રશ્ન બની ગઈ છે. ધોરી માર્ગ પર થતા અકસ્માતોની સાથે સાથે શહેરમાં પણ રોજબરોજ જીવલેણ દુર્ઘટનાઓ બની રહી છે. રોજે રોજ ન ધાર્યા હોય એથી વધુ લોકો આપણે ત્યાં માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવે છે કે ઘાયલ થાય છે.

આ દુર્ઘટનાઓનું મુખ્ય કારણ માત્ર માર્ગો કે વાહનોની ખામીઓ નથી, પરંતુ માનવીય બેદરકારી, અજાગૃતિ અને ટ્રાફિક નિયમો પ્રત્યેનું ઉદાસીન વલણ પણ છે.

***અકસ્માતોનો ઈતિહાસ :**

આપણે ત્યાં વાહન વ્યવહાર તો સ્વાતંત્ર્ય પહેલા જ શરૂ થઈ ગયો હતો. ૨૦મી સદીની શરૂઆતમાં અંગ્રેજ શાસનમાં પ્રથમ મોટરકારો શહેરોમાં જોવા મળી. તે સમયે માર્ગોની સ્થિતિ ખરાબ અને વાહનોની સંખ્યા ખૂબ ઓછી હતી. સ્વાતંત્રતા પછી ઔદ્યોગિકરણ અને શહેરીકરણ સાથે વાહન વ્યવહાર ઝડપથી વધ્યો.

૧૯૫૦ના દાયકામાં ભારત સરકારે માર્ગ વિકાસ માટે 'ભારતીય માર્ગ પ્રાધિકરણ' (Indian Roads Congress) અને બાદમાં 'રાષ્ટ્રીય માર્ગ યોજના' શરૂ કરી. સાથે સાથે વાહન ઉત્પાદનમાં પણ વૃદ્ધિ થઈ. પરંતુ આ વૃદ્ધિ સાથે માર્ગ સુરક્ષાનું પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું નહોતું, પરિણામે ૧૯૭૦-૧૯૮૦ના દાયકામાં માર્ગ અકસ્માતોની સંખ્યા ચિંતાજનક રીતે વધી.

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો (NCRB) મુજબ, ૧૯૯૦ પછી વાહન સંખ્યામાં વિસ્ફોટક વધારો થયો પણ ટ્રાફિક શિસ્ત અને સુરક્ષા બાબતે પૂરતી શિક્ષણ વ્યવસ્થા નહોતી. ૨૦૧૦ પછીના દાયકામાં દર વર્ષે સરેરાશ ૧.૫ લાખથી વધુ લોકો માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામતા રહ્યા છે. ભારત આજે વિશ્વમાં સૌથી વધુ સડક દુર્ઘટનાઓ ધરાવતા દેશોમાંનો એક છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) ના અહેવાલ મુજબ, સમગ્ર વિશ્વના માર્ગ અકસ્માતોમાંથી લગભગ ૧૦ ટકા દુર્ઘટનાઓ માત્ર ભારતમાં થાય છે, જ્યારે ભારતમાં વિશ્વની વસતિના ફક્ત ૧ ટકા જેટલા વાહનો છે.

*** સડક દુર્ઘટનાઓના મુખ્ય કારણઃ**

**માનવીય બેદરકારીઃ**

ઝડપથી વાહન હંકારવું, ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન, ડ્રાઈવિંગ દરમિયાન મોબાઈલનો ઉપયોગ, નશાની હાલતમાં વાહન ચલાવવું વગેરે.

*** અપૂર્ણ માર્ગ વ્યવસ્થાઃ**

ખાડા અને ઉબડ ખાબડ રસ્તા, પૂરતી લાઈટિંગનો અભાવ, ટ્રાફિક સિગ્નલોની અછત, અયોગ્ય વળાંકો.

*** વાહનની જાળવણીનો અભાવઃ**

જૂના ટાયર, બ્રેકની ખામી, લાઈટો ન હોવી વગેરે.

*** અયોગ્ય ડ્રાઈવર તાલીમઃ**

ઘણાં ડ્રાઈવરો યોગ્ય ડ્રાઈવિંગ તાલીમ લીધા વિના વાહન ચલાવે છે. ખોટી રીતે વાહનને ઓવરટેક કરવાં વગેરે.

*** પદયાત્રી અને ટુ-વ્હીલર સવારીની ઉદાસીનતાઃ**

હેલ્મેટ કે સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવો, અચાનક રસ્તો ઓળંગવો વગેરે.

ઉપરોક્ત બધાં કારણોને લીધે માનવ જીવનું નુકસાન અને ઘાયલ પરિવારમાં આર્થિક, માનસિક અને સામાજિક આઘાત. એક અંદાજ મુજબ, ભારતમાં માર્ગ દુર્ઘટનાઓના કારણે દર વર્ષે દેશને GDPના લગભગ ૩ ટકા જેટલું આર્થિક નુકસાન થાય છે.

*** સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાંઃ**

૧) મોટર વ્હિકલ (સંશોધન) અધિનિયમ, ૨૦૧૯ અંતર્ગત દંડ અને લાઈસન્સ નિયમોમાં કડકાઈ. ડ્રાઈવિંગ લાઈસન્સ માટે ડિજિટલ સિસ્ટમ.

૨) **રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા નીતિ** (National Road Safety Policy):

શિક્ષણ, એન્જિનિયરિંગ, અમલ અને તાત્કાલિક સારવારના ચાર સ્તંભ પર આધારિત યોજના.

૩) **સકારાત્મક કાયદોઃ** અકસ્માતગ્રસ્ત વ્યક્તિને મદદ કરનારને પોલીસ અથવા કાયદેસર મુશ્કેલીથી મુક્તિ આપે છે.

૪) **હાઈવે પેટ્રોલિંગ અને ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ** (ERSS):

૧૦૮ અથવા ૧૧૨ જેવા નંબર દ્વારા ઝડપી મદદ.

*** જાગૃતિ અને કાળજી માટે જરૂરી પગલાંઃ**

*** વ્યક્તિગત સ્તરે જાગૃતિઃ**

હેલ્મેટ અને સીટ બેલ્ટનો નિયમિત ઉપયોગ.
ડ્રાઈવિંગ દરમિયાન ફોનનો ઉપયોગ ટાળવો.
નશાની હાલતમાં ક્યારેય વાહન ન ચલાવવું.
ઝડપ મર્યાદાનું પાલન કરવું. વાહન અડચણરૂપ ન થાય એ રીતે વાહનનું વ્યવસ્થિત પાર્કિંગ કરવું.

**શૈક્ષણિક સ્તરે પ્રચારઃ** શાળાઓ અને કોલેજોમાં ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમો. માર્ગ સુરક્ષા સપ્તાહનું આયોજન.

બાળકોને નાની વયથી ટ્રાફિક નિયમોની સમજ અપાવવી.

**સામાજિક અને સરકારી સ્તરે પ્રયાસઃ** મીડિયા મારફતે માર્ગ સુરક્ષા અભિયાન. અકસ્માત સંભવિત સ્થળોની ઓળખ અને સુધારણા. હાઈવે પર રિફ્લેક્ટિવ બોર્ડ અને યોગ્ય લાઈટિંગ. નિયમ ભંગ કરનારાઓ પર કડક કાર્યવાહી.

**અકસ્માતો ઘટાડવા શું શું થઈ શકે?**

**ટેક્નોલોજી અને માર્ગ સુરક્ષાઃ**

નવા યુગની ટેક્નોલોજી માર્ગ સુરક્ષામાં મદદરૂપ બની રહી છે.

* CCTV મોનિટરિંગઃ ટ્રાફિક ઉલ્લંઘન ઝડપથી શોધી શકાય.

* સ્માર્ટ સિગ્નલ સિસ્ટમઃ વાહન પ્રવાહ અનુસાર સિગ્નલ સમય બદલે છે.

* GPS અને વાહન ટ્રેકિંગઃ મુસાફરોને સુરક્ષિત મુસાફરી માટે મદદરૂપ.

* ડ્રાઈવિંગ તાલીમઃ નવા ડ્રાઈવરો માટે વાસ્તવિક અનુભવ જેવી તાલીમ.

ટૂંકમાં ....

સડક દુર્ઘટનાઓ માત્ર એક આંકડાકીય સમસ્યા નથી. તે એક માનવીય દુઃખાંતિકા છે. એક ક્ષણની બેદરકારી કોઈના આખા પરિવારને દુઃખના અંધારામાં ધકેલી શકે છે.

જો દરેક નાગરિક નિયમોનું પાલન કરે, સરકાર માર્ગ સુવિધાઓ સુધારે, અને સમાજ જાગૃત બને તો સડક દુર્ઘટનાઓનો દર ચોક્કસ ઘટાડી શકાય છે.

માર્ગ પર દરેક વ્યક્તિની સલામતી માટે એક જ સૂત્ર મહત્ત્વપૂર્ણ છેઃ 'સલામતી એ જ સાચી ઝડપ છે.' ■

## સિક્કાની ત્રીજી બાજુ

_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# વિદેશી લાન્ઝેન્ટે કાર પર ગણેશજીનો લોગો કેમ? ઝરીન ખાનના અંતિમ સંસ્કાર હિન્દુ વિધિથી કેમ?

**વિશ્વના સર્વોચ્ચ શ્રીમંત ઈલોન મસ્કે ગણપતિબાપા વિશે AI 'ગ્રોક'ને પૂછેલા સવાલના જવાબથી સોશ્યલ મીડિયામાં 'ગ્રોક'ની વાહવાહ કેમ થઈ ગઈ? એ જ રીતે, મુસ્લિમ સંજય ખાનને પરણેલાં ઝરીન ખાનના અંતિમ સંસ્કાર કેમ હિન્દુ વિધિથી થયાં એનાં કારણ પણ તાજુબ કરે એવાં છે.**

તમને ખબર છે, ગત ઑગસ્ટમાં બ્રિટનની કાર કંપનીએ 'લાન્ઝેન્ટે' નામની એક હાઇપર કાર દોડતી મૂકી, જેના લોગોમાં ગણેશજી બિરાજમાન છે?! આ કારનું નામ '૯૫-૫૯' છે. ગણેશજીને લોગોમાં રાખવાનો વિચાર કેવી રીતે આવ્યો?

'બીટલ્સ' નામના ઇંગ્લિશ રોક બેન્ડના એક સંગીતકાર જ્યોર્જ હેરિસનના ગાઢ મિત્ર લાન્ઝેન્ટેના માલિક પોલ લાન્ઝેન્ટે... જ્યોર્જ હેરિસને 'હેલ્પ' નામની એક અંગ્રેજી ફિલ્મ કરી હતી. તેના કારણે એ સિતાર જેવા ભારતીય સંગીત વાદ્યના પરિચયમાં આવ્યા હતા. પછી તો બાંગ્લાદેશ માટે ૧૯૭૧માં તેમણે પંડિત રવિશંકર સાથે સંગીત કાર્યક્રમ પણ કર્યો હતો. એ હરે કૃષ્ણ ચળવળ (ઇસ્કોન) સાથે પણ જોડાયા હતા. જ્યોર્જ હેરિસનની ગણેશજીમાં આસ્થાના કારણે પોલ લાન્ઝેન્ટેને આ વિચાર આવ્યો.



AI ગ્રોકનો લોગો

એ પછી AI ગ્રોકના માલિક એવા ઇલોન મસ્કે એની પરીક્ષા લેવા ગણેશજીનો પ્રશ્ન પૂછ્યો. ગણેશજીની કાંસ્ય પ્રતિમાની છબિ અપલોડ કરી પૂછ્યું, આ કોણ છે? સામાન્ય રીતે અત્યાર સુધી મોટા ભાગના વિદેશી માધ્યમો હિન્દુ દેવી-દેવતા વિશે નબળો કે ઉપહાસભર્યો અભિપ્રાય આપતાં. એ ગણેશજી એટલે એલિફન્ટ હેડેડ હિન્દુ ગોડ, માઇથોલોજિકલ કેરેક્ટર (એટલે કે કાલ્પનિક પાત્ર) એવો પરિચય આપતા.



કાર પર ગણેજીનો લોગો


સંજય – ઝરીન ખાન

જોકે ગ્રોકે જે ઉત્તર આપ્યો તેના કારણે સોશ્યલ મીડિયાવાળા ગદગદ થઈ ગયા. ગ્રોકે કહ્યું, આ ભગવાન ગણેશજીની કાંસ્ય પ્રતિમા છે. હિન્દુઓ તેમને બહુ માને છે. તેમનું માથું હાથીનું છે, એક સૂંઢ છે, ચાર હાથ છે જેમાં એકમાં મોદક, બીજામાં અંકુશ છે અને ત્રીજામાં તૂટેલો દાંત હોય છે, ચોથો હાથ અભય મુદ્રામાં છે.

AI ગ્રોક વધુમાં કહ્યું, ગણેશજી વિઘ્નો દૂર કરવા માટે જાણીતા છે, કાર્ય પ્રારંભ કરતી વખતે તેમના આશીર્વાદ લેવામાં આવે છે... એ ડહાપણ અને સમૃદ્ધિના દેવ છે. આવી મૂર્તિઓ સામાન્ય રીતે ઘરનાં મંદિરમાં દૈનિક પૂજા માટે રાખવામાં આવે છે... '

ઇલોન મસ્ક જેવા ઉદ્યોગપતિ ગ્રોકની પરીક્ષા લેવા ગણેશજીની છબિ મૂકીને પ્રશ્ન મૂકે અને તેનો સકારાત્મક ઉત્તર મેળવે તેની પાછળ હિન્દુઓનું વધતું બજાર અને ખરીદશક્તિ પણ ઉત્તરદાયી છે. જોકે દર વખતે બજાર અને ખરીદશક્તિ જ કારણભૂત નથી હોતા આ પ્રકારની આસ્થા અને અનુભવ પણ ભાગ ભજવતા હોય છે. ઝરીન ખાનનું જ ઉદાહરણ લો...

તાજેતરમાં ઝરીન ખાનની અંતિમ વિધિ હિન્દુ પદ્ધતિથી થઈ તે ચર્ચાનું કારણ બની, કારણકે બધાને એમ જ હતું કે ઝરીન ખાન તો મુસ્લિમ જ હશે. વળી, એ સંજય ખાનનાં પત્ની હતાં. સંજય ખાનનું સાચું નામ શાહ અબ્બાસ અલી ખાન. મુસ્લિમ યુવક સાથે પરણનારી કોઈ પણ પંથની યુવતી હોય તેનાં લગ્ન ઇસ્લામ અનુસાર વૈધ ગણાય. એટલે ઝરીન ખાન મુસ્લિમ હશે તેમ લોકો માનતા હતા, પરંતુ તેમની અંતિમ વિધિ હિન્દુ વિધિ મુજબ થઈ એટલું જ નહીં તેના અભિનેતા દીકરા ઝાયેદ ખાને જનોઈ ધારણ કરીને વિધિ મુજબ માટલીની દોણી પણ પકડી હતી...આના અનુસંધાનમાં જાણવા મળ્યું કે ઝરીન તો મૂળ પારસી હતાં અને તેમણે લગ્ન પછી પણ પોતાનો ધર્મ બદલ્યો નહોતો, પરંતુ તેમણે પોતાની અંતિમ વિધિ હિન્દુ પદ્ધતિથી થાય તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી તેથી તે મુજબ અંતિમ વિધિ કરવામાં આવી.

સંજય ખાનની પ્રખ્યાત ધારાવાહિક 'ધ સ્વોર્ડ ઑફ ટીપુ સુલતાન' બધાને યાદ હશે. ૮ ફેબ્રુઆરી ૧૯૮૯એ તેના સેટ પર મોટી આગની દુર્ઘટના થયેલી જેમાં બાવન ક્રૂ સભ્યોનાં મૃત્યુ થયાં હતાં અને સંજય પણ ખૂબ જ દાઝી ગયા હતા. તેમનું ૬૫ ટકા શરીર સળગી ગયું હતું. તેમનું બચવું મુશ્કેલ હતું.

૭૨થી ૭૪ શસ્ત્રક્રિયા પછી સાજા થઈને બહાર આવ્યા પછી તેમને એક પૂજારી મળ્યા. તેમણે કહ્યું કે એ હૉસ્પિટલમાં મોત સામે ઝઝૂમી રહ્યા હતા ત્યારે ઝરીને માનતા માનેલી અને હનુમાનજીની ખૂબ પૂજા કરી હતી. પૂજારીએ સંજય ખાનને સામોદ મહેલ પાસે આવેલા હનુમાન મંદિરમાં દર્શન કરવા આવવા વિનંતી કરી. બીજા કોઈ કલાકાર હોત તો આ વાત ટાળી દેત અથવા ના પાડી દીધી હોત, પણ સંજય ખાન ગયા અને ત્યારથી હનુમાન ભક્ત બની ગયા. અને આથી જ તેમણે પછી 'જય હનુમાન' ધારાવાહિક પણ બનાવી.

આ જ સંજય ખાન અને ઝરીન ખાનનો જ્યારે સિમી ગરેવાલે ઇન્ટરવ્યૂ લીધો હતો ત્યારે એ આ શોમાં સંજયને અબ્બાસ-અબ્બાસ કહીને બોલાવતાં હતાં! તે પણ એક વિરોધાભાસ...! ■

## શરદ જોશી સ્પીકિંગ

_સંજય છેલ
feedback@bombaysamachar.com

# ઈલેક્શન પહેલાં ને પછી... નેતા-નિવેદનની કોમેડી



એક તો રાજકારણને ઓળખવું મુશ્કેલ છે અને એના કરતાં વધારે મુશ્કેલ છે નેતાઓનાં નિવેદનોને સમજવા!

નેતાઓનાં નિવેદનો જાણે કે નિવેદનો નહીં, પણ હીલ સ્ટેશનનું હવામાન હોય એમ સવારે અલગ અને સાંજે અલગ હોય. નિવેદન નહીં જાણે હવામાનની આગાહી થઈ.

કવિ સુમિત્રા નંદન પંતએ લખ્યું છે, 'પલ પલ પરિવર્તન પ્રકૃતિ વેશ.' અરે, પહેરવેશ બદલાય તો પણ ઠીક છે, પણ અહીં તો આત્મા જ બદલાય જાય છે. શબ્દો પર સ્થળ અને કાળનો પ્રભાવ જોવો હોય તો નેતાઓનાં બદલાતાં નિવેદનોનો અભ્યાસ કરો. ગંગા ગયા તો ગંગાના સમર્થનમાં અને યમુના ગયા તો દેખીતી રીતે શબ્દોમાં યમુનાના વખાણ હતા. સાથે સાથે એ પણ કહી દીધું કે ગંગા માટે મેં જે કંઈ કહ્યું હતું, મારો કહેવાનો મતલબ એ નહોતો. મુંબઈમાં કંઈ કહ્યું હોય એ દિલ્હીમાં જાય એટલે બદલાઈ જાય છે અને ફરી મુંબઈ આવે એટલે પાછું બદલાઈ છે. નિવેદન નહીં જાણે, ધંધાવાળી સ્ત્રીની વફાદારી થઈ!

વાહિયાત હાસ્ય નાટકોમાં ઘણી વાર ડાયલોગ દ્વિઅર્થી હોય છે, પણ વાક્યના બંને અર્થ એક જ વખતમાં સ્પષ્ટ થઈ જાય છે એ એનો એક ખાસ ગુણ છે, જેને આપણે માનવો પડે. પણ નેતાઓનાં નિવેદનની વિશેષતા એ છે કે એમણે કહેલા વાક્યનો બીજો અર્થ ચોવીસ કલાક પછી ખબર પડે છે અને એ જ છાપામાંથી જાણવા મળે, જેમાં કાલે એ જ વાક્યનો પહેલો અર્થ ખબર પડી હતી.

નેતાના મોંમાંથી નીકળેલા શબ્દોમાં ઘણી તાકાત હોય છે. એ હોય છે છતાં પણ એ નથી હોતા. શબ્દોની પ્રકૃતિ હવા જેવી હોય છે. હવાની જેમ કોઈ પણ દિશામાં વહી જાય. એનો રંગ પાણી જેવો છે, જે રંગમાં ભેળવો એવા રંગનું થઈ જાય. એનું સ્વરૂપ આકાશ જેવું છે, જે તમારાથી પકડી ન શકાય. એ આગ જેવા ભડકતા અને ભયાનક લાગે છે, પણ ફૂંકથી લઈ ફાયર બ્રિગેડ એને સરળતાથી ઓલવી શકે છે. એ ખૂબ જ વાસ્તવિક લાગે છે એટલે કે એકદમ પોતાની માટીથી જોડાયેલા લાગે છે, પણ એટલાં ક્ષણિક હોય છે કે ક્યારે પાછા માટીમાં ભળી જાય કહી ના શકાય. આમ આખી વાત પંચતત્ત્વોની છે. પણ વિશ્લેષણ કરો તો બીજાં તત્ત્વો પણ શોધી શકાય! દિલ્હીનું વલણ, રાજકીય પક્ષની છબી, વિરોધીઓનો વિરોધ, મૂર્ખતાની અનુભૂતિ, આસપાસનું દબાણ વગેરે અનેક તત્ત્વોની તપાસ નેતાઓનાં નિવેદનોમાં કરી શકાય છે.

નિયમ એ હોવો જોઈએ કે જે દિવસે નેતા સનસનાટીભર્યું નિવેદન આપે એ દિવસે એને વાંચો પણ એને ગંભીરતાથી લેવાનું નહીં. ચોવીસ કલાક રાહ જુઓ. નિવેદન બદલાશે અથવા નિવેદનનો અર્થ બદલાશે. નહીં બદલાય તો બની શકે કે નેતા જ બદલાઈ જાય!

એક છીછરા શબ્દ માટે છૂટ આપો તો હું કહીશ કે નેતાનાં વાક્યોમાં 'શબ્દ' મને પોતાની ઐસી-તૈસી કરાવતા લાગે છે! ■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com



# તમને માફ કરતા ન આવડે તો લેટ ગો કરતાં શીખો

**જીવનમાં** ક્યારેક એવી પળો આવે છે જ્યારે કોઈ વ્યક્તિનું વર્તન આપણને દુઃખ પહોંચાડે છે. એનો દગો, અપમાન કે અણછાજતા વર્તનથી આપણને દુઃખ થાય છે. આપણા માટે તેને માફ કરવું અશક્ય છે અને તેની કડવાશ મનમાં રહી જાય છે અને આ કડવાશ આપણા જીવનને જ ઝેરી બનાવી દે છે.

તમને માફ કરતા ન આવડે તો લેટ ગો કરતાં શીખો જેવી સરળ વાત માનસિક સ્વાસ્થ્યની ચાવી છે, જે માણસને ભૂતકાળના બંધનમાંથી મુક્ત કરે છે.


મનોવિજ્ઞાન અને ફિલસૂફીમાં આ વિષયનું મહત્ત્વ અપાર છે. અનાસક્તિની સમજ આપતા ગીતાના ઉપદેશમાં ભગવાને કહ્યું છે કે નકારાત્મક લાગણીઓને વળગી રહેવું દુઃખનું કારણ છે. જ્યારે ગાંધીજીએ અહિંસા થકી સમજાવ્યું કે ક્ષમા આપવી એ બહાદુરીનું કામ છે. આજના તણાવભર્યા યુગમાં હિંસા અને માનસિક તાણ વધી રહ્યા છે એ યુગમાં લેટ ગો કરવું એ એક એવી કળા છે જે આપણા જીવનને શાંત અને આનંદમય બનાવે છે.

જેને લોકો 'લેસ મિઝરેબલ્સ' કે 'લા મિઝરેબલ્સ' તરીકે ઓળખાવે છે એ વિકટર હ્યુગોની ક્લાસિક 'લે મિઝરેબલ્સ' કથાનો આધાર 'ભૂલો અને માફ કરો' આધારિત છે.

જીન વાલજીન ચોરીના કારણે જેલમાં ગયેલો ગુનેગાર હતો. એક પાદરી તેની ચોરીને માફ કરીને નવું જીવન આપે છે. આ ઘટના ભૂતકાળને લેટ ગો કરીને પ્રેમ અને ન્યાયના માર્ગે વળે છે.

અહીંથી એક વિશાળ કથાનો પ્રારંભ થાય છે. જિન વાલજીનના જીવનમાં સતત સંઘર્ષ આવે છે અને અંતે તેને સુખ ભોગવવાનો મોકો મળે છે એ પણ ફક્ત માફ કરવાના ઉદાત્ત હેતુ માટે છોડી દે છે. લેખક હ્યુગો યુરોપને હિંસામાંથી મુક્ત થઈને ક્ષમાને સમાજના અન્યાય અને માનવતા સાથે ગૂંથીને લાગણીસભર રીતે રજૂ કર્યું છે.

આપણી મહાભારત અને રામાયણમાં વખતોવખત માફ કરવાની અને ભૂલવાની વાત આવે છે. ભગવાન કૃષ્ણ તેમના મામા કંસનો વધ કરે છે. કંસના સસરા મગધના રાજવી જરાસંઘ મથુરા પર હુમલો કરે છે. મથુરાવાસીઓ પ્રસ્થાન કરી જાય છે. આ જરાસંધનો વધ પાંડવ ભીમ કરે છે. સ્વાભાવિક છે કે જરાસંધનો પરિવાર શ્રીકૃષ્ણ અને પાંડવોની વિરુદ્ધ હોવો જોઈએ. જરાસંધનો પુત્ર સહદેવ મહાભારતની લડાઈમાં પાંડવોને સાથ આપે છે. સંબંધોની જટિલતા વચ્ચે ક્ષમા અલગ માર્ગ ચીંધે છે. મહાભારતની કથામાં અસંખ્ય વાર માફ કરવાની અથવા ભૂલવાની વાત કરવામાં આવી છે. કર્ણ આખું જીવન પોતાની માતા કોણ છે એ જાણવા માટે તરસે છે. યુદ્ધ સમયે માતા સાથે વાત થાય છે ત્યારે પાંડવો પાંચ જ રહેશે જેવી વાત કરીને માફ કરવાનો આડકતરો ઉલ્લેખ કર્યો છે. મહાભારતના યુદ્ધ પછી ગાંધારી અને ધૃતરાષ્ટ્ર લાંબા સમય સુધી પાંડવો સાથે રહ્યા હશે ત્યારે ભૂતકાળને ભૂલવાની જ વાતો થઇ હશે.




આમ પણ ભૂલ માફ નહીં કરવાની વૃત્તિ આજકાલ વિશ્વને ખૂબ મોંઘી પડી રહી છે. વિશ્વમાં દર વર્ષે ૪.૪ મિલિયન લોકો હિંસા અને આઘાતથી મૃત્યુ પામે છે. ૨૦૨૪માં યુદ્ધોમાં નિર્દોષ નાગરિક મૃત્યુની સંખ્યામાં ૪૦% નો વધારો થયો છે. જો કે વ્યક્તિગત હિંસાનું પ્રમાણ વધવા સાથે વ્યક્તિમાં છેલ્લા દાયકામાં અકારણ ગુસ્સો અને તણાવનું પ્રમાણ વધવા લાગ્યું છે. વિશ્વભરના શાંતિ માટે પ્રભાવ પાડી શકે એવો એકપણ નેતા નથી, કદાચ એટલે જ વિશ્વની નજર ગાંધી અને બુદ્ધના દેશ તરફ પડતી હશે.

સોશ્યલ મીડિયાના પ્રભાવને કારણે તણાવ અને ડિપ્રેશન વધવાની સાથે આત્મહત્યાનું જોખમ બે ગણું થયું છે. સામાન્ય વાતમાં લોકો હિંસાત્મક વર્તન કરવા લાગ્યા છે. સોશ્યલ મીડિયામાં વ્યક્તિની અસહમતીને વિરોધીના રૂપમાં બતાવવામાં આવે છે. ભૂતકાળમાં અસહમત થવું એ સહજ સંવાદનો ભાગ હતો. આપણા અનેક ગ્રંથોમાં અસહમતીની કથાઓ છે. વિભીષણને પોતાના પક્ષમાં રાખવા અંગે ભગવાન રામના સાથીઓ વચ્ચે અસહમતી હતી. આ અસહમતી એક હદ સુધી હોય. આપણે એ લક્ષ્મણરેખાને ભૂલી ગયા છીએ.

મહાત્મા ગાંધી આજીવન ક્ષમાને અહિંસાનો ભાગ ગણતા રહ્યા હતા. પીટરમેરિટ્ઝબર્ગમાં ગોરા અધિકારીએ તેમને ટ્રેનમાંથી ધક્કો મારીને ફેંક્યા. ગાંધીજીએ તેને માફ કર્યો ને પછી રંગભેદની લડત શરૂ કરી. તેમણે વ્યક્તિને નહીં, અન્યાયને લડવાનું પસંદ કર્યું. ગાંધીજી વારંવાર કહેતા રહ્યા છે કે તમે કોઈને માફ ન કરી શકો તો તેની સાથે વેર પણ ન રાખો, બલકે તેને તમારા મનમાંથી મુક્ત કરો આ વાત જ લેટ ગો કરવાની છે. આપણી વાત, લેટ ગો કરવાથી વ્યક્તિના તણાવના હોર્મોનમાં ૨૩% ઘટાડો થાય છે અને ઓક્સિટોસિન જેવા પ્રેમના હોર્મોનમાં વધારો થાય છે. સોશ્યલ મીડિયા પર હેરાનગતિ પછી માફી-ધ્યાનથી ચિંતા ૨૫% ઘટે છે.

પશ્ચિમી ફિલોસોફર એપિક્ટેટસ મસ્ત કહેતો હતો કે લોકો તમને નુકસાન નથી પહોંચાડતા, તમારા વિચારો તમને નુકસાન પહોંચાડે છે. ફિલોસોફરોનો ગુરુ સોક્રેટિસે એમના જીવનમાં આ પ્રયોગ કરીને દેખાડ્યો. તેમને એથેન્સની અદાલતે ઝેર પીવાની સજા આપી ત્યારે તેમણે તેમના આરોપીઓને માફ કર્યા.

એરિસ્ટોટલે ક્ષમા આપવા માટે એક નવી જ વાત કરી. એણે ક્ષમની વ્યાખ્યા કરી કે ક્ષમા એટલે શું? ક્ષમા એ માફી અને ક્રોધ વચ્ચેનો સેતુ છે. અતિશય ક્રોધ અને અતિ ક્ષમાવાન બનવું એ બંને નુકસાનકર્તા છે. જ્યારે બધા પથ નુકસાનકર્તા હોય ત્યારે ભૂલી જવું એ વધુ હિતકર છે. આ વાતો સોશ્યલ મીડિયાને જ સત્ય માનીને જીવનારા વોટ્સઅપ યુનિવર્સિટીના મહાનુભવોએ યાદ રાખવી જોઈએ જે સામી વ્યક્તિને કશું ના આવડે તો જોડણીની ભૂલને પણ ચોવીસ કલાક વાગોળ્યા કરતા હોય છે. ફાઈનલી, ભૂલો માફ કરો અને આગળ વધો જેવો પૌરાણિક બોધપાઠ આધુનિક યુગની કિંમતી મેડિસિન બની ગઈ છે. ■


**ધ એન્ડઃ**

***માફ કરવું એ ભૂલને ભૂલવું નથી, પણ તેની પીડાને મુક્ત કરવી છે. (ઓપ્રા વિન્ફ્રે)***

## તસવીરની આરપાર

___ભાટી એન.
feedback@bombaysamachar.com

# સપ્તપદી વૃક્ષનાં ફૂલોની આ વિશેષતા જાણો છો?



**સપ્તપદી** (સપ્તપર્ણી) કોનોકારપસ નામનું વૃક્ષ (ઝાડ) એક અલગ ભાતનું વિશિષ્ટ ધરાવે છે! 'જી હા' શિયાળાનો સમય હતો મંદ મંદ શિતલહેરમાં મસ્ત માદક સુગંધ રોડ પર આવે હું સ્કૂટર લઈ જતો હતો ત્યારે કયારેક આવે પાછી સુગંધ ગાયબ થઈ જાય. હું તો આ મહેકથી મોહિત થયો થયું કે કોઈ સેન્ટનો સ્પ્રે છાંટતો હોય તેવી અનુભૂતિ થતી હતી. હું નિત્ય આ ફીલિંગ્સ અનુભવતો. આથી આ સુગંધ શેની શોધ ચાલુ કરી તો ખ્યાલ આવ્યો કે રસ્તા પર સપ્તપદી વૃક્ષનાં પુષ્પોમાંથી મહેક આવે છે. રાત પડે ને સપ્તપદીનાં સફેદ ફૂલ ગલગોટા જેમ ખીલી જાય અને મહેક અનહદ પ્રસરાવે, આવી રીતે રાતરાણીનાં નાનાં સફેદ ફૂલમાંથી મહેક આવે.

સપ્તપદી નામ જ એવું છે કે સાત પાંદડીવાળુ વૃક્ષ લીલુંછમ અને પાન પણ સાત, તેમાં વચ્ચે ગોળાકાર ફૂલનાં ઝુમખા પર ગોળાકાર બીજું ઝુમખું તેમાં નાનાં નાનાં પાંચ પાંખડી વાળા ફૂલ જે નીરખીને જુઓ તો જ ખ્યાલ આવે. બાકી ખબર ના પડે. સુપ્રભાત થતા જ સપ્તપદી વૃક્ષનાં ફૂલ ચીમળાય જાય! અને મહેક જતી રહે બોલો કેવી છે કુદરતની કલાકારી? આજે વિગતવાર સપ્તપદી વૃક્ષ વિશે જાણીએ.

**સપ્તપર્ણીઃ** દ્વિદળી વર્ગમાં આવેલા એપોસાયનેસી કુળની એક વનસ્પતિ. તેનું વૈજ્ઞાનિક નામ Alstonia scholaris R. Br. (સં. સપ્તપર્ણ તે મોટું, સદાહરિત, આધારવાળું (butressed) ૧૨ મી.થી ૧૮ મી. ઊંચું વૃક્ષ છે. કેટલીક વાર તે ૨૭ મી.ની ઊંચાઈ અને ૨.૪ મી.નો ઘેરાવો ધારણ કરે છે, જેનું સીધું થડ ૧૨ મી. ઊંચું હોય છે. પ્રકાંડ ઘણી વાર લાંબી ઊંડી ખાંચોવાળું હોય છે. ભારતમાં ઘણી જગ્યાએ જોવા મળે છે અને ખાસ્સુ ઊંચાઈ સુધી થાય છે. છાલ ખરબચડી, ભૂખરી-સફેદ, અંદરની બાજુએથી પીળી હોય છે અને ઈજા થતાં કડવા ક્ષીરરસ(latex)નો સ્રાવ કરે છે. પર્ણો ૪થી ૭ની સંખ્યામાં (સામાન્ય રીતે સાત) ગોઠવાયેલાં હોય છે. તેઓ ઉપરની સપાટીએથી ઘેરાં લીલાં અને નીચેની સપાટીએ સફેદ પડતાં લીલાં અને બદામી રોમિલ હોય છે. પુષ્પો લીલાશ પડતાં સફેદ કે પીળાં, સઘન પરિમિત છત્રક સ્વરૂપે ગોઠવાયેલાં અને સુગંધિત હોય છે.

ક્ષીરરસ ચાંદાં, સોજો, ગાંઠ અને વાના દર્દમાં તથા દાંતના દુખાવામાં આપવામાં આવે છે. એન્ટિએરિસના વિષ સામે તે પ્રતિકારક માલૂમ પડ્યું છે. તેલ સાથે મિશ્ર કરી કાનના દુખાવામાં અને કોપરેલ સાથે ઉકાળી તેનો ઉપયોગ ખૂજલીમાં કરવામાં આવે છે. ક્ષીરરસ ચીકણો હોવાથી તેનો લૂગદી બનાવવામાં ઉપયોગ થાય છે. ક્ષીરરસમાં ૨.૮ %થી ૭.૯ % કૂચુક (caoutchouc) હોય છે. ક્ષીરરસનું એક રાસાયણિક વિશ્લેષણ આ પ્રમાણે છે : પાણી ૬૭.૮ %, જલદ્રાવ્ય પદાર્થો ૩.૯ %, ભસ્મ ૧.૧ %, રાળ ૧૬.૭ %, લિપિડ અને રાળના એસ્ટર ૨.૫ %, પ્રોટીન અને રેસાયુક્ત દ્રવ્ય ૩.૫ % છે.

આ છાલથી પ્રાપ્ત ડિટેઇન અને ડિટેમિન જેવા રસાયણોને ક્વિનાઇનથી ઉચ્ચતમ છે. આદિવાસીઓનાં જણાવ્યા અનુસાર, આ વૃક્ષની છાલને સુકવીને ચૂર્ણ બનાવીને ૨-૩ ગ્રામ જો સેવન કરવામાં આવે, તો મેલેરિયાનાં તાવમાં ખૂબ ઝડપથી ફાયદો થાય છે. મજાની વાત તો એ છે કે તેની અસર કંઇક આવી રીતે થાય છે કે શરીરમાં પરસેવો નથી થતો, જ્યારે ક્વિનાઇનની દવા લેવાથી પુષ્કળ પરસેવો થાય છે.

કાષ્ઠનો ઉપયોગ પરિવેષ્ટન (packing) માટેનાં ખોખાં, ચાની પેટીઓ, લખવાનાં પાટિયાં, રાચરચીલું, માળખાં (frames), દીવાસળીઓ, પેન્સિલ, બૂચ અને કાગળ-ઉદ્યોગમાં થાય છે. લાકડાના કોલસાનો ઉપયોગ દારૂગોળો બનાવવામાં થાય છે. કાષ્ઠ કડવું હોય છે અને પાણી સાથે ઘસી વા અને વ્રણ પર લગાડવામાં આવે છે. છાલમાંથી રેસો પ્રાપ્ત થાય છે. વનસ્પતિની ભસ્મ ફોલ્લા ફોડવા માટે દાહક (caustic) તરીકે વપરાય છે.

આયુર્વેદ અનુસાર તે કડવી, ઉષ્ણ, અગ્નિદીપક, મદગંધી, તૂરી, સ્નિગ્ધ, સારક, હૃદ્ય અને સુગંધી છે. સપ્તપદી વૃક્ષનાં ફાયદા છે તેમ નુકસાન પણ કરે છે તેવું અવલોકન પણ થયું છે, માટે સપ્તપદી વૃક્ષ વિશે આ તો માહિતી છે પણ તેનો ઉપયોગ કરતા પહેલા વૈદ રાજ ડોક્ટરની સલાહ લીધા બાદ જ ઉપયોગ કરવો તેવું આ લેખક પણ સલાહ આપે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## સમન્વય મહોત્સવ

પ.પૂ. આધ્યાત્મયોગી આ. દેવ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ પ.પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી વિ.તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પૂ. પંન્યાસપ્રવર શ્રી તીર્થરતિ વિ.જી અને તીર્થરૂચી વિ.જી મ.સા. આદિ વિશાળ શ્રમણવૃંદની નિશ્રામાં બાવીસ નવેમ્બરથી ત્રીસ નવેમ્બર સુધી સમન્વય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ ધ્રાંગધ્રા નજીક ચૂલીગામમાં ૬૧ 'નાશ્યામલવર્ણી' શ્રી નેમિનાથ દાદાની અંજનશલાકા અને વિશ્વમાં પ્રથમવાર ૨૪ સરસ્વતી દેવીઓ, ૧૬ વિદ્યાદેવીઓની પ્રતિષ્ઠાનો સમન્વય મહોત્સવ યોજવામાં આવ્યો છે.

## જ્ઞાનયજ્ઞ

વસઈમાં આવેલા શ્રી જલારામ મંદિરમાં ઉજવવામાં આવતા વિવિધ ઉત્સવોનું સંચાલન શ્રીરઘુકુળ યુવક પ્રગતિ મંડળ છેલ્લાં ૧૧ વરસથી કરતું આવ્યું છે. હવે ૧૭ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (૧૦૮ ભાગવત પોથી)નું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ બપોરે સાડા ત્રણ કલાકથી સાત કલાક સુધી વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્ય ૧૦૮ પૂ. શ્રીયદુનાથજી મહોદય શ્રી બિરાજમાન થઈને આગવી શૈલીમાં પુષ્ટિમાર્ગીય ભક્તિનું મધુરવાણીમાં રસપાન કરાવશે.

## ૭૫મા સ્થાપના દિવસની ઉજવણી

ધ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટૅક્સ પ્રેક્ટિશનર્સ અસોસિએશન ઓફ મહારાષ્ટ્ર તેમની સ્થાપનાના ૭૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. એ નિમિત્તે સંસ્થાએ ભવ્ય ઉજવણી કરી હતી. એ દરમ્યાન અનેક માન્યવરોએ હાજરી નોંધાવીને સંસ્થાને શુભકામના આપી હતી.

## મેડિકલ કેમ્પ

રોટરી ક્લબ ઓફ બોમ્બે એરપોર્ટ, ઈનર વ્હીલ ક્લબ ઓફ બોમ્બે એરપોર્ટ અને રોટરેક્ટ કલબ ઓફ એનએમઆઈએમએસ એસઓસી દ્વારા મલ્ટિ સ્પેશ્યાલિટી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જુહુના નહેરુનગરમાં વસતા ૬૦૦થી વધારે લોકોએ આ આરોગ્ય શિબિરનો લાભ લીધો હતો. તેમને સ્વાસ્થ્ય સંબંધી યોગ્ય માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

## પ્રગતિ મિત્ર મંડળના સ્થાપના દિવસની ઉજવણી

પ્રગતિ મિત્ર મંડળે (બોરીવલી-કાંદિવલી) ૭૩મો સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. એ નિમિત્તે સ્નેહ મિલનનું આયોજન થયું હતું. સાથે જ તમામ સદસ્યોએ સાથે મળીને પ્રીતિ ભોજનનો પણ આનંદ લીધો હતો.

## હાસ્ય અને સંગીતનું આયોજન

બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા વર્ષા આર્ટસ, રોટરી ક્લબ ઓફ બોરીવલી, મંડપેશ્વર સિવિક ફેડરેશન, ઈનર વ્હીલ ક્લબ ઓફ બોરીવલી, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન બોરીવલી, જૈન જાગૃતિના સથવારે 'હસે તેનું ન ખસે' નામક કાર્યક્રમ ૨૩ નવેમ્બરે યોજવામાં આવ્યો છે. રવિવારે સાંજે ૬ કલાકે બોરીવલી વેસ્ટના દેવીદાસ રોડ પર સાગર એમ્ફી થિયેટરમાં આ નિઃશુલ્ક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

## પરસ્પર એક કવિતામય સાંજ

મુંબઈના ગુજરાતી કવિતા પ્રેમીઓએ 'પરસ્પર એક કવિતામય સાંજ' નામક કાર્યક્રમ રવિવાર ૧૬ નવેમ્બરે યોજ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ કવિઓ અને કવયિત્રીઓને એક મંચ આપવાનો હતો. આ કાર્યક્રમમાં લગભગ ૧૫ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સ્નેહસંમેલન

મુંબઈ હોલસેલ હોઝિયરી અસોસિયેશનનું સ્નેહસંમેલન હાલમાં જ સંપન્ન થયું છે.

આ કાર્યક્રમમાં સંસ્થાના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને વેપારીઓ હાજર હતા. સાથે જ કેટલાક મહાનુભાવોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

# થાણેમાં પાણી ચોરી થતી હોવાનો આક્ષેપ

થાણેઃ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર છેલ્લાં કેટલાક વર્ષોથી પાણીની અછતની સમસ્યાનો સામનો કરી રહ્યો છે. ઘોડબંદર વિસ્તારના ઘણા હાઉસિંગ કોમ્પ્લેક્સના રહેવાસીઓને અવારનવાર પાણીના ટેન્કર મગાવવા પડે છે. પાણીની અછતની સમસ્યાને કારણે નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ છેલ્લા ૯ વર્ષથી, અધિકારીઓની કૃપાથી, થાણેમાં દરરોજ ૬૦ મિલિયન લિટર પાણીની ચોરી થઈ રહી છે, એવો આરોપ કરાઇ રહ્યો છે.

થાણેમાં છેલ્લા કેટલાક મહિનાઓથી પાણીમાં મોટા પાયે કાપ મુકવામાં આવી રહ્યો છે. તપાસ દરમિયાન આ પ્રકારના કિસ્સાઓ સામે આવ્યા છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારને પાણી પૂરું પાડવા માટે પીસે બંધમાંથી લગભગ ૨૮૦ થી ૩૧૦ મિલિયન લિટર પાણી ઉપાડી રહ્યું છે અને થાણેકરોને માત્ર ૨૫૦ મિલિયન લિટર પાણી જ પૂરું પાડવામાં આવી રહ્યું છે. દરરોજ ૬૦ મિલિયન લિટર પાણીની ચોરી થઈ રહી છે, એવો કરાઇ રહ્યો છે. પિસેથી ટેમઘરની વચ્ચે સોનાળે, ચોધરપાડા, બાપગાંવ, મુઠવળ, સાવદ, આમનેપાડા, કિરવલી, પિસે અને દેવરૂંગ જેવાં ગામો આવેલાં છે. આ ગામોની આસપાસના એર વાલ્વમાં ગેરકાયદેસર રીતે ટેપિંગ કરવામાં આવ્યું છે. આ માધ્યમથી જ પાણીની ચોરી થઈ રહી હોવાનું બહાર આવ્યું છે. ■

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સામે વિરોધઃ થાણેમાં ખેડૂતો ભૂખ હડતાળ પર

થાણે : બુલેટ ટ્રેનનું કામ તેજગતિએ ચાલી રહ્યું છે ત્યારે થાણે જિલ્લાના ગ્રામજનોએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સામે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. દીવામાં બે હજાર ખેડૂતોએ ફરિયાદ નોંધાવી છે, જ્યારે ભિવંડીમાં ખેડૂતોએ પ્રોજેક્ટ સામે ક્રમિક ભૂખ હડતાળ શરૂ કરી છે. ખેડૂતોનો આરોપ છે કે પ્રોજેક્ટનો મુસદ્દો તૈયાર કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા નહોતા. દીવાના આશરે ૨,૦૦૦ ખેડૂતોને આ પ્રોજેક્ટને કારણે ભૂમિહીન થવાની આશંકા છે. આ ગુસ્સે ભરાયેલા ખેડૂતોએ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન મુખ્યાલયના નાગરિક સુવિધા કેન્દ્રમાં પોતાની ફરિયાદ નોંધાવી છે.

ખેડૂતોનું કહેવું છે કે દીવાના દાતીવલી, મ્હાતરડી, અગાસણ અને કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનના આયરે, કોપર, નંદિવલી, ભોપર અને કટાઈ ગામના ખેડૂતોની જમીન બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ઉપયોગમાં લેવાઈ રહી છે.

ભીવંડી તાલુકાના અંજુર વિસ્તારમાં બુલેટ ટ્રેન કાર શેડ બનાવવામાં આવી રહ્યો છે. જેના કારણે સ્થાનિક ગ્રામજનોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ભરોડીના ગ્રામજનોએ બુલેટ ટ્રેનનું કામ અટકાવવા માટે ક્રમિક ભૂખ હડતાળ શરૂ કરી છે. ■

# બોરીવલી-વિરાર વચ્ચે પાંચમી-છઠ્ઠી લાઇનની આડે આવતા ૧૬૬ વૃક્ષની કરાશે છટણી

મુંબઈઃ મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન (એમબીએમસી) અધિકાર ક્ષેત્રમાં કુલ ૧૬૬ વૃક્ષ બોરીવલી અને વિરાર વચ્ચે પાંચમી અને છઠ્ઠી રેલવે લાઇનના માર્ગમાં છે. એમબીએમસીની જાહેર નોટિસ અનુસાર તેમાંથી ૧૩૬ વૃક્ષો કાપવામાં આવશે અને ૩૦ નજીકના વિસ્તારમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં (ફરીથી રોપવામાં) આવશે.

શુક્રવારે જારી કરાયેલી નોટિસમાં મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે તે પશ્ચિમ રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપવા માગે છે અને રહેવાસીઓને સાત દિવસની અંદર કોઈપણ વાંધા નોંધાવવા આમંત્રણ આપ્યું છે. નોટિસમાં પશ્ચિમ રેલવેના મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ ફેઝ-થ્રી હેઠળ ભાયંદર સ્ટેશન અને પંજુ ટાપુ વચ્ચેના પટ્ટાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. છટણી કરવામાં આવનારા વૃક્ષોમાં નાળિયેર, પીપળો, બદામ, નીલગિરી, અશોક, ભીંડા, ગુલમોહર, ખજૂર, કેરી વગેરેનો સમાવેશ છે. પ્રત્યારોપણ કરવામાં આવનાર વૃક્ષો પૈકી કેટલાક ૪૦ વર્ષથી વધુ જૂના છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં બોમ્બે હાઈ કોર્ટે જાહેર પરિવહન પ્રોજેક્ટ માટે ૨ હજાર ૬૧૨ મેન્ગ્રોવને હટાવવાની મંજૂરી આપી હતી. મેન્ગ્રોવ્સ નજીક ૭,૮૨૩ અન્ય વૃક્ષોના વાવેતર અને જાળવણી પૂર્ણ કરશે એવી બાંયધરી દાખલ કરવા અદાલતે પશ્ચિમ રેલવેને નિર્દેશ આપ્યો હતો. ■

# મધ્ય રેલવેની મુખ્ય લાઇન પર રેલ ફ્રેક્ચર થતા લોકલ ટ્રેન સેવા ખોરવાઇ

મુંબઈ : મુંબઈમાં હાલ ડબલ ઋતુનો અનુભવ થઇ રહ્યો છે. સવારે અને રાત્રે ઠંડી પડે છે જ્યારે દિવસ ઉનાળા જેવો ગરમ હોય છે. આવા વાતાવરણને કારણે રાત્રે રેલવેના પાટા સંકોચાય છે અને દિવસે ગરમી વધતા તે ફૂલે છે જેના કારણે પાટામાં તિરાડો પાડવાની ઘટના બને છે. મંગળવારે સવારે ઠંડીને કારણે મધ્ય રેલવેના વિક્રોલી અને કાંજુરમાર્ગ સ્ટેશનો વચ્ચે પાટામાં તિરાડ જોવા મળતાં મધ્ય રેલવેની મુખ્ય લાઇન પર લોકલ ટ્રેન સેવાઓ થોડા સમય માટે ખોરવાઈ ગઈ હતી.

કેટલાક મુસાફરોએ જણાવ્યું હતું કે આ ઘટનાને કારણે મુંબઈની લાઈફલાઈન ગણાતી ઉપનગરીય ટ્રેનો સમયપત્રકથી ૧૦ થી ૨૦ મિનિટ મોડી દોડી હતી. જેના કારણે મુસાફરોના હાલ થયા હતા અને સ્ટેશનો ઉપર મુસાફરોની ભીડ જોવા મળી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સવારે ૭.૩૨ વાગ્યે ડાઉન સ્લો લાઇન પર ફ્રેક્ચર જોવા મળ્યું હતું, જેના કારણે અધિકારીઓએ ગતિ નિયંત્રિત કરવાની અને સલામતી જાળવવા માટે સેવાઓને ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. જેના કારણે થાણે,કલ્યાણ તરફ જતા મુસાફરો હેરાન થયા હતા.

રેલવે કર્મચારીઓએ તાત્કાલિક કામ શરૂ કર્યું અને સવારે ૭.૫૮ વાગ્યે ૩૦ કિમી પ્રતિ કલાકની ગતિ સાથે લાઇનને ટ્રેન અવરજવર માટે સલામત જાહેર કરી, એમ મધ્ય રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ત્યાં સુધી માટુંગા સ્ટેશનથી ધીમી લોકલ ટ્રેનોને ફાસ્ટ લાઇન પર વાળવામાં આવી હતી. મધ્ય રેલવેની મુખ્ય લાઇન દક્ષિણ મુંબઈને પૂર્વીય ઉપનગરો અને પડોશી થાણે અને રાયગઢ જિલ્લાના આંતરિક ભાગો સાથે જોડે છે. મધ્ય રેલ્વેની ઉપનગરીય ટ્રેનોમાં દરરોજ ૩૫ લાખથી વધુ મુસાફરો મુસાફરી કરે છે. (પીટીઆઈ) ■

# સરકારી કાર્યાલયમાંથી શિવાજી મહારાજની પ્રતિમા હટાવીઃ તીવ્ર વિરોધ અને નારાજગી બાદ ફરી બેસાડવામાં આવી

પુણેઃ પુણેમાં એક સરકારી કાર્યાલયના પરિસરમાંથી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા હટાવવામાં આવતા વિવિધ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તીવ્ર વિરોધને પગલે વહીવટીતંત્રે પ્રતિમાને તેના મૂળ સ્થળે ફરીથી સ્થાપિત કરી હતી. આ પ્રતિમા હેરિટેજ સ્ટ્રકચરનો હિસ્સો છે એવો દાવો કરી સંગઠનોએ ૧૭ મી સદીના મરાઠા યોદ્ધા રાજાની પ્રતિમા હટાવવાનો વિરોધ કર્યો હતો. શહેરના શુક્રવાર પેઠ વિસ્તારમાં મામલતદાર કાર્યાલયના પરિસરમાંથી આ પ્રતિમા શનિવારે હટાવવામાં આવી હતી.

વહીવટીતંત્રે સોમવારે સ્પષ્ટતા કરી હતી કે ઓફિસને બીજી જગ્યાએ ખસેડવામાં આવી રહી હોવાથી પ્રતિમાને સન્માનપૂર્વક દૂર કરવામાં આવી હતી અને તેને નવા પરિસરમાં ફરીથી સ્થાપિત કરવામાં આવશે. જો કે સાંજ સુધીમાં વહીવટીતંત્રે નમ્ર વલણ અપનાવી કહ્યું હતું કે પ્રતિમાને તેના મૂળ સ્થાને ફરીથી બેસાડવામાં આવી રહી છે.

મામલતદાર કાર્યાલય હેરિટેજ સ્ટ્રક્ચર નથી એવી સ્પષ્ટતા કરી મામલતદાર અર્ચના નિકમે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે અમે કલેક્ટર કાર્યાલય પાસેથી જરૂરી પરવાનગી મેળવી હતી અને હટાવવા માટે તમામ પ્રક્રિયાનું પાલન કર્યું હતું. આ પ્રતિમાને જાહેર બાંધકામ વિભાગને સોંપવામાં આવી હતી, તેને સન્માનપૂર્વક (નવા પરિસરમાં) ફરીથી સ્થાપિત કરવામાં આવશે.

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ યશવંત માનેએ પછી જણાવ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજના અનુયાયીઓની ભાવનાઓનું સન્માન કરીને આ જ પરિસરમાં પ્રતિમાને ફરીથી બેસાડવામાં આવી છે. (પીટીઆઈ) ■

# ટ્રેનમાં પ્રવાસીઓના દાગીના ચોરતી મહિલા પકડાઇઃ ૧૭.૩૮ લાખ રૂપિયાની મતા જપ્ત

થાણેઃ થાણેમાં ટ્રેનોમાં ગિરદીનો લાભ લઇને પ્રવાસીઓના દાગીના ચોરનારી ૩૭ વર્ષની મહિલાને પોલીસે ગયા સપ્તાહે પકડી પાડી હતી, એમ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના અધિકારીએ જણાવ્યું હતું. સિનિયર ઇન્સ્પેક્ટર વિજય ખેડકરે જણાવ્યું હતું કે મહિલાની ઓળખ આરતી દત્તા તરીકે થઇ હતી. કુર્લા અને થાણેમાં નોંધાયેલા ચોરીના બે ગુનામાં સંડોવણી બદલ તેની ધરપકડ કરવામાં આવી હતી. આરતી દત્તા ગિરદીના સમયે ટ્રેનમાં મહિલાઓને ટાર્ગેટ કરતી હતી અને તેમની બેગમાંથી દાગીના ચોરતી હતી.

આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ જીઆરપીની ટીમે રેલવે સ્ટેશન પરના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને બાદમાં આરતીને પકડી પાડી હતી. પોલીસે આરપીત પાસેથી દાગીના સહિત ૧૭.૩૮ લાખની મતા જપ્ત કરી હતી. આરતી અન્ય ગુનામાં સંડોવાયેલી હોવાની પોલીસને શંકા છે.■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...


અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| KNACK | ગૂંથવું |
| KNEAD | આંગળીનું હાડકું |
| KNIT | ગાંઠ |
| KNOT | કણક |
| KNUCKLE | કસબ |

## ઓળખાણ પડી?

દેખાવે સાબર જેવા લાગતા અને મુખ્યત્વે ઠંડા અને પર્વતીય વિસ્તારમાં જોવા મળતા વિવિધ કદના પ્રાણીની ઓળખાણ પડી?

અ) IMPALA
બ) BEABULL
ક) GAZELLE
ડ) REINDEER



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ધ | ડા | ૨ કો | | ૩ વ | ૪ ધા | ૫ રો | | ૬ સ્ફૂ | ર્તિ |
| મ | | ૭ ર | ૮ વિ | | ૯ ર | વે | ૧૦ શી | | |
| ૧૧ ધો | ૧૨ કો | | ૧૩ સ્ફો | ટ | ક | | ૧૪ લા | ૧૫ ગ | ૧૬ ત |
| ૧૭ કા | ટ | ૧૮ છા | ટ | | | ૧૯ ક | ન્યા | દા | ન |
| ર | | પ | | ૨૦ મ | ૨૧ દ | | સ | | |
| | ૨૨ પુ | રુ | ૨૩ ષો | ત્ત | મ | | | ૨૪ ચ | ૨૫ ક |
| ૨૬ ભ | | | ડ | | ૨૭ દા | ળ | ૨૮ ઢો | ક | ળી |
| ૨૯ ર | ૩૦ જ | કો | શ | | ર | | ૩૧ ર | મા | |
| ૩૨ પૂ | ન | | | ૩૩ અ | | ૩૪ મા | મા | | ૩૫ ખે |
| ૩૬ ર | મ | ખા | ણ | ગ્ર | સ્ત | | ૩૭ ર | ખ | ડુ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | | ૧૦ | | | | ૧૧ | | | |
| | | ૧૨ | | | ૧૩ | | | | |
| ૧૪ | | | | ૧૫ | | | | | |
| | | | | ૧૬ | | | ૧૭ | | |
| ૧૮ | | ૧૯ | | | | | | ૨૦ | |
| | | ૨૧ | | ૨૨ | | ૨૩ | | | |
| | | | ૨૪ | ૨૫ | | ૨૬ | | | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | | ૩૧ | ૩૨ | | | | |
| ૩૩ | | | | | ૩૪ | | | | |

### આડી ચાવી

૧. ત્રાસ ફેલાવનારી વિચારસરણી (૫)
૫. ડરામણી (૪)
૯. બેઠક (૨)
૧૦. મંદિરમાં --- ધોઇ પૂજા પાઠ થાય (૩)
૧૧. એકી નજરે જોવું તે (૩)
૧૨. તૂટી જાય એવું (૩)
૧૩. તંદુરસ્ત, શાંત, સાવધાન (૨)
૧૪. દૃષ્ટિ, આંખ (૩)
૧૫. સાદું, સીધું (૩)
૧૬. પૃથ્વી, ધરા (૩)
૧૮. --- ના હોય તો ક્યાંય ના જવાય (૨)
૧૯. મોટા મહેલો (૪)
૨૦. હમણાં જ, પછી (૨)
૨૧. બૂમ, રાડ, હાકલ (૨)
૨૨. સગવડ (૪)
૨૪. શ્વાસનો રોગ (૨)
૨૬. આંગળીથી---વેગળા (૨)
૨૮. વાતવાતમાં રડવા બેસે (૩)
૩૧. --- ચિઠ્ઠીમાં ધમકી અપાય (૨)
૩૩. પૂરેપૂરું ભીંજાયેલું (૪)
૩૪. રૂઆબનો દોર (૫)

### ઊભી ચાવી

૧. આકાશ, નભ, ગગન (૪)
૨. વ્યવસ્થિત (૨)
૩. રામની સેના--- સેના (૩)
૪. સિંહની ગર્જના (૩)
૬. તીર્થધામ (૪)
૭. અદાકાર (૨)
૮. કચકચ (૪)
૧૨. એક શસ્ત્ર (૩)
૧૩. સંગીતકાર --- કરે (૬)
૧૫. સગવડ (૪)
૧૬. સુંદર શરદની રાત્રિ (૨)
૧૭. સરળતાથી, આયાસ વિના (૩)
૧૮. ભારતીય મહાકાવ્ય, (૫)
૧૯. સહાય (૩)
૨૩. બોલાચાલી, મતભેદ (૪) જો. છૂ.
૨૫. જલસા (૨)
૨૭. ઋતુ (૩)
૨૯. બીક (૨)
૩૦. ઘુમ્મટવાળું ઘાસનું ઝૂંપડું (૨) જો.છૂ.
૩૨. સરળ, સીધો (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આભલાવાળા પોલકા ગ્રામ્ય સંસ્કૃતિનું પ્રતિબિંબ છે' પંક્તિમાં 'પોલકા' શબ્દનો અર્થ જણાવો.

અ) પારકી બ) પ્રયત્ન ક) વસ્ત્ર ડ) તારલા

## માતૃભાષાની મહેક

કોઈ સંપત્તિથી છકી જાય તો કોઈ જાહોજલાલી હોવા છતાં સ્વભાવે નમ્ર હોય. નમ્રતાના ગુણગાન ગાતું એક સુભાષિત છે કે નામી નરમાં નમ્રતા જગ કદી કમી ન જોય, જુઓ, ત્રાજવું તોલતાં નમતું ભારી હોય. મનુષ્ય કામ, નામ અને દામથી મોટો બન્યા પછી પણ નમ્રતાનો ગુણ જાળવી રાખે તો જગમાં પ્રિય બને છે. નમતું ત્રાજવું હંમેશાં ભારે હોય છે એ જીવનનું સત્ય છે.

## સુડોકુ-૯૧૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૧ | | | | ૩ | | |
| | | | | ૧ | | ૪ | | ૭ |
| | | | | | ૬ | ૧ | | ૫ |
| ૯ | ૨ | ૬ | | ૪ | | ૭ | | |
| ૮ | | | ૭ | | ૩ | | | ૨ |
| | | ૭ | | ૯ | | ૬ | ૫ | ૪ |
| ૩ | | ૮ | ૪ | | | | | |
| ૬ | | ૪ | | | | | | |
| | | ૨ | | | | ૫ | ૪ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૧૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૩ | ૪ | ૬ | ૧ | ૨ | ૭ | ૯ |
| ૬ | ૭ | ૨ | ૮ | ૫ | ૯ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૯ | ૧ | ૩ | ૭ | ૨ | ૫ | ૮ | ૬ |
| ૯ | ૪ | ૫ | ૧ | ૨ | ૮ | ૩ | ૬ | ૭ |
| ૧ | ૨ | ૮ | ૬ | ૩ | ૭ | ૯ | ૪ | ૫ |
| ૭ | ૩ | ૬ | ૯ | ૪ | ૫ | ૧ | ૨ | ૮ |
| ૨ | ૬ | ૭ | ૫ | ૯ | ૪ | ૮ | ૧ | ૩ |
| ૫ | ૧ | ૪ | ૭ | ૮ | ૩ | ૬ | ૯ | ૨ |
| ૩ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૫ | ૪ |

## ગુજરાત મોરી મોરી રે

મુશ્કેલીમાં હાથ જોડી બેસી રહેવાને બદલે પરિશ્રમથી ઉકેલ આવે એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

કીજિયે તો વિપતે ઉદ્યમ ખાય ઉદ્યમ વિપતને

## ઈર્શાદ

*મેં તો આંબો આપ્યો ને તને બાવળ ગમે,*
*મેં તો શાંતિ આપી, તને ઉતાવળ ગમે,*
*એમાં મારો શું વાંક?*

- સુરેશ દલાલ

## માઈન્ડ ગેમ

પપૈયું ખૂબ જ ગુણકારી ફળ તરીકે ખ્યાતિ ધરાવે છે. વિશ્વનો કયો દેશ આ ફળની સૌથી વધુ આયાત કરે છે એ કહી શકશો?

અ) સાઉથ આફ્રિકા બ) ન્યૂઝીલેન્ડ ક) યુએસએ ડ) બલ્ગેરિયા

## ગયા બુધવારના જવાબ

ભાષાવૈભવ

| A | B |
|---|---|
| DOZE | ઝોકું |
| DODGE | દાવપેચ |
| DOSE | માત્રા |
| DOGMA | સિદ્ધાંત |
| DOCILE | વિનમ્ર |

ઓળખાણ પડી?
રશિયા

માઈન્ડ ગેમ
કેળા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
વાતચીત

ગુજરાત મોરી મોરી રે
કબુધિયાને બુદ્ધિ થોડી ઘર વેચીને લીધી ઘોડી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નીતીન જયંતિલાલ બજરિયા (૨) ભરત કજરિયા (૩) નયના મિસ્ત્રી (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કમલ માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) હર્ષા મહેતા (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) મુલરાજ કપૂર (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ડોય પ્રકાશ કટકિયા (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ગિરીશ મિસ્ત્રી (૪૯) કિશોરકુમાર જીવણદાસ વેદ

# કેબિનેટની બેઠકમાં મહાયુતિની નારાજીનો ભડકો

## શિંદે સેનાના પ્રધાનોનો બહિષ્કારઃ ભાજપ દ્વારા કશું ન થયું હોવાનો દેખાવ

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં મંગળવારે અભૂતપૂર્વ ધમાલ જોવા મળી હતી. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના પ્રધાનોએ સાગમટે કેબિનેટની બેઠકનો બહિષ્કાર કર્યો હતો અને આનાથી આખા રાજ્યમાં અનેક અટકળો વહેતી થઈ છે. પ્રથમ નજરે કલ્યાણ-ડોંબિવલી મનપા વિસ્તારના શિંદે સેનાના કેટલાક નેતાઓને ભાજપમાં પ્રવેશ આપવા સામે આ નારાજી હોવાનું કહેવામાં આવી રહ્યું હતું, પરંતુ થોડો અભ્યાસ કરવામાં આવતાં જણાયું કે મંગળવારના એક જ દિવસમાં એવા ત્રણ બનાવો બન્યા હતા જેને કારણે શિંદે સેનામાં નારાજીનો ભડકો ઉઠ્યો હતો જેનો પડઘો બહિષ્કારમાં જોવા મળ્યો હતો. આ બહિષ્કારની ચર્ચા એટલા માટે પણ વધારે થઈ રહી છે કેમકે શિંદે સેનાના નેતાઓ કેબિનેટની બેઠક પહેલાંની બેઠકમાં હાજર હતા અને કેબિનેટની બેઠકમાં ગેરહાજર રહ્યા બાદ તેઓ મુખ્ય પ્રધાનની કેબિનમાં તેમને મળવા માટે પણ પહોંચ્યા હતા. એટલે કે મંત્રાલયમાં જ હોવા છતાં કેબિનેટની બેઠકમાં તેઓ ધરાર ગેરહાજર રહ્યા હતા. ■

## છેવટે થઈ સમજૂતી

### મહાયુતિના ઘટકપક્ષો એકબીજાના નેતાઓને પ્રવેશ નહીં આપે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં પાલિકા ચૂંટણીઓ પહેલા એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં મંગળવારે ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારમાં શિવસેનાના પ્રધાનોએ કેબિનેટની સાપ્તાહિક બેઠકમાં ગેરહાજર રહીને સનસનાટી ફેલાવી દીધા બાદ આ મુદ્દે હવે સમાધાન થયું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની હાજરીમાં થયેલા યુદ્ધવિરામમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે મહાયુતિના ઘટકપક્ષો હવે એકબીજાના નેતાઓને પક્ષપ્રવેશ (જુઓ પાનું ૪) ▸▸

## શિવસેના શિંદે જૂથના પ્રધાનોની નારાજીના કારણો

૧. ભાજપ દ્વારા શિવસેનાના નેતાઓ, મ્યુનિસિપલ નગરસેવકો-કાર્યકરો અને પદાધિકારીઓને પોતાની પાર્ટીમાં સામેલ કરવામાં આવી રહ્યા છે.
૨. ભાજપ એવા વિપક્ષી નેતાઓને સામેલ કરી રહી છે જેમણે શિંદે સેનાના પ્રધાનો-વિધાનસભ્યો સામે ચૂંટણી લડી હતી.
૩. શિંદેના ઘણા નેતાઓ, ભલે તે પાલક પ્રધાન હોય કે ન હોય, તેમને વિશ્વાસમાં લીધા વિના ઘણા નિર્ણયો લેવામાં આવે છે અને ભંડોળ વાળવામાં આવે છે.
૪. આગામી ચૂંટણીઓમાં ગઠબંધનનો ધર્મ પાળવામાં આવી રહ્યો નથી.
૫. શિંદેના પ્રધાનોને ભંડોળ મેળવવા માટે સખત મહેનત કરવી પડી રહી છે.
૬. ભાજપે સંભાજી નગર, કલ્યાણ-ડોમ્બિવલી, અંબરનાથ, કોંકણમાં પ્રવેશ કર્યો છે અને ક્યારેય ગઠબંધનના ધર્મનું પાલન ન કર્યું? ■

## શિંદેની સેના કયા પ્રવેશથી નાખુશ છે?

૧. શંભુરાજ દેસાઈ વિ સત્યજીત પાટણકર (ભાજપમાં પ્રવેશ)
૨. ભરત ગોગાવાલે વિ સ્નેહલ જગતાપ (એનસીપીમાં પ્રવેશ)
૩. દાદા ભુસે વિ અદ્વૈય હિરે (ભાજપમાં પ્રવેશ)
૪. કિશોર અપ્પા પાટીલ વિ વૈશાલી સૂર્યવશી (ભાજપમાં પ્રવેશ)
૫. સુહાસ બાબર વિ વૈભવ પાટીલ (ભાજપમાં પ્રવેશ)
૬. મહેન્દ્ર દળવી વિ સુધાકર ખરે (એનસીપીમાં પ્રવેશ). ■

## મંગળવારે શું થયું હતું?

કલ્યાણ ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શિંદેની શિવસેનાના ભૂતપૂર્વ કોર્પોરેટરો મહેશ પાટિલ, સુનિતા પાટિલ અને સાયલી વિચારે ભાજપમાં જોડાયા છે એક રીતે તેમનું સ્વગૃહે આગમન થયું છે.

ભાજપ સત્તામાં આવ્યા પછી અને પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણના પ્રયાસો પછી, ત્રણેય ભૂતપૂર્વ કોર્પોરેટરો ભાજપમાં જોડાયા. તેથી, શિંદેની શિવસેના માટે આ એક આંચકો માનવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત (જુઓ પાનું ૪) ▸▸

## મુખ્ય પ્રધાન સાથેની બેઠકમાં શું થયું?

૧. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સામે કેબિનેટની બેઠકમાં ગેરહાજર રહેલા કેબિનેટ પ્રધાનોને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઠપકો આપ્યો
૨. કેબિનેટ પૂર્વેની બેઠકમાં એકનાથ શિંદે હાજર હતા, પરંતુ કેબિનેટ બેઠકમાં હાજર ન રહેલા પ્રધાનો મુખ્ય પ્રધાનને મળવા માટે પહોંચ્યા હતા.
૩. સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ એકનાથ શિંદેની હાજરીમાં જ ફડણવીસે શિંદેના પ્રધાનોની ઝાટકણી કાઢી હતી.
૪. ફડણવીસે શિંદેની સામે તેમને ઠપકો આપીને કેબિનેટ પ્રધાનો માટે મૂંઝવણ ઉભી કરી હતી.
૫. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મુખ્ય પ્રધાને કયા જિલ્લામાં શિંદે સેના દ્વારા ભાજપના કેટલા નેતાઓને પ્રવેશ આપ્યો તેની યાદી વાંચી સંભળાવી. ■

## દીપડાઓનો માનવીઓ પર હુમલો એ 'રાજ્ય આપત્તિ'

મુંબઈઃ રાજ્યમાં દીપડાઓ દ્વારા વધી રહેલી માનવ હત્યાની સમસ્યા રાજ્ય આપત્તિ તરીકે ઘોષિત કરવાનો પ્રસ્તાવ પ્રધાનમંડળની આગામી બેઠકમાં રજૂ કરવા અંગે આદેશ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપ્યો છે. આ ઉપરાંત દીપડાઓને વન્યજીવ સંરક્ષણ અધિનિયમના શેડ્યૂલ - ૧માંથી હટાવી શેડ્યૂલ - ૨માં સમાવેશ કરવાનો પ્રસ્તાવ તૈયાર કરી બેઠકમાં રજૂ કરવા માટે પણ સીએમ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ■

## મુંબઈ અને ઉપનગરોમાં સસ્તા મકાનો ઉપલબ્ધ થશે

### કેબિનેટની બેઠકમાં છ મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા

મુંબઈઃ નગર વિકાસ, ગૃહનિર્માણ, રાહત અને પુનર્વસન, કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા, મહિલા અને બાળ વિકાસ તેમ જ કાયદો અને ન્યાય વિભાગો હેઠળ રાજ્ય કેબિનેટની બેઠકમાં મંગળવારે કુલ છ મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે કન્સેપ્ટ આધારિત આઇકોનિક શહેરના વિકાસ માટેની નીતિ જાહેર કરી છે.

રાજ્ય કેબિનેટની એક મહત્વપૂર્ણ બેઠક મંગળવારે મુંબઈમાં દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં છ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. તે મુજબ, રાજ્યમાં સિડકો સહિત વિવિધ સત્તાવાળાઓની માલિકીની જમીનો અને પ્લોટના યોગ્ય ઉપયોગ માટે નીતિ ઘડવામાં આવી છે. ઉપરાંત, કન્સેપ્ટ-આધારિત આઇકોનિક સિટી ડેવલપમેન્ટ માટે નીતિ જાહેર કરી હતી.

**નગર વિકાસ વિભાગઃ** રાજ્યમાં સિડકો (જુઓ પાનું ૪) ▸▸

## સુપ્રીમ કોર્ટે મૂક્યો હાઇ કોર્ટના આદેશ પર સ્ટે

## મહાવિતરણ ગ્રાહકો માટે વીજદર ઘટાડામાં હવે કોઈ રાહત નહીં

મુંબઈઃ મહાવિતરણના વીજ ગ્રાહકો માટે હાલના વીજ દર જ લાગુ રહેશે, કારણ કે સુપ્રીમ કોર્ટે સોમવારે મુંબઈ હાઈ કોર્ટના દર ઘટાડવાના આદેશ પર સ્ટે આપ્યો છે. આને કારણે વીજ ગ્રાહકોને દર ઘટાડામાં રાહત નહીં મળે. જોકે સુપ્રીમ કોર્ટે મહાવિતરણ કંપનીની માગણી સ્વીકારી હોવાથી કંપનીને મહેસૂલમાં નુકસાન થશે નહીં.

મહાવિતરણ કંપનીએ રાજ્ય વીજ નિયમન આયોગ દ્વારા ૨૮ માર્ચના રોજ સરેરાશ ૧૨ ટકા વીજદર ઘટાડવાના ટેરિફ ઓર્ડરને લાગુ કરવાના મુંબઈ હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં વિશેષ અનુમતિ અરજી દાખલ કરી હતી. વીજદર ઘટાડવા અંગે મહાવિતરણે રજૂ કરેલી સમિક્ષા અરજી પર રાજ્ય વીજ નિયમન આયોગે ગ્રાહક પ્રતિનિધિઓ અને તમામ સંબંધિતો સાથે ચર્ચા કરીને નિર્ણય લેવો, એવો આદેશ હાઈ કોર્ટે આપ્યો હતો. આ આદેશને સુપ્રીમ કોર્ટે યથાવત્ રાખ્યો હતો અને આયોગે ૧૨ અઠવાડિયામાં નિર્ણય લેવો એવી સમયમર્યાદા પણ નક્કી કરી આપી હતી. મહાવિતરણની સમિક્ષા અરજી પર આયોગનો નિર્ણય ન થાય ત્યાં સુધી, આયોગના ૨૮ માર્ચના નહીં, પણ ૨૫ જૂનના આદેશ મુજબનું ટેરિફ ઓર્ડર લાગુ રહેશે, એમ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું. ■

# મુંબઈમાં સીએનજીનો પુરવઠો પુર્વવત્

## આખો દિવસ નાગરિકો અને વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યોઃ કલાકો સુધી પંપો પર લાઈનો લાગી





**મુસીબતઃ** સીએનજી ભંગાણની અસર સતત ત્રીજા દિવસે પણ રહી હતી. ટેક્સી-રિક્ષા પકડવા માટે પ્રવાસીઓએ રીતસર પડાપડી કરી હતી, જ્યારે બસ માટે પણ લાંબી કતારો જોવા મળી હતી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સીએનજી પંપો પર મંગળવારે સતત બીજા દિવસે પણ લાંબી લાઇનો જોવા મળી હતી, કારણ કે મુખ્ય ગેસ પાઇપલાઇનને નુકસાનને કારણે પુરવઠો ખોરવાયો હતો અને વાહનો માટે રિફ્યુઅલિંગમાં અવરોધ સર્જાયો હતો. જોકે, મંગળવારે મોડી સાંજે એમજીએલ દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે ગેઈલની મુખ્ય પાઈપલાઈનમાં પડેલું ભંગાણ દુરસ્ત કરી નાખવામાં આવ્યું છે અને સ્થિતિ પૂર્વવત્ થઈ ગઈ છે.

મહાનગર ગેસ લિમિટેડ (એમજીએલ) દ્વારા સંચાલિત મોટાભાગના સીએનજી પંપો પર વહેલી સવારથી લાંબી લાઇનો જોવા મળી હતી, ખાસ કરીને કાળી-પીળી ટેક્સીઓ અને ઓટોરિક્ષાઓની, જેમાં ઘણા ડ્રાઇવરોએ સામાન્ય રીતે ૧૫ થી ૩૦ મિનિટની સરખામણીમાં ત્રણથી ચાર કલાક રાહ જોવાનો વારો આવ્યો હોવાની ફરિયાદ કરી હતી.

મહાનગર ગેસ લિમિટેડના જણાવ્યા મુજબ, રવિવારે રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ (આરસીએફ)ના કમ્પાઉન્ડની અંદર ગેઈલની મુખ્ય સપ્લાય પાઇપલાઇનને થર્ડ પાર્ટી નુકસાન થયા બાદ વડાલા ખાતે સિટી ગેટ સ્ટેશનમાં ગેસ પ્રવાહમાં અવરોધ ઉભો થયો હતો, જે શહેરમાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી)ના સપ્લાય માટેનું મુખ્ય સ્થળ (જુઓ પાનું ૪) ▸▸

## પ્રોમિસ ૧૦ દિવસનું, પણ ૨૦ દિવસ બાદ પણ ઠેકાણા નથી

### મેટ્રો-થ્રી માસિક પાસ મુસાફરોને હજી નથી મળ્યો

મુંબઈઃ કફ પરેડ - વાંદરા - સીપ્ઝ - આરે અંડરગ્રાઉન્ડ મેટ્રોમાં મુસાફરી કરતા લોકોની સુવિધા માટે મહિનાનો પાસ ૧૦ દિવસમાં ઉપલબ્ધ કરવામાં આવશે એવી ઘોષણા મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) દ્વારા ૨૮ ઓક્ટોબરે કરવામાં આવી હતી. જોકે એ રજૂઆતને ૨૦ દિવસ થઈ ગયા હોવા છતાં પ્રવાસીઓને એ સગવડ હજી સુધી નથી મળી. મુંબઈની પ્રથમ અંડરગ્રાઉન્ડ મેટ્રો ટ્રેન સર્વિસ નવ ઓક્ટોબરથી પૂર્ણ ક્ષમતા સાથે દોડવા લાગી છે. આ રૂટના પહેલા અને બીજા તબક્કાને મળવો જોઈએ એવો પ્રતિસાદ નહોતો મળ્યો. જોકે, આચાર્ય અત્રે ચોક - કફ પરેડ દરમિયાનનો અંતિમ તબક્કો શરૂ થતાની સાથે મેટ્રો-થ્રી પૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત થઈ હતી. ત્યારબાદ મેટ્રો ૩ને મુંબઈવાસીઓએ વધાવી લીધી. અંતિમ તબક્કો શરૂ થવા પૂર્વે આ રૂટ પર દૈનિક પ્રવાસીઓની સંખ્યા ૭૦ હજાર હતી. ત્રીજો રૂટ શરૂ થયા પછી દૈનિક પ્રવાસીઓની સંખ્યા ડબલથી વધુ દોઢ લાખ પર પહોંચી ગઈ છે.

આ સંખ્યામાં વધારો થશે એમ માનવામાં આવે છે. આ પ્રવાસીઓને સુવિધા આપવા એમએમઆરસીએ કમર કસી છે અને એમાંની એક સગવડ છે પ્રવાસીઓની માંગણી અનુસાર માસિક પાસ આપવાની. એ અનુસાર ૨૮ ઓક્ટોબરે આ સુવિધા ૧૦ દિવસ પછી મળશે એવી રજૂઆત કરવામાં આવી હતી. માસિક પાસ આપવા માટે ટિકિટ પ્રણાલીમાં ફેરફાર કરવાનું કામ ચાલી રહ્યું છે. આ પાસમાં દિવ્યાંગ વ્યક્તિને ૨૫ ટકા રાહત આપવા અંગે સ્પષ્ટતા એમએમઆરસી દ્વારા કરવામાં આવી છે. જોકે, ઘોષણાના ૨૦ દિવસ થઈ ગયા હોવા છતાં સુવિધાના કોઈ સગડ નથી દેખાઈ રહ્યા અને પ્રવાસીઓ કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આ સુવિધા ક્યારે શરૂ કરવામાં આવશે એ અંગે એમએમઆરસી તરફથી કોઈ રજૂઆત નથી કરવામાં આવી. ■

## બાબા સિદ્દીકી હત્યાકેસનો મુખ્ય આરોપી અનમોલ બિશ્નોઇ યુએસથી ડિપોર્ટ, આજે દિલ્હી પહોંચશે



મુંબઈઃ એનસીપીના નેતા બાબા સિદ્દીકી હત્યાકેસમાં મુખ્ય કાવતરાખોર તથા ગેન્ગસ્ટર અનમોલ બિશ્નોઇને અમેરિકાથી ડિપોર્ટ કરી ભારત લાવવામાં આવી રહ્યો છે, એમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

બોલીવૂડના અભિનેતા સલમાન ખાનના બાંદ્રાના નિવાસસ્થાને એપ્રિલ, ૨૦૨૪માં ગોળીબારના કેસમાં વોન્ટેડ અનમોલ બુધવારે સવારે દિલ્હી પહોંચવાની અપેક્ષા છે. આથી આઇજીઆઇ એરપોર્ટ પર દિલ્હી પોલીસની અનેક ટીમો તહેનાત કરવાના આદેશ જારી કરવામાં આવ્યા છે, એમ પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

મુંબઈ પોલીસે અનમોલના પ્રત્યર્પણ માટે બે પ્રસ્તાવ મોકલ્યા હતા. દેશભરમાં અનમોલ બિશ્નોઇ વિરુદ્ધ અનેક ગુના નોંધાયેલા છે અને કેન્દ્ર સરકાર નક્કી કરશે કે કોર્ટમાં હાજર કરાયા બાદ તેની કસ્ટડી પ્રથમ કઇ એજન્સીને આપવામાં આવશે.

મહિનાની શરૂઆતમાં ઇન્વેસ્ટિગેશન એજન્સીઓને માહિતી મળી હતી કે અમેરિકા અને કેનેડા વચ્ચે ફરતા રહેતા અનમોલને કેનેડામાં અટકાયતમાં લેવાયો હતો.

એનસીપીના નેતા અને બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીએ જણાવ્યું હતું કે તેને ઇમેઇલ પ્રાપ્ત થયો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે બિશ્નોઇને અમેરિકાથી કાઢી મૂકવામાં આવ્યો છે. આનો અર્થ એ થાય છે કે તે અમેરિકામાં નથી અને તેને ભારત લાવીને તેના ગુનાઓ માટે કેસ ચલાવવો (જુઓ પાનું ૪) ▸▸

## વસઈમાં ફાસ્ટ લોકલમાંથી ધક્કો મારી મામાએ સગીર ભાણેજની કરી હત્યા

### વિરારના પ્રવાસીએ આખી ઘટના જોયા બાદ મામાને પકડી રેલવે પોલીસને હવાલે કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વસઇમાં ફાસ્ટ લોકલમાંથી મામાએ ધક્કો મારી દેતાં ૧૬ વર્ષની ભાણેજનું મૃત્યુ થયું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. વાલિવ પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને ૨૮ વર્ષના મામાની ધરપકડ કરી હતી.

મૃતકની ઓળખ કોમલ સોનાર તરીકે થઇ હોઇ તે માતા સાથે માનખુર્દ વિસ્તારમાં રહેતી હતી. કોમલ સોનારની માતા દર્દીઓની સંભાળ રાખવાનું કામ કરે છે.

૧૫ નવેમ્બરે કોમલ અચાનક ઘરેથી નીકળી ગઇ હતી અને પાછી ફરી નહોતી. આથી પરિવારે સગાંવહાલાં પાસે પૂછપરછ કરી હતી, પણ તેની કોઇ જ ભાળ મળી નહોતી. બીજે દિવસે સવારે તેમને માહિતી મળી હતી કે કોમલ નાલાસોપારામાં રહેનારા તેના મામા અર્જુન સોનીના ઘરે ગઇ છે. આથી મોટી મામી તેને લાવવા માટે ગઇ ત્યારે કોમલ ફરી ત્યાંથી ગાયબ થઇ ગઇ હતી. શંકા જતાં મોટી મામીએ વાલિવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો. અર્જુન સોનીએ બાદમાં કોમલના મોબાઇલથી તેની માતાને કૉલ કર્યો હતો અને જણાવ્યું હતું કે કોમલ તેની સાથે છે. કોમલની માતાએ તેને ત્વરિત ઘરે (જુઓ પાનું ૪) ▸▸

## હોલ ટિકિટમાં નામના બદલે અપશબ્દો લખેલા!!!

### બાન્દ્રાની કોલેજના વિદ્યાર્થીઓને થયો કડવો અનુભવ, પરીક્ષાથી પણ વંચિત

મુંબઈઃ પરીક્ષાની હોલ ટિકિટ એ વિદ્યાર્થીઓની ઓળખ પ્રસ્થાપિત કરવા માટેનો એક ઉત્તમ વિકલ્પ છે, પરંતુ બાન્દ્રાની એક કોલેજમાં પરીક્ષા આપવા ગયેલા વિદ્યાર્થીઓને હોલ ટિકિટ પર ગડબડ જોવા મળી હતી. વિદ્યાર્થીઓના ધ્યાનમાં આવ્યું કે હોલ ટિકિટ માટેના ફોર્મમાં ભરેલી માહિતીને બદલે ખોટી માહિતી છપાયેલી હતી. વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો હતો કે છેલ્લા એક અઠવાડિયાથી ફરિયાદો કરી હોવા છતાં, તેમને પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા ન હતા.

હોલ ટિકિટના ફોર્મમાં નામના સ્થાને ખોટી માહિતી દેખાઈ રહી હોવાનું ધ્યાનમાં આવતાં વિદ્યાર્થીઓએ ગયા અઠવાડિયે જ વહીવટીતંત્ર સમક્ષ ફરિયાદ કરી હતી. તેમને કહેવામાં આવ્યું હતું કે સમસ્યા સોમવાર સુધીમાં હલ થઈ જશે. જોકે પરીક્ષાના દિવસે પણ એ જ ખોટી વિગતો દેખાઇ રહી હતી. એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, 'મારા કેટલાક મિત્રોને તો ખોટી માહિતીના કારણે પરીક્ષામાં બેસવા જ દેવામાં આવ્યા ન હતા.' કેટલાક વિદ્યાર્થીઓનું કહેવું છે કે (જુઓ પાનું ૪) ▸▸

## દહિસર ટોલ પ્લાઝાના કાયમી સ્થળાંતરનો મુદ્દો હજુ વણઉકેલાયેલો

### એનએચએઆઇ દ્વારા જમીન આપવાનો ઇનકાર

મુંબઈઃ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઇ) એ દહિસર ટોલ પ્લાઝાના કાયમી સ્થળાંતર માટે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) ને જમીન આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હોવાથી એમએસઆરડીસી ની ચિંતા વધી ગઈ છે. તેથી હવે એમએસઆરડીસી રાજ્ય સરકારને આનો ઉકેલ શોધવા માટે કહે તેવી શક્યતા છે.

દહિસરમાં ટ્રાફિક જેમની વધતી ફરિયાદોને કારણે, સ્થાનિક લોકો દ્વારા ટોલ પ્લાઝાને બીજી જગ્યાએ ખસેડવાની માગ કરવામાં આવી હતી. આ માગણી સ્વીકારીને, નાયબ મુખ્ય પ્રધાન અને શહેરી વિકાસ પ્રધાન એકનાથ શિંદેએ દિવાળી સુધીમાં ટોલ પ્લાઝાને બીજે ખસેડવાનો એમએસઆરડીસી ને નિર્દેશ આપ્યો હતો. એમએસઆરડીસી એ વર્સોવા બ્રિજ નજીક વર્તમાન ટોલ પ્લાઝાથી આશરે ૯ કિમીના અંતરે ટોલ પ્લાઝાને ખસેડવાનો નિર્ણય લીધો હતો. આ સ્થળ એનએચએઆઇની હદમાં આવતું હોવાથી, એમએસઆરડીસીએ એનએચએઆઇને પત્ર મોકલી જમીનની માંગ કરી હતી.

જોકે કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ તાજેતરમાં નેશનલ હાઇવે પરના ટોલ પ્લાઝાને ખસેડવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. નિયમો મુજબ બે ટોલ પ્લાઝા વચ્ચે ૬૦ કિમીનું અંતર હોવું આવશ્યક છે. આવી સ્થિતિમાં એનએચએઆઇ ટોલ પ્લાઝા એમએસઆરડીસી દ્વારા નક્કી કરાયેલ સ્થળથી ૨૬ કિમી દૂર છે. એનએચએઆઇ દ્વારા જમીન આપવાનો ઇનકાર કરવાથી એમએસઆરડીસી ની ચિંતા વધી ગઈ છે. ટોલ પ્લાઝાના કારણે ભારે ટ્રાફિક જામ થઈ રહ્યો હોવાથી સ્થાનિકોમાં નારાજગી છે. આ સમસ્યાનું નિરાકરણ કેવી રીતે કરવું તે પ્રશ્ન ઉભો થયો છે. ■

## અપહરણ બાદ સગીરા પર બળાત્કારના ૨૦૧૩ના કેસમાં યુવક નિર્દોષ જાહેર

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણની ફાસ્ટ-ટ્રેક કોર્ટે ૨૦૧૩માં પંદર વર્ષની સગીરાનું અપહરણ અને તેની સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં ૩૩ વર્ષના યુવકને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ સગીરાની તપાસ કરવામાં અને એ સમયે તે સગીર હતી એ સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો હતો.

પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટના વિશેષ જજ વી.એ. પતરાવલેએ ૩ નવેમ્બરે રિતેશ ઘનશ્યામ રોહિદાસને નિર્દોષ જાહેર કર્યો હતો.

સગીરાના પિતાએ ૨૦૧૩માં પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને દાવો કર્યો હતો કે તેની પુત્રીનું અપહરણ કરાયું છે અને પંદર હજાર રૂપિયાની ખંડણી માગવામાં આવી છે.

આરોપીને ત્યાર બાદ તેના વતન ઉત્તર પ્રદેશથી પકડી પાડીને સગીરાનો છુટકારો કરાવાયો હતો.

(પીટીઆઇ) ■

# ગુવાહાટીમાં ગિલ નહીં રમે તો કોનો ચાન્સ લાગશે?

## નીતીશ, સુદર્શન કે પડિક્કલમાંથી કોઈ એકને ટીમમાં સમાવાશે એવી સંભાવના

ગુવાહાટીઃ આસામમાં ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં શનિવાર, બાવીસમી નવેમ્બરે સાઉથ આફ્રિકા સામે શરૂ થનારી સિરીઝની બીજી અને છેલ્લી ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી લાઇવ)માં કૅપ્ટન શુભમન ગિલ ગરદનના દુખાવાને કારણે જો નહીં રમે તો તેના સ્થાને સાઇ સુદર્શન, દેવદત્ત પડિક્કલ અથવા નીતીશ કુમાર રેડ્ડીમાંથી કોઈ એક ખેલાડીનો ચાન્સ લાગી શકે એવું આ મૅચના ત્રણ દિવસ પહેલાં અનુમાન કરવામાં આવી રહ્યું છે.

શુભમન ગિલે કોલકાતાની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં બૅટિંગ દરમ્યાન (પોતાના ચાર રનના સ્કોર પર) ગરદનમાં અસહ્ય દુખાવો થતા બૅટિંગ છોડી દીધી હતી અને પછીથી એ મૅચમાં તે રમ્યો જ નહોતો. રિષભ પંતે કૅપ્ટન્સી સંભાળી હતી અને ભારત એ મૅચ ૩૦ રનના નજીવા તફાવતથી હારી ગયું હતું. સાઉથ આફ્રિકાની ટીમ સિરીઝમાં ૧-૦થી આગળ છે. હવે સાઉથ આફ્રિકા સિરીઝ હારી નહીં શકે અને ભારત શ્રેણી જીતી નહીં શકે. ભારતે ગુવાહાટીમાં જીતીને સિરીઝ ૧-૧થી કરવાની છે.

નીતીશ રેડ્ડીને પ્રથમ ટેસ્ટના બે દિવસ પહેલાં સ્ક્વૉડમાંથી છૂટો કરી દેવામાં આવ્યો હતો અને તેને સાઉથ આફ્રિકા-એ સામેની મૅચમાં ઇન્ડિયા-એ વતી રમવા રાજકોટ મોકલી દેવામાં આવ્યો હતો જેનું સુકાન તિલક રાજે સંભાળ્યું હતું.

નીતીશ રેડ્ડી પેસ બોલિંગ ઑલરાઉન્ડર છે, જ્યારે સુદર્શન અને પડિક્કલ સ્પેશ્યાલિસ્ટ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેન છે. આ ત્રણેયમાં નીતીશ રેડ્ડીનો નંબર લાગી શકે એમ છે, પરંતુ સાઇ સુદર્શનનું નામ પણ વધુ ચર્ચામાં છે, કારણકે કોલકાતાની ટેસ્ટમાં વધારાના ઑલરાઉન્ડર તરીકે અક્ષર પટેલને ટીમમાં સમાવવા નીતીશને નહોતો રમાડવામાં આવ્યો અને વૉશિંગ્ટન સુંદરને વનડાઉનમાં મોકલવામાં આવ્યો હતો જેમાં તેણે બન્ને દાવમાં અનુક્રમે ૨૯ રન તથા ૩૧ રન કર્યા હતા. જોકે આખી મૅચમાં સાઉથ આફ્રિકાના ત્રણ સ્પિનર (મૅન ઑફ ધ મૅચ) સાઇમન હાર્મર, કેશવ મહારાજ તથા એઇડન માર્કરમ તેમ જ પેસ બોલર્સ માર્કો યેનસેન અને કૉર્બિન બૉશ્ચ સામે અન્ય ભારતીય બૅટ્સમેનો કરતાં સુંદરે સૌથી વધુ ૧૭૪ બૉલનો સામનો કર્યો હતો.

સુદર્શન અને પડિક્કલ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેન હોવાથી તેમના બેમાંથી એકનો ગિલના સ્થાને ચાન્સ લાગી શકે. જોકે સ્પિનર હાર્મરે કોલકાતાની ટેસ્ટમાં જે આઠ વિકેટ લીધી હતી એમાંથી છ વિકેટ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેનની હતી. ખરેખર તો ગિલના સ્થાને સ્પેશ્યાલિસ્ટ રાઇટ-હૅન્ડ બૅટ્સમૅનની જરૂર છે, જ્યારે ટીમમાં એવો કોઈ છે જ નહીં. ■



કોલકાતામાં ગઈ કાલે હેડ-કોચ ગૌતમ ગંભીર સાથે ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા. (પીટીઆઇ)

# કોલકાતાના પિચ-વિવાદ બાદ ગૌતમ ગંભીરે આ શું કરી નાખ્યું? કોઈએ કલ્પના પણ નહીં કરી હોય!

કોલકાતાઃ રવિવારે સાઉથ આફ્રિકા સામે સિરીઝની પ્રથમ ટેસ્ટ માત્ર અઢી દિવસની અંદર ભારતના ઘોર પરાજય સાથે પૂરી થઈ એને પગલે ઈડન ગાર્ડન્સની પિચ વિશે ખૂબ ટીકા થઈ હતી, પરંતુ ખુદ ટીમ ઇન્ડિયાનો હેડ-કોચ ગૌતમ ગંભીર મંગળવારે ઈડનના પિચ-ક્યૂરેટર સુજન મુખર્જીને ભેટી રહેલો જોવા મળતાં ક્રિકેટ જગતમાં આ મુલાકાત ચર્ચાના ચકડોળે ચડી છે. રવિવારે ૧૨૪ રનના લક્ષ્યાંક સામે ભારતીય ટીમ ૯૩ રનમાં આઉટ થઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે ઈડનની સ્પિન-ફ્રેન્ડ્લી પિચ પર ભારતના સ્પિનર્સ તો સફળ થયા હતા, પણ સાઉથ આફ્રિકાના સ્પિનર્સ સામે ભારતના બૅટ્સમેનો સારું રમવામાં નિષ્ફળ ગયા હતા. મૅચ બાદ અનેક ક્રિકેટ પંડિતોએ ઈડનની પિચ વિશે ખૂબ ટીકા કરી હતી, પણ ગૌતમ ગંભીરે પિચનું સમર્થન કરીને સૌને ચોંકાવી દીધા હતા.

બીજી ટેસ્ટ ગુવાહાટીમાં શનિવાર, બાવીસમી નવેમ્બરથી રમાવાની છે અને ત્યાં પહોંચતાં પહેલાં મંગળવારે કોલકાતામાં ટીમ ઇન્ડિયા માટે એક વૈકલ્પિક પ્રૅક્ટિસ-સેશન રાખવામાં આવ્યું હતું અને એ સત્ર દરમ્યાન ગૌતમ ગંભીર પિચ ક્યૂરેટર સુજન મુખર્જીને ભેટી રહેલો જોવા મળ્યો હતો.

એ પહેલાં, રવિવારે ગંભીરે ઈડનની પિચના બચાવમાં પત્રકારોને કહ્યું હતું કે 'અમે આવી જ પિચ ઇચ્છતા હતા. મને લાગે છે કે પિચ ક્યૂરેટરે અમને ખૂબ સપોર્ટ આપ્યો હતો. જોકે જ્યારે સારું ન રમીએ તો આવું જ (ભારતની હારનું) પરિણામ જ જોવા મળે. પિચ ગમે એવી હતી, એના પર ૧૨૪ રનનો લક્ષ્યાંક ચેઝ થઈ શકે એમ હતો. જો અમારા બૅટ્સમેન વધુ સારી સંરક્ષણ શક્તિથી અને સંયમથી રમ્યા હોત તો તેમણે વધુ રન કર્યા હોત.'


કોલકાતામાં ગઈ કાલે પ્રૅક્ટિસ સેશન વખતે પિચ ક્યૂરેટર સુજન મુખર્જીને ભેટી રહેલો ગૌતમ ગંભીર.

પીઢ ક્રિકેટર સુનીલ ગાવસકરે પણ ગંભીરના સમર્થનમાં નિવેદન આપ્યું હતું. તેમનું કહેવું હતું કે પિચમાં બહુ ખરાબી નહોતી અને ૧૨૪ રનનો ટાર્ગેટ મેળવી શકાય એમ હતો. ■

# આન્દ્રે રસેલ શું ચેન્નઈની ટીમમાં જોડાઈ રહ્યો છે?

કોલકાતા/ચેન્નઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં દર સીઝન પહેલાં ખેલાડીઓને હરાજી માટે છૂટા કરી દેવાની પ્રણાલીમાં સૌથી શૉકિંગ નિર્ણય તાજેતરમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ લીધો જેમાં એણે વેસ્ટ ઇન્ડિઝના આક્રમક ઑલરાઉન્ડર આન્દ્રે રસેલને આગામી ૧૬મી ડિસેમ્બરની હરાજી માટે રિલીઝ કરી દીધો, પરંતુ હવે તે કઈ ટીમમાં જશે એની ઉત્સુકતા વચ્ચે એક અણસાર એવો મળ્યો છે કે તે કદાચ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)માં જોડાશે.




રસેલે ૨૦૧૨થી ૨૦૨૫ સુધીમાં આઇપીએલમાં ૧૪૦ મૅચમાં કુલ ૨,૬૫૧ રન કર્યા છે અને ૧૨૩ વિકેટ લીધી છે. તે શરૂઆતમાં દિલ્હી ડેરડેવિલ્સ વતી રમતો હતો અને ૧૧ વર્ષથી કેકેઆર સાથે સતતપણે તેનો નાતો રહ્યો હતો, પરંતુ ત્રણ ટાઇટલ જીતી ચૂકેલા કેકેઆરે ટીમમાંથી મોટા પાયે સાફસૂફી કરવાના ઇરાદા સાથે રસેલને પણ જાકારો આપીને સૌને ચોંકાવી દીધા છે. કેકેઆરે ૨૦૨૫ની હરાજીમાં ૨૩.૭૫ કરોડ રૂપિયામાં ખરીદેલા ઑલરાઉન્ડર વેન્કટેશ ઐયરને પણ રિલીઝ કરી દીધો છે.

હાર્ડ-હિટિંગ અને બાજી પલટાવી નાખતી બોલિંગ માટે જાણીતો રસેલ ૨૦૨૫ની સીઝનમાં સારું નહોતો રમ્યો, પરંતુ ૨૦૧૪માં અને ૨૦૨૪માં કેકેઆરને ટાઇટલ અપાવવામાં તેની મહત્ત્વની ભૂમિકા હતી.

દરમ્યાન, શરૂ થઈ રહેલી અબુ ધાબી ટી-૧૦ લીગ માટેની તૈયારીમાં વ્યસ્ત વિસ્ફોટક ઑલરાઉન્ડર આન્દ્રે રસેલ ડેક્કન ગ્લૅડિયેટર્સ નામની ટીમમાં છે અને રસેલને આ ટીમના ખેલાડીઓ માટેના પીળા જર્સીમાં બૅટિંગ પ્રૅક્ટિસ કરી રહેલો જોઈને ઘણા ક્રિકેટપ્રેમીઓ એવી અટકળ કરી રહ્યા છે કે તેને ૨૦૨૬ની આઇપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)નું ફ્રેન્ચાઇઝી ખરીદી જ લેશે. સોશ્યલ મીડિયામાં કેટલાક ક્રિકેટલવર્સ સીએસકેને સૂચવી રહ્યા છે કે તમારી પાસે હરાજીમાં પુષ્કળ ફંડ હશે એટલે ધમાકેદાર ખેલાડી આન્દ્ર રસેલને કેમેય કરીને ખરીદી લેજો.

સીએસકે પાસે ઑક્શનમાં ખરીદવા માટે કુલ ૪૩.૪૦ કરોડ રૂપિયાનું ફંડ છે જેમાંથી તે સારા-સારા ખેલાડીને ખરીદી શકશે. સીએસકે કરતાં વધુ ભંડોળ એકમાત્ર કેકેઆર પાસે (૬૪.૩૦ કરોડ રૂપિયા) છે. કેકેઆર તો રસેલને પાછો કદાચ લેશે નહીં એટલે સીએસકેને મેળવવાનો સારો મોકો છે. સીએસકેના ખેલાડીઓના જર્સીનો રંગ પણ પીળો છે એટલે ક્રિકેટચાહકોને શંકા છે કે રસેલને પાંચ ટાઇટલ જીતી ચૂકેલી સીએસકેમાં જોડાવાની જ ઘણી ઈચ્છા હશે. ■

# ભારત જીતતું હતું ત્યારે સ્પિન-ફ્રેન્ડ્લી પિચ વિશે કોઈએ સવાલ નહોતા કર્યાઃ ભુવનેશ્વર કુમાર

## એક સમયના ટોચના પેસ બોલરે ક્રિકેટલક્ષી ઍપ લૉન્ચ કરી

નવી દિલ્હીઃ ભારતના ઝડપી બોલર અને એક સમયના ટીમ ઇન્ડિયાના ટોચના પેસ બોલર્સમાં ગણાતા ૩૫ વર્ષીય ભુવનેશ્વર કુમારનું એવું માનવું છે કે સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ માટેની ઈડન ગાર્ડન્સની સ્પિન-ફ્રેન્ડ્લી પિચ જેવી બનાવવામાં આવી હતી એ મુદ્દે જે વિવાદ ચાલે છે એનો કોઈ અર્થ નથી, કારણકે ભારતમાં આવી પિચો દાયકાઓથી તૈયાર કરાય છે.

ભારત આ લૉ-સ્કોરિંગ ટેસ્ટ મૅચમાં ૧૨૪ રનનો મામૂલી લક્ષ્યાંક પણ નહોતું મેળવી શક્યું અને આખી ટીમ ૯૩ રનમાં તંબુ ભેગી થઈ ગઈ હતી. કોલકાતાની આ હાર ગયા વર્ષે ન્યૂ ઝીલૅન્ડ સામે ઘરઆંગણે થયેલી ૦-૩ની હારને યાદ અપાવનારી છે. ત્યારે ન્યૂ ઝીલૅન્ડના સ્પિનર્સે વર્ચસ્વ જમાવ્યું હતું અને પોતાની ટીમને ભારતમાં ૦-૩થી ઐતિહાસિક ક્લીન સ્વીપ અપાવી હતી.

જોકે કોલકાતામાં સાઉથ આફ્રિકા સામે હારી ગયા એ વિશે ભુવનેશ્વરને કોઈ નવાઈ નથી લાગી. તેણે 'ક્રિગિરિ' નામની ઍપ લૉન્ચ કરી છે. તે આ ઍપ્લિકેશનનો સહ-સ્થાપક છે. તે કહે છે, 'ભારતમાં સ્પિન-ફ્રેન્ડ્લી પિચ બનાવવામાં આવી હોય એવું કંઈ પહેલી વાર નથી બન્યું. ભારત અગાઉ આવી પિચ પર જીતી રહી હતી ત્યારે એ પિચ બાબતમાં કોઈએ સવાલ નહોતા કર્યા. કારણ ચોખ્ખું હતું, ભારત ત્યારે જીતી રહ્યું હતું. જીત-હાર તો રમતના બે સમાન હિસ્સા કહેવાય. કોલકાતાની હાર મારા માટે કોઈ મોટી ચિંતાનું કારણ નથી.'

શું ભારતે કોલકાતાની ટેસ્ટમાં ચાર સ્પિનર (જાડેજા, કુલદીપ, અક્ષર, વૉશિંગ્ટન)ને રમાડ્યા એ નિર્ણય યોગ્ય હતો? એવું પૂછાતાં ભુવનેશ્વરે કહ્યું, 'આપણી પાસે આ બધા સારા સ્પિનર્સ છે અને ત્યારે પિચની સ્થિતિ જોઈને જ નિર્ણય લેવાયો હશે. પિચ જે રીતે તૈયાર કરાઈ હતી ત્યારે જ લાગ્યું હશે કે એના પર ચાર સ્પિનરને રમાડવા જોઈએ. પિચ જોતાં એ નિર્ણય કંઈ ખોટો નહોતો.' ■

# ભારતના તીરંદાજોએ હિંસાગ્રસ્ત ઢાકામાં સલામતી વગર ૧૦ કલાક વીતાવ્યા

## મહિલાઓ સહિતના આર્ચરને ફ્લાઇટ રદ થયા પછી ધરમશાળામાં ઉતારો અપાયો

કોલકાતાઃ બાંગ્લાદેશમાં વર્તમાન સરકારે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને ફાંસીની સજા આપવાની જાહેરાત કરી એને પગલે પાટનગર ઢાકામાં ફરી હિંસા ભડકી ઊઠી છે એવા માહોલમાં ભારતના મેડલ-વિજેતા તીરંદાજો સહિત કુલ ૧૧ તીરંદાજ બે દિવસ પહેલાં ઢાકામાં ફસાઈ ગયા હતા અને તેમણે લગભગ ૧૦ કલાક સલામતી કવચ વિના પસાર કરવા પડ્યા હતા. આ તીરંદાજો કુલ છ ગોલ્ડ મેડલ, ત્રણ સિલ્વર મેડલ અને એક બ્રૉન્ઝ મેડલ જીત્યા હતા. એક તરફ મહિલા તીરંદાજો સહિતના આ ઍથ્લીટો એશિયન ચૅમ્પિયનશિપ્સમાં ચંદ્રકો જીતીને આનંદિત હતા ત્યાં બીજી તરફ તેમણે ફ્લાઇટ્સ રદ થવાને કારણે ઢાકામાં પરેશાન થવું પડ્યું હતું. શનિવારે રાત્રે તેઓ રાત્રે ૯.૩૦ વાગ્યાની ફ્લાઇટ માટે અગાઉથી જ ઢાકા ઍરપોર્ટ પર પહોંચી ગયા હતા. એમાં વરિષ્ઠ તીરંદાજો અભિષેક શર્મા, જ્યોતિ સુરેખા તેમ જ ઑલિમ્પિયન ધીરજ બોમ્બાદેવરાનો પણ સમાવેશ હતો. તમામ તીરંદાજોમાં સાત મહિલા તેમ જ બે સગીર વયના તીરંદાજો કપણ સામેલ હતા.

આ ભારતીય તીરંદાજો વિમાનમાં બેસી ગયા ત્યાર પછી તેમને કહેવામાં આવ્યું કે વિમાનમાં યાંત્રિક ખરાબી થવાને કારણે આ વિમાન નહીં ઉડાડવામાં આવે. તીરંદાજો વિમાનમાંથી ઊતર્યા બાદ રાત્રે બે વાગ્યા સુધી ટર્મિનલમાં બેઠા રહ્યા હતા અને એ દરમ્યાન તેમને કઈ ફ્લાઇટમાં દિલ્હી મોકલવામાં આવશે એ પણ સ્થાનિક સત્તાધીશો દ્વારા ખુલાસો નહોતો કરવામાં આવ્યો. છેવટે તેમને કહેવામાં આવ્યું કે (શનિવારની) એ રાત્રે તેમના માટે કોઈ જ વૈકલ્પિક ફ્લાઇટ નથી.




એક તરફ ઢાકામાં તોફાનો શરૂ થઈ ગયાં હતાં અને એમાં પણ ખાસ કરીને બાંગ્લાદેશમાં ભારત તથા હિન્દુ વિરોધી તત્ત્વો બે વર્ષથી સક્રિય છે એટલે તીરંદાજો સહિતની સ્ક્વૉડના કુલ ૨૩ મેમ્બર્સ ભયભીત હતા. ઢાકામાં રઝળી પડેલા ૧૧ ભારતીય તીરંદાજોને બારી વિનાની બસમાં બેસાડીને અડધા કલાકની મુસાફરી બાદ ધરમશાળા જેવી એક લૉજમાં લઈ જવામાં આવ્યા હતા. ૨૦૧૮માં અને ૨૦૨૨માં એશિયન ગેમ્સનો સિલ્વર મેડલ જીતી ચૂકેલા તીરંદાજ અભિષેકે પીટીઆઇને કહ્યું કે 'આ લૉજ યોગ્ય હૉટેલ જેવી નહોતી. અમને ગેસ્ટ હાઉસના નામે ધરમશાળા જેવા બિલ્ડિંગમાં લઈ જવામાં આવ્યા હતા. એમાં ડૉર્મિટરીની વ્યવસ્થામાં મહિલા તીરંદાજો માટે એક રૂમમાં છ પલંગ હતા અને એક જ ટૉઇલેટ હતું જેની હાલત ખૂબ ખરાબ હતી. મને નથી લાગતું કે એકપણ તીરંદાજે એવા ગંદા બાથરૂમમાં નહાવાનું પસંદ કર્યું હશે. ઢાકામાં ઇન્ટરનૅશનલ ડૅબિટ/ક્રૅડિટ કાર્ડ સ્વીકાર્ય ન હોવાથી અમે લાચાર હતા. ઉબરનો પણ લાભ નહોતા લઈ શક્યા, કારણકે પેમેન્ટની મેથડમાં ક્ષતિ બતાવાતી હતી. અમારા માટે રવિવારે સવારે ૧૧.૦૦ વાગ્યા આસપાસની ફ્લાઇટની વ્યવસ્થા કરવામાં આવી છે એવું જો અમને કહેવામાં આવ્યું હોત તો અમે ઍરપોર્ટમાં જ બેઠા રહ્યા હોત. કલાકો પછી અમને ફ્લાઇટ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.'

કેટલાક તીરંદાજોએ દિલ્હી પહોંચ્યા પછી પણ પોતાના શહેર માટેની ફ્લાઇટ મોડી પડવાની પરેશાની ભોગવવી પડી હતી.

ઢાકાથી મુંબઈ અને કોલકાતા માટેની ફ્લાઇટને લગતી આવી કોઈ જ સમસ્યા નહોતી અને તેઓ સમયસર પાછા આવ્યા હતા. એમાં જાણીતા તીરંદાજોમાં ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન દીપિકા કુમારી, અતાનુ દાસ, રાહુલ બૅનર્જી, પ્રથમેશ ફુગે, સાહિલ જાધવ વગેરેનો સમાવેશ હતો. ■

# બીસીસીઆઇએ બાંગ્લાદેશની મહિલા ટીમનો ભારત-પ્રવાસ મોકૂફ રાખ્યો

નવી દિલ્હીઃ ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ક્રિકેટ ટીમ આવતા મહિને ઘરઆંગણે બાંગ્લાદેશની વિમેન્સ ટીમ સામે વન-ડે સિરીઝ તેમ જ ત્યાર બાદ ટી-૨૦ સિરીઝ રમવાની હતી, પરંતુ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ને જણાવી દીધું છે કે તમે તમારી મહિલા ટીમને હમણાં ભારત નહીં મોકલતા, કારણકે આ સિરીઝ અમે મુલતવી રાખી છે અને ભવિષ્યમાં નવું શેડ્યૂલ નક્કી કરીશું ત્યારે તમને વાકેફ કરીશું.

બીસીસીઆઇએ બાંગ્લાદેશ સાથેની આ વિમેન્સ સિરીઝ મોકૂફ રાખવા સંબંધમાં કોઈ કારણ નથી આપ્યું, પણ એવું મનાય છે કે ભારત-વિરોધી તથા હિન્દુ-વિરોધી દેખાવો માટે જાણીતા બાંગ્લાદેશમાં ફરી હિંસા ભડકી ઊઠતાં બન્ને દેશ વચ્ચેના રાજદ્વારી સંબંધો તંગ થઈ ગયા છે જેને પગલે બીસીસીઆઇએ આ નિર્ણય લીધો હશે. ■

# પાકિસ્તાની કેપ્ટનના ઘરે ભરપેટ જમ્યા પછી શ્રીલંકાના સુકાની સહિત બે ખેલાડી ગંભીર રીતે બીમાર, સ્વદેશભેગા થયા!

ઇસ્લામાબાદ શ્રીલંકાના ક્રિકેટરો ઇસ્લામાબાદમાં આત્મઘાતી બોમ્બ ધડાકા થવાને કારણે પાકિસ્તાનની ટૂર અધવચ્ચેથી છોડી જવા માગતા હતા ત્યારે શ્રીલંકાના ક્રિકેટ બોર્ડના દબાણને લીધે તેમણે રમવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ હવે ઇસ્લામાબાદ શહેર જ બે શ્રીલંકન ક્રિકેટર માટે ભારે પડી ગયું.

વાત એવી છે કે પાકિસ્તાનના કેપ્ટન અને મુખ્ય ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીએ ઇસ્લામાબાદમાં પોતાના ઘરે શ્રીલંકા અને ઝિમ્બાબ્વેના ક્રિકેટરો માટે ડિનરનું આયોજન કર્યું હતું અને એ રાત્રિ ભોજનમાં ભરપેટ જમ્યા પછી શ્રીલંકાનો કેપ્ટન ચરિથ અસલંકા અને ફાસ્ટ બોલર અસિથ ફર્નાન્ડો ગંભીર રીતે બીમાર પડી ગયા હતા જેને પગલે તેમણે સ્વદેશ પાછા જતા રહેવું પડ્યું છે અને તેઓ પાકિસ્તાન સામે શરૂ થઈ રહેલી ટી-૨૦ ટ્રાયેન્ગ્યુલરમાં નથી રમી શક્યા. દાસુન શનાકાને શ્રીલંકાની ટીમનું નેતૃત્વ સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી છે.

પાકિસ્તાનની સરકાર શ્રીલંકાના ક્રિકેટરોને આતંકવાદીઓ વિરુદ્ધ સુરક્ષા પૂરી પાડી શકી, પણ કેપ્ટન શાહીન આફ્રિદીના ઘરે બે શ્રીલંકન ખેલાડીઓને 'સલામતી' મળી ન શકી. આ પાર્ટીમાં ત્રણેય દેશના વન-ડે તેમ જ ટી-૨૦ ખેલાડીઓ હાજર હતા. શ્રીલંકાના બે પ્લેયર કયા કારણે બીમાર પડ્યા એ સત્તાવાર રીતે નથી જણાવાયું, પણ સોશ્યલ મીડિયામાં આફ્રિદીના ડિનરને જવાબદાર ગણાવવામાં આવી રહ્યું છે.

શાહીન આફ્રિદીના ઘરે જે ડિનર રાખવામાં આવ્યું હતું એમાં તમામ ખેલાડીઓને વિવિધ દેશોમાં બનતી હોય એવી પારંપારિક વાનગીઓ પીરસવામાં આવી હતી. એવું મનાય છે કે અમુક પ્રકારની વાનગી શ્રીલંકાના આ બે ખેલાડીને માફક ન આવી અને તેઓ બીમાર પડી ગયા. બંને શ્રીલંકન ખેલાડીને પ્રાથમિક સારવાર અપાઈ હતી, પરંતુ તેમની તબિયત વધુ બગડતાં તેમણે સ્વદેશ પાછા જવાનું પસંદ કર્યું હતું.



ફર્નાન્ડોના સ્થાને પવન રત્નાયકેને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. ટી-૨૦ ત્રિકોણિય જંગ ૧૮મી નવેમ્બરથી ૨૯મી નવેમ્બર સુધી રમાશે. સલામતીના કારણસર તમામ મૅચો ઇસ્લામાબાદથી થોડા જ કિલોમીટર દૂર રાવલપિંડીમાં રમાવાની છે. ■

# મુંબઈ સામે પુડુચેરી ફૉલો-ઑન પછી પણ ૨૬૭ રન પાછળ

મુંબઈઃ ચાર-દિવસીય રણજી ટ્રોફી મુકાબલામાં મંગળવારે વાનખેડેમાં મંગળવારની ત્રીજા દિવસની રમતને અંતે ગ્રૂપ-ડીમાં મુંબઈએ પુડુચેરી સામે જ્વલંત વિજય મેળવવાની તૈયારી કરી લીધી હતી. પુડુચેરીની ટીમ પ્રથમ દાવમાં ૧૩૨ રનમાં આઉટ થઈ ગયા બાદ બીજા દાવમાં એણે ૨૩૧ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી અને મુંબઈની ટીમ પ્રથમ દાવના તોતિંગ સ્કોર (૫/૬૩૦ ડિક્લેર્ડ)ને કારણે હજી ૨૬૭ રનથી આગળ હતી. પહેલા દાવમાં શાર્દુલે ત્રણ અને કોટિયને પણ ત્રણ વિકેટ લીધી હતી, જ્યારે બીજી ઇનિંગ્સમાં શમ્સ મુલાની બે વિકેટ લઈ ચૂક્યો હતો.

**અન્ય ટીમોના સ્કોરઃ** (૧) રાજકોટમાં ચાર દિવસના મુકાબલામાં સૌરાષ્ટ્ર (૭/૫૮૫ ડિક્લેર્ડ) સામે ગોવા ૩૫૮ રન અને ફૉલો-ઑન બાદ ૨/૭૭. (૨) નાગપુરમાં વિદર્ભ સામે બરોડાને ૨૭૬ રનના લક્ષ્યાંક સામે ૫/૭૩ના સ્કોર બાદ જીતવા હજી ૨૦૩ રનની જરૂર. (૩) ન્યૂ ચંડીગઢમાં પંજાબ સામે મહારાષ્ટ્રનો એક દાવ અને ૯૨ રનથી વિજય. (૪) દેહરાદૂનમાં ગુજરાત સામે ઉત્તરાખંડને ૩૪૪ રનના લક્ષ્યાંક સામે ૦/૪૩ બદલ હજી ૩૦૧ રનની જરૂર. (૫) જમ્મુમાં જમ્મુ-કાશ્મીર સામે હૈદરાબાદ ૪૭૨ રનના લક્ષ્યાંક સામે ૭/૧૬૯.

# ભારતની મહિલા મુક્કાબાજોનું મંગળવારે મૅજિક



ઉત્તર પ્રદેશના નોઇડામાં ભારતની મિનાક્ષી હૂડા (એકદમ ડાબે) ગઈ કાલે વર્લ્ડ બૉક્સિંગ કપ ફાઇનલ્સ નામની ચૅમ્પિયનશિપમાં સાઉથ કોરિયાની ચૉરોન્ગને ૫-૦થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. અન્ય એક વર્ગમાં ભારતની જ અરુંધતી ચૌધરી (ડાબેથી બીજી તસવીરમાં લાલ ડ્રેસમાં)એ જર્મનીની મુલરને સેમિ ફાઇનલમાં પરાજિત કરી હતી, જ્યારે ભારતની પરવીન હૂડા (ડાબેથી ત્રીજી તસવીરમાં લાલ ડ્રેસમાં)એ પોલૅન્ડની ઍનેતાને સેમિ ફાઇનલમાં હરાવી હતી, જ્યારે ભારતની જ નુપુર (જમણી તસવીરમાં લાલ ડ્રેસમાં) સેમિ ફાઇનલમાં યુક્રેનની મારિયા સામે વિજેતા ઘોષિત થઈ હતી. (પીટીઆઇ)

# આઈટી, મેટલ અને કેપિટલ ગૂડસ શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધતા નિફ્ટીએ ૨૬,૦૦૦ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વૈશ્વિક બજારોમાં નબળા વલણ વચ્ચે આઇટી, મેટલ અને કેપિટલ ગુડ્સ શેરની આગેવાનીએ નફારૂપી વેચવાલીનું દબાણ વધવાથી શેરબજારોમાં ૬ દિવસની તેજીને બ્રેક લાગી હતી અને બેન્ચમાર્ક સેન્સેક્સ લગભગ ૨૭૮ પોઈન્ટ ગબડી ગયો હતો, જ્યારે નિફ્ટીએ ફરી ૨૬,૦૦૦ની સપાટી ગુમાવી હતી.

સેન્સેક્સ ૨૭૭.૯૩ પોઈન્ટ અથવા ૦.૩૩ ટકા ઘટીને ૮૪,૬૭૩.૦૨ પર સ્થિર થયો હતો. જે દિવસ દરમિયાન, ૩૯૨.૫૯ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા ઘટીને ૮૪,૫૫૮.૩૬ને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૧૦૩.૪૦ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૨૫,૯૧૦.૦૫ના સ્તરે પર બંધ થયો હતો.

તાજેતરના સુધારા પછી રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કર્યું હોવાથી સ્થાનિક ઇક્વિટી બજાર નીચે આવ્યું હતું, જે નબળા વૈશ્વિક સેન્ટિમેન્ટને પ્રતિબિંબિત કરે છે. ડિસેમ્બરમાં યુએસ ફેડ રેટ ઘટાડાની અપેક્ષાઓ ઓછી થઈ છે, જે સેન્ટિમેન્ટ પર અસર કરે છે, મજબૂત ડોલર વચ્ચે આઇટી, મેટલ અને રિયલ્ટી શેરોમાં ઘટાડો થયો છે.

સેન્સેક્સ કંપનીઓમાં, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, એટરનલ, અદાણી પોર્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝર્સ રહ્યા હતા અને ભારતી એરટેલ, એક્સિસ બેંક, એશિયન પેઇન્ટ્સ અને ટાઇટન ટોપ ગેઇનર્સમાં સામેલ હતા.બીએસઇ સ્મોલકેપ ગેજ ૦.૮૫ ટકા ઘટ્યો અને મિડકેપ ઇન્ડેક્સ ૦.૭૦ ટકા ઘટ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોમાં, રિયલ્ટી ૧.૯૮ ટકા ગબડ્યો હતો, ત્યારબાદ બીએસઇ ફોકસ્ડ આઇટી (૧.૧૬ ટકા), આઇટી (૧.૧૫ ટકા), મેટલ (૧.૦૭ ટકા), કોમોડિટી (૦.૯૫ ટકા) અને ઔદ્યોગિક (૦.૯૩ ટકા)નો ક્રમ હતો.

પ્રાઇમરી માર્કેટમાં સુદીપ ફાર્માનો રૂ.૮૯૫.૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ નવેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૬ નવેમ્બરના રોજ થશે, જ્યારે એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૮ નવેમ્બરે થશે. પ્રાઈસ બેન્ડ રૂ.૫૬૩થી રૂ.૫૯૩.૦૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૨૫ શેર છે.

ફિઝિક્સવાલા શેર તેના રૂ.૧૦૯ના ઇશ્યૂ ભાવ સામે ૩૩ ટકાના પ્રીમિયમ સાથે બીએસઇ પર રૂ.૧૪૩.૧૦ના ભાવે જ્યારે એનએસઇ પર રૂ.૧૪૫ના ભાવે લિસ્ટેડ થયા હતા. આ તરફ એમવી ફોટોવોલ્ટેક પાવર લિમિટેડનો શેર તેના રૂ. ૨૧૭ના ઇશ્યૂ ભાવે બીએસઇ અને એનએસઇ પર લિસ્ટેડ થયા હતા અને પાછળથી ૨.૭૧ ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઇ રહ્યા હતા.



આઇફોન મેકર એપલ ઇન્ડિયા નાણાકીય વર્ષ ૨૦૨૫ના પરિણામમાં ૧૬ ટકાના વધારા સાથે રૂ. ૩૧૯૬ કરોડનો નફો અને રૂ. ૭૯,૩૭૮ કરોડની આવક નોંધાવી છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ એકમાત્ર વધનાર તરીકે ઉભરી આવ્યો હતો. બીએસઇ પર કુલ ૨,૭૪૦ શેર ઘટ્યા હતા જ્યારે ૧,૪૬૩ શેર વધ્યા હતા અને ૧૩૮ શેર યથાવત રહ્યા હતા.

કન્ટેન્ટ પ્રોડક્શન હાઉસ બોધી ટ્રી મલ્ટીમીડિયા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના સંકલિત પરિણામમાં ૩૦.૪૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૪૨.૮૧ કરોડની કુલ આવક, ૧૪૯.૧૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૬.૪૭ કરોડનો એબિટા અને ૧૮૫.૨૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૫૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પ્રાઇમરી માર્કેટમાં કેપીલરીનો આઇપીઓ ત્રીજા અંતિમ દિવસે ૫૨.૯૫ ગણો ભરાયો હતો.

પ્રીમિયમ પ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૬૬.૯૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૮.૮૨ કરોડની કુલ આવક, ૫૫.૩૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૮.૪૫ કરોડનો એબિટા અને ૫૦.૩૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૯૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એપોલો ટાયરે ઇજનેરી સ્ટુડન્ટ માટે ટાયર ટેકનોલોજી મોડ્યલ દાખલ કરવા કેઆઇઆઇટી સાથે યુનિત સાધી છે.

સુપ્રિમ ફેસિલિટી મેનેજમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૧૩.૯૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૩૧.૦૪ કરોડની કુલ આવક ૧૨.૭૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૯.૯૨ કરોડનો એબિટા અને ૪૦.૬૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪.૪૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ તીવ્ર ઘટાડા સાથે સ્થિર થયા હતા.

ટેકનોલોજી ક્ષેત્રમાં વેલ્યુએશન વધવાની ચિંતાને કારણે વૈશ્વિક શેરબજારમાં ભારે વેચવાલીથી સ્થાનિક શેરબજારોમાં પણ વ્યાપક પ્રોફિટ બુકિંગ શરૂ થયું હતું. જોકે, ખાસ કરીને જાપાનના નિક્કી અને દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૩ ટકાથી વધુના ઘટાડાની સરખામણીમાં ભારતીય બજારો નુકસાનને મર્યાદિત કરવામાં સફળ રહ્યા હતા. પ્રમાણમાં સ્થિતિસ્થાપકનું પ્રદર્શન નીચા સ્તરે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો તરફથી મજબૂત ખરીદી સમર્થન દર્શાવે છે, જેણે ઘટાડાને દૂર કરવામાં મદદ કરી હતી.

યુરોપિયન બજારો રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે મંગળવારે કહ્યું હતું કે, ભારત અને યુએસ વચ્ચે પ્રસ્તાવિત વેપાર કરાર અંગે તમને સારા સમાચાર સાંભળવા મળશે. સોદો વાજબી, સમાન અને સંતુલિત થઈ જશે. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ સોમવારે રૂ. ૪૪૨.૧૭ કરોડના શેર ખરીદ્યા જ્યારે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ પણ પાછલા વર્ષમાં રૂ. ૧,૪૬૫.૮૬ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ, ૦.૪૦ ટકા ઘટીને ૬૩.૯૪ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

# ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને એક પૈસો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૪૨.૧૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ અને ગઈકાલે જાહેર થયેલા આર્થિક ડેટાઓમાં નિકાસમાં ઘટાડો, આયાતમાં વધારો અને વેપાર ખાધ વધી આવી હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાધારણ બેતરફી વધઘટે અથડાઈને સાધારણ એક પૈસાના ઘટાડા સાથે ૮૮.૬૦ના મથાળે બંધ રહ્યો હતો.

બજારના સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૫૯ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૮.૬૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૬૯ અને ઉપરમાં ૮૮.૫૮ની સાંકડી રેન્જમાં અથડાઈને અંતે એક પૈસાના ઘટાડા સાથે ૮૮.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

અમેરિકી ગવર્નમેન્ટ શટડાઉનના અંત સાથે ટ્રેડરોની નજર અમેરિકાના આર્થિક ડેટાની જાહેરાતો પર સ્થિર થઈ હોવાથી બજારમાં અમુક અંશે સાવચેતીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા ઘટીને ૯૯.૪૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૭ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૯૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૭૭.૯૩ પૉઈન્ટનો અને ૧૦૩.૪૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# રેટકટની શક્યતા નબળી પડતાં વૈશ્વિક સોનું એક સપ્તાહની નીચી સપાટીએ સ્થાનિક સોનામાં ₹ ૭૪૪નો અને ચાંદીમાં ₹ ૧૨૨૭નો વધુ ઘટાડો

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિ વિષયક બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો કરે તેવી શક્યતા ધૂંધળી બનતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં એક તબક્કે સોનાના ભાવ ઘટીને એક સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીમાં ધીમો સુધારો આવ્યો હતો. જોકે, વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુમાં નરમાઈનું વલણ રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪૧થી ૭૪૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૨૭નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૨૭ ઘટીને રૂ. ૧,૫૩,૭૦૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વધુ ભાવઘટાડાના આશાવાદે રોકાણકારો અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં વેરારહિત



ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪૧ ઘટીને રૂ. ૧,૨૧,૬૯૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૪૪ ઘટીને રૂ. ૧,૨૨,૧૮૦ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ફેડરલ દ્વારા રેટકટની શક્યતા નબળી પડતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ઘટીને એક સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૪૧.૫૪ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૪૦૪૦.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૫૦.૩૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ફેડરલ રિઝર્વના અધિકારીઓ દ્વારા આક્રમક નાણાનીતિના સંકેતો આપવામાં આવી રહ્યા હોવાથી આજે સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું યુબીએસનાં વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે મારા મતે ટૂંક સમયમાં જ સોનાના ભાવ બોટમઆઉટ થશે. કેમ કે આગામી ત્રિમાસિકગાળામાં ફેડરલ રિઝર્વ નાણાનીતિમાં બદલાવ લાવીને એક કરતાં પણ વધુ રેટ કટ કરતાં સોનાના ભાવમાં પુનઃ તેજીનું વલણ જોવા મળે તેવી શક્યતા જણાય છે.

નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં ફેડરલ રિઝર્વનાં ઉપાધ્યક્ષ ફિલિપ જેફરસને રેટકટ માટે મંદ વલણ અપનવામાં આવશે, એમ જણાવતાં રોકાણકારોમાં આગામી ડિસેમ્બર મહિનામાં રેટકટનો આશાવાદ વધુ ધૂંધળો બનતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા.

વધુમાં આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૪૬ ટકા શક્યતા જોઈ રહ્યા છે.

# દેશી-આયાતી તેલમાં છૂટાછવાયા કામકાજે ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૯૯ સેન્ટનો સુધારો આવ્યાના તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૫૯ રિંગિટ વધી આવ્યાના અહેવાલ હતા. જાકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા ખપપૂરતા રહેતાં હાજર તેમ જ ડાયરેક્ટ ડિલિવરી શરતે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૩, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૬, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૨ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે ૪૦,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૭૫,૦૦૦ ગૂણી મળી કુલ ૧.૧૫ લાખ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૫૦માં અને રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી પરંતુ અગાઉની શેષ ૪૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૫૦માં થયાના અહેવાલ હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સિંગતેલના રૂ. ૧૫૨૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૫૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૭૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહી હોવાથી ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦નો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૬થી ૩૯૬૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# કોપર વાયરબાર અને નિકલની આગેવાનીમાં ધાતુમાં પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનના આર્થિક ડેટાઓ નબળા આવ્યા હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે ખાસ કરીને કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ અનુક્રમે રૂ. ૩૭ અને રૂ. ૨૮ ઘટી આવ્યા હતા. વધુમાં કોપર વાયરબાર અને નિકલની આગેવાનીમાં કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ ઝિન્ક સ્લેબ અને ટીનમાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. બેથી નવ ઘટી આવ્યા હતા. જોકે, આજે એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૭ ઘટીને રૂ. ૧૦૧૬ અને રૂ. ૨૮ ઘટીને રૂ. ૧૩૦૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે કોપર અને નિકલની આગેવાનીમાં અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને ખપપૂરતી માગ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૩૩૧૮, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને અનુક્રમે રૂ. ૯૩૭ અને રૂ. ૯૦૩, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૨૭૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૯૨૪, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૫૨ અને રૂ. ૩૧૦ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૬૪૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૨૭૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૭ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બેસ્ટ યુએલબી કેટેગરીમાં ભાવનગર મનપાએ દેશમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ ભારત સરકારના ''મીનીસ્ટ્રી ઓફ જલ શક્તિ'' મંત્રાલય દ્વારા સમગ્ર ભારત માટે જાહેર કરેલ છઠ્ઠા નેશનલ વોટર એવોર્ડ ''માં'' બેસ્ટ યુએલબી (અર્બન લોકલ બોડી એટલે કે મહાનગરપાલિકા) કેટેગરીમાં ભાવનગર મહાનગરપાલિકાએ સમગ્ર દેશમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જે અંતર્ગત તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ એવોર્ડ વિતરણ સમારોહમાં દેશના મહામહિમ રાષ્ટ્રપતિશ્રીની ગરીમામય ઉપસ્થિતિમાં ભારત સરકારના જળસંચય મંત્રાલયના કેન્દ્રીય પ્રધાન સી.આર.પાટીલના વરદહસ્તે ભાવનગર મહાનગરપાલિકાને એવોર્ડ અને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

જેને ભાવનગર મહાનગરપાલિકાના મેયર અને કમિશનર દ્વારા એવોર્ડ વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહીને સ્વીકારવામાં આવ્યો હતો. ■

# ભાવનગરમાં નશીલા સીરપની ૧૭૯૮ બોટલ સાથે ૩ શખ્સ ઝડપાયા, ત્રણ ફરારઃ સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ સ્ટેટ મોાનિટરિંગ સેલે ભાવનગર શહેરના આંબાવાડી વિસ્તારમાં આવેલ ફ્લેટમાં દરોડો પાડયો હતી. અને કોડીન સીરપની ૧૭૯૮ બોટલ સાથે ત્રણ શખ્સને ઝડપી લીધા હતા.જયારે ત્રણ શખ્સ ફરાર થઈ ગયા હતા.એસએમસીએ રૂ.૪.૩૭ લાખનો મુદ્દામાલ કબજે લઈ છ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના આંબાવાડી સ્થિત વૃષા સુવર્ણમ ફ્લેટના રૂમ નં. ૩૦૪ માં કોડીન ફોસ્ફેટ તથા ટ્રાયપ્રોલીડિન હાઇડ્રોક્લોરાઇડ સિરપનો મોટા પાયે કારોબાર ચાલતો હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલેના અધિકારીઓને મળી હતી.જે બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલે આંબાવાડી સ્થિત વૃષા સુવર્ણમ ફ્લેટના રૂમ નં. ૩૦૪ માં ત્રાટકી હતી.અને ફ્લેટમાં સતત બે દિવસ સુધી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.અને ફ્લેટમાંથી કોડીન ફોસ્ફેટ તથા ટ્રાયપ્રોલીડિન હાઇડ્રોક્લોરાઇડ સિરપનો જથ્થો મળી આવ્યો હતો.એસએમસીએ કોડીન ફોસ્ફેટ તથા ટ્રાયપ્રોલીડિન હાઇડ્રોક્લોરાઇડ સિરપની કુલ મળી ૧૭૯૮ બોટલ રૂ.૩,૪૭,૭૨૬ ની કબ્જે લીધી હતી. એસએમસીએ સીરપનો કારોબાર ચલાવનાર નિશાંત હિતેશભાઈ સંઘવી (રહે. રૂમ નં. ૩૦૪, વૃષા સુવર્ણમ ફ્લેટ, આંબાવાડી, ભાવનગર) અને ગ્રાહક તોફિક રફીકભાઈ શેખ (અજય ટોકિઝ, ભિલવાડા સર્કલ, ભાવનગર),રહીમ ફિરોઝભાઈ વિરાણી (કુંભારવાડા, નારી રોડ, ભાવનગર) ને સિરપનો જથ્થો,રોકડા રૂપિયા,મોબાઈલ અને એક વાહન મળી કુલ રૂ.૪,૪૭,૯૨૬ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.જ્યારે અસલમ,કમલેશ ઉર્ફે કમો,મુકેશ મદદગારી નામ ખુલતા એસએમસીએ છ શખ્સ નાર્કોટિક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમની કલમ ૮ ( સી ), ૨૧ ( સી ), ૨૯ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# મારકણી ઠંડીએ કચ્છને બાનમાં લેવાનુ શરૂ કર્યુંઃ નલિયામાં ૧૦.૫ ડિગ્રી લઘુતમ તાપમાન

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છમાં શિયાળો આખરે ધાક જમાવી રહ્યો છે અને ગુજરાતનું સિમલા ગણાતું, કચ્છના અબડાસા તાલુકાનું મુખ્ય મથક નલિયા સમગ્ર રાજ્યમાં ૧૦.૫ ડિગ્રી સે.ન્યૂનતમ તાપમાન સાથે સમગ્ર રાજ્યના સૌથી ઠંડા મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. નલિયા ખાતે મહત્તમ તાપમાન પણ ૨૭ ડિગ્રી રહેવા પામ્યું હતું જેને કારણે લોકોને રાઉન્ડ ધી ક્લોક ઠંડીનો અનુભવ કરવો પડી રહ્યો છે.

બીજી તરફ, ભુજમાં પણ જાણે ધીમે-ધીમે ઠંડીનો પારો સિંગલ ડિજિટ તરફ જઈ રહ્યો હોય તેમ ન્યૂનતમ તાપમાન ૧૫ ડિગ્રી સે.જયારે બપોરે ત્રણ વાગ્યે મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી નોંધાતા લોકોને શિયાળો આવી પહોંચ્યો હોવાની અનુભૂતિ થઇ રહી છે. ભુજ ઉપરાંત રાપર, કંડલા, આદિપુર, અંજાર તેમજ બંદરીય શહેરો માંડવી અને મુંદરામાં પણ ટાઢોળાએ પોતાની હાજરી પૂરાવતાં લોકો કાતિલ ઠંડીની ઝપટમાં આવી ગયા છે.સામાન્ય રીતે કચ્છમાં નવેમ્બર મહિનાના અંતિમ સપ્તાહથી શિયાળો બેસી જાય છે, પરંતુ આ વર્ષે ખરેખરો શિયાળો વહેલો શરૂ થઇ ગયો છે. ■

# ભાવનગર જિલ્લા ભાજપ કાર્યાલય ભાવ કમલમનું તા. ૨૦એ અમિત શાહ અને પ્રદેશ ભાજપ પ્રમુખ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ આગામી ૨૦ નવેમ્બરના રોજ ભાવનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ભવ્ય કાર્યાલય ભાવ કમલમના ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ભાવનગરના આંગણે પધારી રહ્યા છે.

જેના ભાગરૂપે શહેર અને જિલ્લા ભાજપે પત્રકાર પરિષદ યોજી માહિતી પૂરી પાડી હતી. ગૃહપ્રધાન અને નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ ભાવનગરની મુલાકાત અંગે કૃષિ પ્રધાન જીતુ વાઘાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લાનું આગામી તારીખ ૨૦ નવેમ્બરના રોજ નારી ચોકડી ખાતે આવેલ જિલ્લા કાર્યાલયનું ઉદ્ઘાટન કરવા માટે ગ્રહ મંત્રી અમિત શાહ અને ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ભાવનગર આવી રહ્યા છે. પ્રદેશ અધ્યક્ષ પહેલીવાર ભાવનગર આવતા હોવાથી સ્વાગત માટેની તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. તેમજ બિહારની મોટી જીત પછી ગુજરાતમાં ગૃહમંત્રી પહેલી જ વાર ગુજરાતમાં પધારી રહ્યા છે, એમાં પણ ખાસ ભાવનગર પધારી રહ્યા છે ત્યારે તેમનું વાજતે ગાજતે ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ■

# ભુજના મમુઆરા ગામના પ્લાન્ટમાં ચાલક પિતાની ટ્રક તળે જ માસૂમ પુત્ર કચડાયો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ ભુજ તાલુકાના મમુઆરા ગામ ખાતે આવેલા એકમમાં રીવર્સમાં ટ્રક લઇ રહેલા મૂળ મધ્ય પ્રદેશના અંશીન બારિયા નામના શ્રમિકનો દોઢ વર્ષનો માસૂમ પુત્ર વિવેક, આ જ ટ્રકના પાછળના પૈડાં નીચે કચડાઈ જતાં પિતાની નજર સમક્ષ કરુણ મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી.

આ કરુણાંતિકા અંગે પ્રાપ્ત માહિતી મુજબ, મમુઆરા ખાતેના એ.પી.એસ મોઇગ કેપ વોશિંગ પ્લાન્ટમાં મૂળ મધ્ય પ્રદેશનો હાલે અત્રે રહેતો અંશીન મુન્ના બારિયા નામનો શ્રમિક પ્લાન્ટમાં ટ્રક ચલાવી રહ્યો હતો ત્યારે જ અકસ્માતે તેની જ ટ્રકના પાછળના ટાયરમાં તેનો જ દોઢ વર્ષનું બાળક વિવેક કચડાઇ ગયું હતું.

ગંભીર રીતે ઘાયલ વિવેકને સારવાર અર્થે ભુજની જી. કે. જનરલ હૉસ્પિટલમાં લઇ આવતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં પિતા અને પરિવાર ભાંગી પડયા હતા. આ કરુણ બનાવ અંગે પદ્ધર પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# અભિનેત્રી કંગના રણૌત સાસણ ગીરની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હિન્દી ફિલ્મોની જાણીતી અભિનેત્રી અને ભાજપની સાંસદ કંગના રણૌત સૌરાષ્ટ્રના સાસણ ગીરની મુલાકાતે આવી હતી.

કંગના પોતાના ભાણેજ પૃથ્વી સાથે આવી હતી અને અહીં તેણે સફારી પાર્કની મુલાકાત લીધી હતી. સવારે કંગનાએ ગીરના એશિયાટિક સિંહ જોયા હતા અને પોતાના આ અનુભવને સોશ્યલ મીડિયા પર શેર કર્યો હતો.

સાસણ ગીરના વન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર કંગના મંગળવારે સવારે તેની મોટી બહેનના દીકરા પૃથ્વી સાથે સફારી પાર્કમાં ફરવા ગઈ હતી.

તેણે ખુલ્લી જીપ્સીમાં બેસી લગભગ બે કલાક આ વિસ્તારમાં વિતાવ્યાં હતાં. કંગનાએ બે સિંહ અને એક સિંહણ જોયા હતા અને આ અનુભવથી તે ખુશ થઈ ગઈ હતી.

અભિનેત્રીએ પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ પર ગુજરાતને અદ્ભુત કહ્યું હતું અને અહીંની સુંદરતા, સંસ્કૃતિ ને પ્રામાણિકતાને વખાણી હતી. ■

# પરિવારના ત્રણ સભ્યોના હત્યારા ફોરેસ્ટ અધિકારી શૈલેષ ૭ દિવસના રિમાન્ડ પરઃ કોર્ટમાં ફાંસી આપોના નારા લાગ્યા





(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ શહેર સહિત સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવતી ઘટનામાં પત્ની અને બે માસૂમ બાળકોની ક્રૂર હત્યા કરનાર જંગલ ખાતાના અધિકારી શૈલેષ ખાંભલાને પોલીસે ઝડપી લીધો હતો અને ૧૮ નવેમ્બર મંગળવારે કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી જેમાં કોર્ટે સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ભાવનગરમાં ફોરેસ્ટ ખાતામાં ફરજ બજાવતા શૈલેષ ખાંભલાએ એના પત્ની નયનાબેન અને બે માસૂમ બાળકો ની ઓશીકું દબાવી હત્યા કરી પોતાના ઘરની નજીક ત્રણેય લાશોને ખાડામાં દાટી ગઈ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. આ બનાવની તપાસ ભાવનગર પોલીસ અધિક્ષક દ્વારા એલસીબીને સોંપાતા એલસીબી તેમજ ભરતનગર પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતા ગુમ થયાની ફરિયાદ કરનાર શૈલેષ ખાંભલા ખુદ હતિયારો નીકળ્યો છે અને પોલીસે કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

ભાવનગર શહેરના તળાજા રોડ ઉપર ફોરેસ્ટ કોલોનીમાં રહેતા શૈલેષ ખાંભલા એ તેના પત્ની અને બે બાળકોની હત્યાની ઘટના બનતા સમગ્ર સમાજ તેમજ રબારી સમાજ દ્વારા આરોપી સામે ફિટકાર વર્ષાવી છે. પોલીસે આજે આરોપીને આરોપીને કોર્ટમાં રજૂ કરતા સમાજના લોકો ભાવનગર કોર્ટ ખાતે પહોંચ્યા હતા અને ફાંસી આપો ના નારા લગાવ્યા હતા.

ભાવનગર શહેરમાં પત્ની અને બે માસૂમ બાળકોની હત્યાના ગુનામાં પોલીસે આરોપી પતિ શૈલેષ ખાંભલા ને ઝડપી લીધો હતો.જે બનાવમાં આરોપીના પિતા ભગવાનભાઈ બચુભાઈ એ વીડિયો મારફતે કહ્યું હતું કે આ બનાવથી મારા પરિવારનો પંખીડાનો માળો વિખાઈ ગયો છે મારો દીકરો શૈલેષ અથવા અન્ય કોઈ આરોપી આમાં સામેલ હોય તો તેને સમાજમાં દાખલો બેસાડવા કડકમાં કડક સજા કરવામાં આવે તેની માગ કરી હતી. ■

# માંડવીના પીપરી ગામમાં થ્રેસર મશીનમાં ખેંચાઇ ગયેલી મહિલા શ્રમિકનું કમકમાટીભર્યું મોત

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છના માંડવી તાલુકાના પીપરી ગામ ખાતે આવેલી એક વાડીમાં મગફળીના પાકને લગતા કાર્ય દરમ્યાન થ્રેસર મશીન હેઠળ આવી જવાથી સીમા દિનેશ સંઘાર નામની ૨૯ વર્ષીય પરિણીત મહિલાનું ગંભીર ઈજાના પગલે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજતાં અરેરાટી પ્રસરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, માંડવી તાલુકાના પીપરી વાડી વિસ્તારમાં રહેતા સીમાબેન વાલજી બુઢ્ઢા સંઘારની વાડીએ તૈયાર મગફળીને કાઢવા મજૂરી કામે ગયા હતા. આ વેળાએ થ્રેસર મશીનમાં આકસ્મિક રીતે ખેંચાઈ જવાથી તમને ગળા તથા ડાબા પડખાના ભાગે ગંભીર પ્રકારની ઈજા પહોંચતાં તેમનું સારવાર મળે તે અગાઉ છેલ્લા શ્વાસ લીધા હતા. ■

# સાયબર ફ્રોડના શિકાર બનેલા અમરેલીના લોકોના પૈસા પોલીસ પરત અપાવી રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ સમગ્ર રાજ્યમાં સાયબર ફ્રોડની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. અમરેલી જિલ્લામાં ૧૧ મહિનામાં નાગરિકોએ આઠ કરોડ જેટલી રકમ સાયબર ફ્રોડમાં ગુમાવી હતી. જોકે પોલીસે ૭૦ લાખ જેટલી રકમ પરત અપાવી છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા ૧૧ માસ દરમિયાન નોંધાયેલા ૧૨૦૦ કેસમાં કુલ આઠ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. આ ફરિયાદોના આધારે સાયબર ક્રાઈમ પોલીસે અલગ અલગ ટીમો બનાવી ગુનાઓ ડિટેક્ટ કરવા અને નાણાં પરત અપાવવા માટે કામગીરી શરૂ કરી છે.

જિલ્લા પોલીસે અત્યાર સુધીમાં ૭૦ લાખ રૂપિયા જેટલી રકમ અરજદારોને પરત અપાવવામાં સફળતા મેળવી છે. અત્યાર સુધીમાં ૪૨ જેટલી રૂબરૂ ફરિયાદો પણ પોલીસ દ્વારા નોંધવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર અલગ-અલગ રીતે લોકો સાથે સાયબર ફ્રોડની ઘટના બને છે. જેમાં વધારે પૈસા કમાવાની ઓફર સાથે એપીકે ફાઈલ મોકલી લોકોના પૈસાની ઉચાપત થઈ જવાના કિસ્સાઓનો સમાવેશ થાય છે.

સોશ્યલ મીડિયામાં ગમે તે લિંક પર ક્લિક કરવું, ગમે તે ગ્રૂપમાં જોઈન થવું, આવું કરવાથી તમારી કેટલીક માહિતીઓ આ ફ્રોડ કરનારા પાસે પહોંચી જાય છે અને તેઓ આરામથી ફ્રોડ કરી લેતા હોય છે.

પોલીસ દ્વારા લોકોને આમ કરવાથી બચવાની સલાહ આપવામાં આવી હતી.

જોકે માત્ર અમરેલીમાં જ નહીં, સમગ્ર ગુજરાતમાં સાયબર ફ્રોડના કેસ સતત વધી રહ્યા છે અને લોકોના નાણાં એક ઝટકામાં ઉઠાવી લેવામાં આવે છે.

લોકોએ સતત સતર્ક થવાની અને કોઈપણ પ્રકારની લોભામણી ઓફરની લાલચમાં ન આવવાની તેમ જ અજાણ્યા વ્યક્તિનો વિશ્વાસ ન કરવાની સલાહ પોલીસ આપે છે. આ સાથે જો તમારી સાથે આવી કોઈ ઘટના ઘટે તો સીધો પોલીસનો સંપર્ક સાધવાની અપીલ પણ પોલીસ કરે છે. ■

# રાજકોટના હૃદય ગણાતા રેસકોર્સ વિસ્તારના રંગરૂપ બદલશે મનપા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના સૌથી મોટા આકષર્ણનું કેન્દ્ર ગણાતા રેસકોર્ટ ગ્રાઉન્ડ અને આસપાસના વિસ્તારોની તસવીર બદલાશે, તેવી તૈયારી મહાનગરપાલિકા કરી રહી હોવાનું સૂત્રો દ્વાાર જાણવા મળ્યું હતું.

આ પ્રોજેક્ટ દ્વારા રેસકોર્સ માત્ર હરવાફરવાનું નહીં, પરંતુ આધુનિક અને સુવિધાસભર જગ્યા બનાવવાનો છે. જે રાજકોટમાં રહેતા અને રાજકોટ આવતા લોકો માટે સૌથી સુરક્ષિત અને શાંતિમય સ્થળ બની રહે. આ માટે પાલિકાએ રૂ. ૫૦ કરોડનો ખર્ચ કરવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

આ પ્રોજેક્ટનો માસ્ટરપ્લાન બની રહ્યો છે, જે અનુસાર ગાર્ડન બનાવવામાં આવશે, સ્પોર્ટ્સ સેન્ટર, બનાવાશે અને ટ્રાફિકથી મુક્ત આ વિસ્તાર બની રહે તેવો પ્લાન બની રહ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ સાથે રાજકોટ મનપા વર્કિંગ વુમન્સ હોસ્ટેલ પણ બનાવી રહી છે, જેના ટેન્ડર બહાર પાડવામા આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સુરેન્દ્રનગરમાં ખેલકુંભ દરમિયાન ટેનિસ રમતા પોલીસકર્મીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં અમદાવાદની યુવતી સ્ટેજ પર લેક્ચર આપ્યા બાદ જ ઢળી પડવાની ઘટનાના બીજા જ દિવસે સુરેન્દ્રનગરમાં એક પોલીસકર્મી ખેલકુંભના કાર્યક્રમ દરમિયાન જ મૃત્યુ પામ્યાની ઘટના બહાર આવી છે. ગાંધીનગર એસઆરપીમાં ફરજ બજાવતા પોલીસકર્મી તુલસીદાસ વૈષ્ણવનું લોંગ ટેનિસ રમતી વખતે જ હૃદયરોગના હુમલાથી નિધન થઈ ગયું હતું. મૂળ પાટડીના રહેવાસી પોલીસકર્મી દર વર્ષે રમતોમાં ભાગ લેતા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

શહેરના જવાહર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે લોંગ ટેનિસની રમત ચાલી રહી હતી અને રમતા રમતા અચાનક રાઘવદાસ વૈષ્ણન ઢળી પડ્યા હતા. તાત્કાલિક ૧૦૮ બોલાવવામાં આવી હતી અને તેમને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હૉસ્પિટલમાં તેમને તાત્કાલિક સારવાર મળી હતી, પરંતુ તેમનો જીવ બચી શક્યો ન હતો. આ ઘટનાએ સૌને શોકમાં નાખી દીધા છે. ■

# ભાવનગરના ગોપનાથ નજીક ત્રણ વ્યક્તિને મધમાખીઓએ ડંશ દીધાઃવૃદ્ધા ગંભીર

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ જિલ્લાના તળાજાના ગોપનાથ નજીક રેલીયા ગામના રહીશો વાડીએ હતા એ સમયે ત્રણ વ્યક્તિને મધમાખીઓના ઝુંડએ ડંશ દેતા તમામને ૧૦૮ દ્વારા અહીંની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં વૃદ્ધાને વધુ સારવારની જરૂર હોય ભાવનગર રિફર કરવામાં આવ્યાં છે.

મળતી માહિતી મુજબ, રેલીયા ગામના ખેડૂત પરિવારના નંદુબેન ધનજીભાઈ (ઉ.વ.૮૫), અમિત ગોબરભાઈ (ઉ.વ.૧૦) અને ગોબર ધનજીભાઈ (ઉ.વ.૫૫) ને ઝેરી કહી શકાય તેવી માખીઓના ઝુંડ કરડી જતા ત્રણેયને સારવાર અર્થે તળાજા લાવતા અહીંની સરકારી હૉસ્પિટલમાંથી નંદુબેન ને વધુ સારવાર ની જરૂર જણાતા ભાવનગર રીફર કર્યા છે. ■